જૂન, ૨૦૧૫

# પાવન હૃદય દૂત

મૂળ સામયિકની સ્થાપના: ૧૯૧૧
વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/-



"પર્યાવરણ સુરક્ષા માનવજાત માટે અનિવાર્ય છે, આ નૈતિક જવાબદારી સૌની સહિયારી છે." – વડાધર્મગુરુ ફ્રાન્સિસ




# લગ્નજીવનની ૫૦મી વર્ષગાંઠ



**ઈન્દુબેન પાઉલભાઈ મેકવાન** **પાઉલભાઈ બી. મેકવાન**

લગ્ન તારીખ: ૧૪-૦૬-૧૯૬૫ – ૧૪-૦૬-૨૦૧૫


વ્હાલાં પપ્પા-મમ્મી,

આપના લગ્નની સુવર્ણજયંતી નિમિત્તે આપને અમારા સૌના હાર્દિક અભિનંદન.

જીવનમાં સ્વકેન્દ્રી આનંદ ન જોતાં, અગવડતામાં સગવડતા કરી શૂન્યમાંથી સર્જન કરી બાળકોને પણ શિક્ષણ અને કેળવણી તરફ દોરી ગયા. આમ, પ્રભુના આશીર્વાદથી લગ્નજીવન સાર્થક રીતે જીવ્યા. કારણ, તમે બે વ્યક્તિ એકબીજામય બની જઈ અને મારું તારું નહીં પણ સહિયારું ગણ્યું અને તેનો આનંદ આજે આપ માણો છો. અમ સર્વને બંધનમાં રાખીને પણ સ્વતંત્રતા શીખવી. અમારા જીવનને પણ કંડારી આપવામાં તમે મહત્ત્વનો ફાળો આપેલ છે.

આવા અમારા માતા-પિતાને અમ સર્વ તરફથી ખૂબ ખૂબ અભિનંદન. ઈશ્વરપિતાને પ્રાર્થના કે તમ બન્નેને લાંબુ અને તંદુરસ્તીમય જીવન આપે એવી અભિલાષા સાથે.




**અશ્વિન - શિલ્પા**
**સ્વેલીન - સુહાન**
**(બીટ્ટુ - મીટ્ટુ)**

**સ્નેહલ - રૂપલ**
**શેરીન - રેયાન**
**(જીલ)**

**સંકેત - રચના**

**સ્મિતા - જયંત**
**જયસ્મિત**

**જયશ્રી - મનોજ**
**જયમીન**

નવજીવન કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ
**"મેક સર્વિસ ઈન્ટરનેશનલ કુરીયર"** મો: ૯૮૨૫૮ ૨૪૩૬૦

**Publisher's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
જસવંત મેકવાન (મો: ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રી:**
શૈલેષ ક્રિસ્ટી (મો: ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
ફાધર રત્નાસ્વામી

**જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**લવાજમ:** બિનલ પી. મેકવાન

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન



# અનુક્રમણિકા

**તંત્રીલેખ**
પ્રકૃતિસંગ ✧ જસવંત મેકવાન ૫

**કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા)** ૮
નટુભાઈ વાઘેલા ✧ રજનીકાંત જોસેફ રાઠોડ ✧ સવિતાબહેન પરમાર ✧ બાસીલ મેકવાન 'શૈલ' ✧ બકુલ મેકવાન

**તમારો પત્ર** ૯
શાંતિલાલ મેકવાન ✧ અમિત ચૌહાણ ✧ રમણ ગાલ્લુસ મેકવાન ✧ રંજના મેન્યુઅલ મેકવાન ✧ જયંતીભાઈ પી. શાહ ✧ સિસ્ટર અલ્કા આર. પરમાર

**લેખો**
પૂજ્ય હૃદયની ઉપાસનનો આરંભ ✧ અનુ: બકુલ મેકવાન ૧૧
શરણાર્થી અને નિરાશ્રિત : એક પડકાર ✧ બ્ર. સંદેશ ગોન્સાલ્વેસ એસ.જે. ૧૪
આહ્વાન : ✧ સંકલન : સહતંત્રી ૧૬
'બચપન બચાવો' ✧ શૈલેષ ક્રિસ્ટી ૨૪
'તારા પિતા કોણ?' ✧ ધર્મબંધુ થોમસ પી. એમ.સી. ૨૫
નિસર્ગ સંગ સત્સંગ ✧ આગ્નેસ વાઘેલા ૨૬

**કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન)** ૨૯-૩૨


શ્રદ્ધાંજલિ ✧ સિસ્ટર પ્રિસિલ્લા એલ.ડી. ૩૩
એક વિશ્વ : સમાન પર્યાવરણ ✧ રાજેશ ક્રિશ્ચિયન ૩૪
સ્નાનસંસ્કારક સંત યોહાન ✧ વિક્ટર ક્રિસ્ટી ૩૬
ઈકોલોજી મિશન ✧ ફાધર રાપ્પાઈ પૂત્તોકરણ ૩૮

**પંખીની પાંખે (સંપાદક: શૈલેષ ક્રિસ્ટી )** ૫૧

**આવરણ:**
આસિસીના સંત ફ્રાન્સિસ 'પર્યાવરણ પ્રેમી' તરીકે ધર્મસભામાં જાણીતા છે. આ વર્ષ કોપાયમાન કુદરતના કારમા ઉનાળાની ગરમ લૂને કારણે કેટલાક જાન ગુમાવ્યો છે, ત્યારે પર્યાવરણ સુરક્ષા માટે સભાન બનીએ, સંપર્કમાં આવનારને જાગ્રત કરીએ.


**'પર્યાવરણ બચાવો, પર્યાવરણ માનવાજાત-સમગ્ર સજીવ સૃષ્ટિને બચાવશે.'**

આ અંકમાં અને કિશોરમિત્રમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્ય: ગુગલ




"ઈસુનું પૂજ્ય હૃદય, પરમેશ્વરની અસીમ, દયાનું પ્રતીક છે પણ આ કંઈ કાલ્પનિક પ્રતીક નથી, એ તો વાસ્તવિક પ્રતીક છે. ધર્મસભાનું કેન્દ્રબિંદુ છે જ્યાંથી સમગ્ર માનવજાત માટે તારણનું શાશ્વત ઝરણું વહ્યા કરે છે."

## ગુજરાતના
## કેથલિકોનું સર્વાંગી માસિક



✟ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✟ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✟ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમયઃ

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### એપ્રિલ, ૨૦૧૫ 'દૂત' અંકથી જાહેરખબરના નવા દર

| | |
|---|---|
| છેલ્લું કવરપેજ | : રૂા. ૧૨,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ: | રૂા. ૧૧,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૭,૨૦૦ |
| અર્ધું પેજ | : | રૂા. ૩,૬૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૮૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૬૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું
પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**



# તંત્રીલેખ

## પ્રકૃતિસંગ

'ખેતીનો પાક નિષ્ફળ જતાં, ખેડૂતે કરેલી આત્મહત્યા'ના સમાચાર તો હવે રોજબરોજની સામાન્ય ઘટના બની ગઈ છે! પણ સૌરાષ્ટ્રમાં ખેડૂતની આત્મહત્યા બાદ, ખેડૂતપત્નીએ પતિનું માથું ખોળામાં લઈ અગનપિછોડી ઓઢી દીધી એ વાતે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે! તત્કાળ અને તલભાર દિલાસો દેનારા દોડી જાય, સહાય માટેની જાણે બોલી બોલાય અને એમ માનવજીવનની જાહેરમાં હાંસી થતી આપણે ક્યાં સુધી જોઈ રહીશું? 'ખેતી આજે કેમ ફજેતી' બની ગઈ છે તેના અને તત્કાલીન અનેક સમસ્યાઓના મૂળ સુધી કોણ, ક્યારે, કેવી રીતે પહોંચશે? તેનો તાગ મેળવવા કાગળ કામ, રોજકામ થાય છે ને પછી ફાઈલ અભરાઈએ! પરંતુ તેના મૂળ શોધી, તેનું નિરાકરણ કરવા, જનમાનસમાં પરિવર્તન લાવવાની હામ કોણ ભીડશે?

છેલ્લા કેટલાંક વર્ષમાં, આપણે કુદરતી અને માનવસર્જિત અણધારી આફતોના ભોગ બનતા રહ્યા છીએ. આ વર્ષે તો ભારતમાં - ગુજરાતમાં ઋતુ જેવું કંઈ રહ્યું જ નથી! કાળે ઉનાળે કરાનો વરસાદ! યુગોના યુગો સુધી સૌહાર્દ સખા બનેલી આ પ્રકૃતિ આમ અચાનક રૌદ્રરૂપ ધારણ કરે તો...' નિશ્ચિતપણે ક્યાંક સમતોલનપણું ખોરવાયું છે! ગરબડ ઉભી થઈ છે! કલ્પવૃક્ષ, નંદનવન અને સ્વર્ગ માત્ર અલૌકિક જ રહ્યાં છે, તેનું ધરતી પર અવતરણ કોણ કરશે? આપણાં ગામડાં અનેક દૂષણોને કારણે અને આપણાં નગર દૂષણ ઉપરાંત પ્રદૂષણને કારણે જીવતાં નર્કાગાર બની રહ્યાં છે!

'મુંબઈનગરી' (છંદોલય) વિશેનાં કાવ્યમાં કવિ નિરંજન ભગત સખેદ નોંધે છે -

'આ ન શહેર, માત્ર ધ્રુમના ધૂવાં; રુંધાય જવાં, મનુષ્યનાં રુવે રુવાં,

અહીં સદાય મ્લાન સર્વનાં મુખો, ન સ્વપ્નમાં ય જેમને રહ્યાં સુખો!

અમદાવાદ જેવી ઔદ્યોગિક વસાહતોની ચોમેરની જમીનમાં પ્રદૂષણ એટલું વ્યાપક બની ગયું છે કે હવે કૂવાઓ ઝેરી પાણીના ઝરા બની ગયા છે. ગટરોનાં ઉભરાતાં રસાયણયુક્ત પાણીએ નગરવાસીઓને ચામડીના રોગની દક્ષિણા આપી છે. અરે ગટરના ઝેરી ગેસ ગળતરથી છેલ્લા વર્ષમાં અનેક શ્રમજીવીઓ પોતાના ખોરડામાં જ ગૂંગળાઈ મર્યા છે! રોજબરોજના ખોરાકમાં વપરાતાં શાકભાજીઓમાં, દૂધમાં, ખાદ્યતેલમાં, ડી.ડી.ટી. અને ઝેરી દવાઓનું ચિંતાજનક પ્રમાણ, હોવાનું તારણમાં બહાર આવ્યું છે! ક્યાંક સ્વાર્થી ઉદ્યોગપતિઓ ડિટરજન્ટ, તેલ અને યુરિયા-રાસાયણિક ખાતરમાંથી 'દૂધ' બનાવી ખિસ્સાં ભરી, માનવજાતને ખોખલી કરે છે! સવારે-સાંજે શહેરોમાં ને ઉપનગરોમાં ભારે પ્રદૂષણને કારણે વાતાવરણ ધૂંધળું બની જતું હોય છે! જો હવે તો આકાશ પણ તેજાબી વરસાદ વરસાવે તો નવાઈ નહીં! એકવીસમી સદી હવે વસમી સદી, બની રહી છે, તેનાં કારણ આપતાં 'ગુજરાત તરુમિત્ર'નાં રાજુ દીપ્તિ 'હરિયાળુ નગર' પુસ્તિકામાં ચેતવણી આપતાં કહે છે: 'આજે અનેક પ્રકારની પર્યાવરણીય સમસ્યાઓએ પૃથ્વી પરની સમગ્ર જીવનસૃષ્ટિના અસ્તિત્વ સામે ખતરો ઉભો કર્યા છે. વનવિનાશ, જમીનની ફળદ્રુપ માટીનું ધોવાણ, હરિયાળી ક્રાંતિના પગલે આવેલા રોકડિયા પાક, સંકર બિયારણ, રાસાયણિક ખાતર, વધુ પડતી સિંચાઈ, ઝેરી જંતુનાશકોના કારણે ઘટતી જતી જમીનની ફળદ્રુપતા, ખોરાકમાં ઝેર, સાગર કાંઠાથી થઈ રહેલી સમુદ્રની ખારાશનું આક્રમણ, આગળ વધતું રણ, ભૂગર્ભ જળ ભંડારો ખાલી થવા, જમીન, પાણી તથા વાયુ પ્રદૂષણ, વધતું જતું ઉષ્ણતામાન ઋતુપરિવર્તનમાં અનિયમિતતા, ઓઝોન કવચમાં પડેલું ગાબડું, બળતણ-ઘાસચારાની તંગી, જૈવિક વિવિધતાનો થઈ રહેલો નાશ, વસ્તીવિસ્ફોટ અને વકરતો જતો વપરાશવાદ - એ બધા એવા પર્યાવરણીય સવાલો છે કે તેના પ્રત્યે આંખ મિચામણા કરે હવે ચાલશે નહીં.' એટલે હવે 'જાગ્યા ત્યાંથી સવાર' ગણી, વધારે પડતું મોડું થાય તે પહેલાં પ્રકૃતિસંગ માટે પાછા ફરવાની તાતી અનિવાર્યતા ઉભી થઈ છે! આ ચેતવણીને ઉવેખીશું તો ધરતીને અને સજીવ સૃષ્ટિને ક્યારેય ન ભરપાઈ કરી શકાય તેવું નુકસાન આપણે કરીશું. ભાવિપેઢીની માફી માગવા પણ યોગ્યતા રહેશે નહીં!

ભારતીય સંસ્કૃતિમાં તો પ્રકૃતિ માનવજીવનનું અભિન્ન અંગ હતું. વેદકાલીન સાહિત્ય તો પ્રકૃતિની પૂજા હોય એમ લાગ્યા વિના ન રહે! પુરાણોમાં વૃક્ષ વાવનારનાં વરદાન અને વૃક્ષ કાપનારની સજાની જોગવાઈ જોવા મળે છે. આર્યસંસ્કૃતિના ચિત્રોમાં 'ઘટાદાર વૃક્ષ નીચે આરામ ફરમાવતો માનવ' અને 'વાઘથી બચવા વૃક્ષનો સહારો લેતો માનવ' જેવાં ચિત્ર વૃક્ષસંગ વિશે ઘણું કહીં જાય છે. સમ્રાટ અશોકે પોતાનાં સંતાનોને 'બોધિવૃક્ષ'ના રોપા લઈ પૂર્વના દેશમાં મોકલ્યાની માહિતી છે. રામાયણ અને મહાભારતના બહુધા પ્રસંગમાં વનરાજીનું વર્ણન છે. સંસ્કૃત સાહિત્યમાં કુદરતના વૈભવને સહજ સ્થાન મળ્યું છે. નોબલ પ્રાઈઝ વિનર, કવિવર રવીન્દ્રનાથ ટાગોરે 'વસન્તયાપન' નિબંધમાં માનવજાતનું મૂળ શાખાયુગ

(વાનર) કરતાં આગળ શાખી (ડાળી)માં ગણાવ્યું છે, એટલે તેને પ્રકૃતિ વિના ચાલવાનું નથી જ! અત્યાધુનિક નિબંધકાર ભૂપત વડોદરિયા 'વર્ષા તૈયારી રાહ જુએ છે' નિબંધમાં પ્રકૃતિસંગથી જ માણસનું વ્યક્તિત્ત્વ નક્કર બને છે, તે સમજાવ્યું છે.

'સંપૂર્ણ બાઈબલ'માં ઉત્પત્તિના ગ્રંથથી માંડી અનેક ઠેકાણે કુદરતનો સંદર્ભ જોવા મળે છે. નવા કરારમાં પણ ઘટનાઓમાં - દૃષ્ટાંતોમાં પ્રકૃતિ આવે છે.

ઈશ્વરે પૃથ્વી સર્જી અને 'બધું ખૂબ જ સારું લાગ્યું' (ઉત્પત્તિ ૧:૩૧). કુદરત (આકાશ, ભૂમિ, સાગર અને પશુપક્ષીઓ) પ્રત્યે ઈશ્વરનો આદર અહીં છે. સ્વની પ્રતિકૃતિરૂપ માનવનું સર્જન પણ ઈશ્વરના સર્જન, સૃષ્ટિનું એક અંગ જ છે. પ્રભુ પરમેશ્વરે માણસને એદન બગીચાને ખેડવા અને સંભાળવા મૂક્યો. (ઉત્પત્તિ : ૨-૧૫) તેને ભ્રષ્ટ કરવા કે નાશ કરવા નહીં! માનવજાતની ભ્રષ્ટતાથી દુઃખી બની, તમામ સર્જનને જળપ્રલયથી ભૂંસી નાખવાના અને નવસર્જનના ઈરાદાથી નૂહને વહાણ બનાવી તેમાં તેના પરિવારને તેમજ દરેક જાતનાં પ્રાણીઓની એક જોડ (નર અને માદા)ને લેવાનો આદેશ કર્યો હતો. જૂના કરાર સુધી જ ઈશ્વરનો પ્રેમ સીમિત રહેતો નથી. નવા કરારમાં, માનવજાતની મુક્તિ અર્થે ઈશ્વરપુત્રને મોકલી આપી માનવ પ્રત્યેના પ્રેમની ખાતરી કરાવે છે. "ઈશ્વરને જગત પર એટલો તો પ્રેમ હતો કે તેણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એનામાં શ્રદ્ધા રાખે તે નાશ ન પામે, પણ શાશ્વત જીવન પ્રાપ્ત કરે." (યોહાન ૩:૧૬).

ઈશ્વરપુત્ર, ભગવાન ઈસુનો કુદરતસંગ પણ ક્યાં અજાણ્યો છે! કલાકો સુધી ડુંગરાઓ,વનરાજીઓ, સરોવરમાં ભ્રમણ કરતા, પ્રાર્થના કરતા, લોકોને ઉપદેશ આપતા. કુદરતની આત્મીયતા તેમના ઉપદેશ દરમિયાન તેમનાં ઉદાહરણોમાં અનાયાસ ઉતરી આવતી. પ્રારંભની ખ્રિસ્તી પરંપરાઓ, ખ્રિસ્તની પર્યાવરણસંવેદનાની સમજના રહસ્યને છતી કરે છે. તેઓ હમેશાં આદર્શ પ્રકૃતિસંગી તરીકેની ઓળખને વફાદાર રહ્યા હતા. પયગંબર યશાયાના મુખે ઉચ્ચારેલી પ્રાર્થના 'ઓ આકાશ, ઉપરથી વરસાવ, ઓ વાદળ ધર્મને વહાવો! ધરતી ઉઘડીને એને ઝીલી લેવા મુક્તિના અંકુર ફૂટી નીકળો, ન્યાયનાં ફૂલ ખીલી ઉઠો! (યશાયા : ૪૫-૮)ની પૂર્તિ ઈસુના જીવનમાં જોવા મળે છે. અંત્યોખના સંત ઈગ્નાસ, સંત ઈરનેયુસ અને સંત બેનેદિક્તના જીવનમાં પર્યાવરણ આધ્યાત્મિકતાનો ઉન્માદ જોવા મળ્યો છે.'બીજી સદીના અંત્યોખના સંત ઈગ્નાસે તો ઘોષણા કરી હતી કે, 'સર્જન તો મંત્રમુગ્ધ કરનાર પરમેશ્વરની માહિતીનો ગ્રંથ છે.' તેમણે ઈસુના અનુયાયીના જીવનને ધરતી અને પર્યાવરણ સાથે સહજતાથી સાંકળી બતાવ્યું હતું. 'માનવજાતની પ્રાથમિક જરૂરિયાત પ્રમાણેના વાનાં જ આ ધરતી પેદા કરતી નથી પણ ઈશ્વરપુત્રના માનવઅવતાર માટે ખોળો પણ પાંથરે છે.' એમ બિન્ગેનના સંત હિલદગોડે!' નોંધ્યું છે.

મધ્યયુગ(૧૧૮૨-૧૨૨૬)માં આસ્સિસીના સંત ફ્રાન્સિસે કુદરતના ખોળે, પરમાત્માના સાક્ષાત્કારની વાત એરણે મૂકી હતી. સજીવસૃષ્ટિ તેમને ભાઈભાંડુ જેવી લાગે છે. પ્રભુત્વ સિદ્ધ કરવાના, ભૌતિકવાદના આ વિશ્વમાં પર્યાવરણ મૈત્રીના પડકારને ઝીલીને, કુદરત સાથે બંધુત્વની ભાવના વિકસાવવા પ્રેરણા આપે છે. બગીચાની વાડમાં જંગલી ઘાસ ઉગી નીકળે અને ફૂલ ખીલી ઉઠે એટલા માટે વાડનું રખોપુ કરવા સાથીઓને આગ્રહ કરતા હતા.

ડુવામીશ ઈન્ડિયન્સ પ્રજાના વડા ચીફ સીઆટલે ૧૮૫૪માં અમેરિકન સરકારને એક પત્ર પાઠવ્યો હતો, તેમાં પ્રજાનો પ્રકૃતિ પ્રેમ નિખાલસપણે વ્યક્ત થયો છે : અમે બરાબર જાણીએ છીએ અને પૂરેપૂરા સભાન છીએ કે માણસ ધરતીનો માલિક નથી. પણ ધરતી એની માલિક છે. એના ઉપર જે કંઈ છે ને વસે છે તે સઘળું પરસ્પર જોડાયેલું-બંધાયેલું-સંકળાયેલું છે અને શરીરમાં ભ્રમણ કરતા લોહીની જેમ સહુને એક કડીએ જોડી રાખે છે. માણસે જીવનને વણ્યું નથી. એ તો એ વણાટનો એક તાર છે. એટલે જીવનને એ જે કંઈ કરે તે વસ્તુતઃ એને પોતાને જ કરે છે. અર્થાત્ જીવન સાથેનું એનું કશું પણ અડપલું વાસ્વતમાં એની પોતાની જાત સાથે કરવામાં આવતું અડપલું છે.' અફસોસની વાત છે કે, આપણામાંના મોટાભાગના મનુષ્ય, પર્યાવરણના સર્વાંશે ધ્વંશના ખતરાથી હજુ સુધી અજાણ છે કે બેપરવાહ છે. ગ્લોબલ વોર્મિંગને કારણે આબોહવામાં થતા ફેરફારોએ ધરતીને હવે માનવવસવાટ માટે જાણે જોખમી બનાવી દીધી છે.

નદીઓમાં અણધાર્યા પૂર, વાવાઝોડું, ધરતીકંપ, ત્સુનામી, દુકાળ, અનિયમિત ચોમાસુ વગેરે ચેતવણી આપે છે કે, કુદરતી ચક્ર ગંભીર રીતે ખોરવાયું છે! માણસની સ્વાર્થલોલૂપતા પર્યાવરણ સમતોલન અને કુદરતના ચક્રને હાનિ કરે છે. ટૂંકમાં કહીએ તો આપણે તેની પુર્નઃ ઉત્પાદન ક્ષમતા કરતાં વધારે ઉતરડીએ છીએ. આપણે ભૂલી જઈએ છીએ કે કુદરત સતત તેની પ્રતિક્રિયા કરતું રહે છે અને આપણે સામૂહિક આત્મહત્યા તરફ ધકેલાઈ રહ્યા છીએ, એટલે સજીવ સૃષ્ટિની આ કટોકટીમાં હવે પર્યાવરણ સંકટ નિવારવા ગંભીર પગલાં ભરવાં જોઈએ. પરમાત્માએ સૃષ્ટિના આરંભથી અગણિત ઉપકાર સમગ્ર સજીવ સૃષ્ટિ પર કીધા છે એટલે આભારવશ અંતરે પર્યાવરણ સુરક્ષા ચળવળમાં જોડાઈએ.

ગુજરાતી સાહિત્યના, જ્ઞાનપીઠ એવાર્ડ વિજેતા, માનવતાવાદી-પ્રકૃતિપ્રેમી કવિ સ્વ. ઉમાશંકર જોષીએ એક કાવ્યમાં વૃક્ષ, પશુ અને માનવને, ધરતીનાં સંતાન તરીકે ઓળખાવ્યાં છે. ધરતી સાથે નાળથી જોડાયેલ વૃક્ષ સૌથી નાનું, ભાંખોડિયાભેર (ચાર પગે) ચાલતું પશુડું અને ટટ્ટાર બે પગે ચાલતો મનુષ્ય સૌથી મોટો ભાઈ, એમ વર્ણવીને કવિએ અન્ય સજીવ સૃષ્ટિની જવાબદારી મોટેરા માનવને શિરે મૂકી છે.

પૂર્વ વડાધર્મગુરુ બેનેદિક્ત સોળમા 'ગ્રીન પોપ' તરીકે જાણીતા થયા હતા. ઈસુના અનુયાયીઓને પરમાત્માની સર્જનની સુરક્ષા માટે તેઓ અનુરોધ કરતા હતા. વર્તમાન વડાધર્મગુરુ ફ્રાન્સિસ, પર્યાવરણ પ્રેમી આસીસિના સંત ફ્રાન્સિસના ચાહક છે. જ્યારે પણ તક મળે ત્યારે પર્યાવરણ ખતરા અને સુરક્ષા માટે જાહેરમાં મત વ્યક્ત કરવામાં પાછી પાની કરતા નથી! ઈસુસંઘીઓએ, સ્થાપક સંત ઈગ્નાસની પર્યાવરણ આધ્યાત્મિકતાને આત્મસાત કરી શ્રદ્ધાળુઓમાં સીંચવા

હવે કેડ બાંધી છે. છેલ્લા ઈસુસંઘના જનરલ ફાધર કોલ્વનબેકે કહ્યું હતું : 'પર્યાવરણના પ્રત્યેક અંગઉપાંગમાં માનવ સર્જકને મળે છે, પરિવેશમાંથી ઈશ્વરની ભલાઈ અનુભવે છે, અને સહજ રીતે આદરભાવે પ્રાત : સ્મરણીય પરમાત્માને વંદન કરે છે.'

પર્યાવરણ સુરક્ષા માટે ઘરેલુ, સામુહિક કે સંસ્થાકીય સૂચન ઉપયોગી બનશે, જો આપણે તેમ કરીશું તો...

- પાણી અને વીજળીનો કરકસરયુક્ત ઉપયોગ કરીએ.
- પાણી પીવાનો પ્યાલો છલોછલ ન ભરીએ, અડધાથી ઉપર ભરીએ, જરૂર પડે તો બીજીવાર ભરીએ.
- એ જ પ્રમાણે બાલદી કે ડોલ પુરેપુરી ન ભરીએ, ચારેક આંગળી ઓછી ભરીએ. ઉંચકતાં કે વાપરતાં, વ્યર્થ પાણી વેડફાતું બચાવી શકીએ.
- શાકભાજી ધોયા પછીનું પાણી બગીચામાં નાખી શકીએ. એ જ પ્રમાણે આર.ઓનું અશુદ્ધ પાણી, બીજા કોઈ વપરાશમાં લઈ શકીએ.
- નળ થોડો જ ખોલીએ, ચાલુ નળે હાથ મોં ધોવાને બદલે જગમાં પાણી લઈ ઉપયોગ કરતાં, પાણી બચાવી શકીએ.
- ટપકતા નળ બંધ કરીએ, જરૂર પડે તો મરામત કરાવીએ.
- જીવનજરૂરી ચીજવસ્તુઓ સ્થાનિક બજારમાંથી ખરીદી શકીએ. દૂરદૂરાજની વસ્તુઓ ખરીદવાનું ટાળી, ટ્રાન્સપોર્ટનો ખર્ચ બચાવી શકીએ.
- જરૂરિયાત પુરતું રાંધીએ. પ્રત્યેકને માટે અલગ રાંધવાનું ટાળી બળતણની બચત કરી શકીએ.
- રેસ્ટોરન્ટમાં જમવાની આદત ખોરાકના બગાડને પોષનારી છે. હોટલવાળા ગ્રાહકની સુવિધા માટે જરૂર કરતાં વધારે રાંધી રાખે છે. રેસ્ટોરન્ટમાં જમવાની આવશ્યકતા ઓછી કરીએ.
- સસ્તી સુતરાઉ કાપડની, સરળતાથી ધોઈ ઉપયોગમાં લઈ શકાય તેવી થેલીનો ઉપયોગ કરી, પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરીએ.
- ચા-પાણી-ભોજન માટે પ્લાસ્ટિકના પ્યાલા, બોટલ, પ્લેટસને બદલે અન્ય પ્યાલા-થાળીનો ઉપયોગ કરીએ.
- એકબાજુ વપરાયાં હોય તેવાં કાગળની યથા સમયે બીજી બાજુ વાપરીએ. બિનજરૂરી પ્રિન્ટ કરવાનું ટાળીએ.
- ઘરમાં અલગ અલગ લાઈટ-પંખાના ઉપયોગને ટાળી શક્ય હોય ત્યાં એક જ લાઈટ-પંખાનો ઉપયોગ કરીએ.
- જતાં-આવતાં, બિનજરૂરી લાઈટ-પંખાની સ્વીચ બંધ કરવાની આદત પાળીએ.
- સૂર્યશક્તિનો ભરપૂર ઉપયોગ કરીએ.
- સૌર ફાનસ અને સૂર્ય કૂકરનો વપરાશ રોજિંદો બનાવીએ.
- છાત્રાલય, હોસ્પિટલ વગેરેમાં ગરમ પાણી, ભોજન માટે સૂર્યશક્તિ વાપરીએ.
- દિવસ દરમિયાન બારી બારણાં ખુલ્લાં રાખી વીજળીનો વપરાશ ટાળીએ.
- નજીકના સ્થળે જવા માટે વાહનનો ઉપયોગ ન કરીએ. મુસાફરી માટે જાહેર વાહનવ્યવહાર વ્યવસ્થાનો ઉપયોગ કરીએ. કામકાજના કે અન્ય સ્થળે જતાં-આવતાં, વાહનના ઉપયોગમાં કોઈક પરિચિતને ભાગીદાર બનાવીએ.
- રોજ વાહનનો ઉપયોગ કરતા હોઈએ તો એક દિવસ સાઈકલ વાપરીએ કે પગપાળા જઈએ.
- દરેક સુવિધાનો સમજપૂર્વક ઉપયોગ કરીએ. ઉર્જા બચાવીએ, પ્રદૂષણ ઓછું કરીએ.
- જન્મદિવસ, લગ્ન કે અન્ય પ્રસંગની ઉજવણીમાં વૃક્ષ વાવીએ, જતન કરીએ.
- જાહેર સ્થળો-રસ્તાની બન્ને બાજુએ, બગીચાઓ, કાર્યાલય, શાળા, કોલેજ, હોસ્પિટલના પટાંગણ જ્યાં જગ્યા હોય ત્યાં ચોમાસામાં વૃક્ષ વાવીએ, જતન કરીએ.
- સ્વૈચ્છિક સંસ્થાઓ અન્ય જનકલ્યાણની પ્રવૃત્તિઓ સાથે પર્યાવરણ સુરક્ષાના ચળવળને, લોકચળવળ બનાવવામાં આગળ આવે તે માટે સંપર્કમાં રહીએ.

– જસવંત મેકવાન *Email: jasvantmacwan@ymail.com*

**લેખકો/કવિઓ માટે આમંત્રણ...**

**ઓગસ્ટ માસના મહત્ત્વના દિવસો :**

૨ ઓગસ્ટ - ફ્રેન્ડશીપ ડે (ઓગસ્ટનો પ્રથમ રવિવાર)
૬ ઓગસ્ટ - હિરોશીમા દિન
૯ ઓગસ્ટ - વિશ્વ આદિવાસી દિન
૧૨ ઓગસ્ટ - વિજ્ઞાન ઉત્સવ દિન
૧૫ ઓગસ્ટ - સ્વતંત્રતા દિન
૧૮ ઓગસ્ટ - પતેતી
૧૯ ઓગસ્ટ - વિશ્વ ફોટોગ્રાફી દિન/ગ્રંથપાલ દિન
૨૦ ઓગસ્ટ - સદ્‌ભાવના દિન
૨૫ ઓગસ્ટ - રાષ્ટ્રીય નેત્રદાન પખવાડિયાનો પ્રારંભ
૨૬ ઓગસ્ટ - વિશ્વ હોસ્ટેલ દિન
૨૯ ઓગસ્ટ - રક્ષાબંધન
૩૧ ઓગસ્ટ - સ્થાનિક સ્વશાસન દિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૪ ઓગસ્ટ - વિયેનાના સંત જોન
૫ ઓગસ્ટ - માતા મરિયમના મહામંદિરનું પ્રતિષ્ઠાપન
૬ ઓગસ્ટ - ઈસુનું દિવ્યરૂપ દર્શન
૯ ઓગસ્ટ - પ્રિઝન મિનિસ્ટ્રી સન્ડે
૧૪ ઓગસ્ટ - સંત મેક્ષિમિમિયન કોલ્બે
૧૫ ઓગસ્ટ - માતા મરિયમનું ઉદ્‌ગ્રહણ
૧૬ ઓગસ્ટ - જસ્ટિસ સન્ડે
૨૨ ઓગસ્ટ - વિશ્વરાજ્ઞી માતા મરિયમ
૨૪ ઓગસ્ટ - સંત બર્થોલ્મી
૨૯ ઓગસ્ટ - સ્નાનસંસ્કારક યોહાનની શહાદત.

**૫ જુલાઈ, ૨૦૨૫ સુધી લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને મોકલવા વિનંતી.**

# કાવ્યધારા



## હવે શા માટે?

પ્રકાશ માટે ટીપું તેલ, દોહ્યલું,
હવે દીપમાળ શા માટે?

અપરાધીઓને ક્ષમા કરજો,
દંડ કરો છો શા માટે?

મેં કહેલું 'કાજી ન બનશો',
ન્યાય કરો છો શા માટે?

દીન-દુઃખીઓની સેવા કરજો,
ટ્રસ્ટ રચો છો શા માટે?

સુજલામ્ સુફલામ્ સૃષ્ટિ દીધી,
ભ્રષ્ટ કરો છો એને શા માટે?

સ્વર્ગ પડ્યું નથી એમ રેઢું,
ખોટી જીદ કરો છો શા માટે?

— નટુભાઈ વાઘેલા

## સાચું જીવન

મરણ પામેલો જોઈ
મને દફનાવશો નહીં,
પુનઃ જીવનમાં માનનારો
હું જીવિત છું.
રોક્કળ અને વિલાપ સમી
જિંદગીના દ્વારે,
બની શકવા
પૂરતું માત્ર સ્મિત છું.
સંચર્યો જીવનમાં
ફરી ફરી જુદે સંદર્ભે,
છતાં રચાતા
ઈતિહાસની એક વાત છું.
ભટક્યો ચાહવા અનેકને,
કોઈ ના મળ્યું
જિંદગી જીવ્યો છું,
પામવા એક પ્રીત!

— રજનીકાંત જોસેફ રાઠોડ

## હવે

સરિતાનાં જળની જેમ,
છે અવિરત વહેવું...
પહાડોની આડશ
જો હટી જાય હવે.
ચાંદનીના રેશમને
છે ઓઢી મ્હાલવું
ઘટાટોપ વાદળ
જો વિખરાઈ જાય હવે
કંઈ કેટલાંય શમણાં
રહ્યાં આ ઊગી,
મોકળું એક મેદાન
જો મળી જાય હવે.
ગ્રામ્ય જડ બંધનોમાં
જકડાઈ તારી જિંદગી,
એક બળુકા પ્રહારે,
તૂટી જાય સઘળાં હવે.
વર્ણ-ભેદના કાળા વીંછીઓ
ડંખે દીન મનુજને,
યુગોના એ સડાને
કો'ક મરહમ મળી જાય હવે.

— સવિતાબહેન પરમાર

## નથી ચાલવાનું

હું કહું તે નથી ચાલવાનું,
તું કહે તે પણ નથી ચાલવાનું!

દુનિયા છે ભૂંડી, રહેશે હરદમ,
તમે કહો તે પણ નથી ચાલવાનું!

'હું' અને 'તું' નહીં અને 'આપણે',
કહીશું સદાયે નથી ચાલવાનું!

વાંકા છે મારગ, પડી છે કંદરાઓ,
કહીશું કે છે ખાડો, નથી ચાલવાનું!


પડી જશો 'શૈલ' આમયે તમે સાવ,
એકલો છું, કહેશો નથી ચાલવાનું!

— બાસીલ મેકવાન 'શૈલ'

## આ માણસ

કથા સાંભળી સેંકડો એણે,
થોથાં જાતભાતનાં ઉથલાવી,
ઉપવાસ, માનતા ને જિંદગી
આખી તપશ્ચર્યા એણે રાખી;
ભજન-કીર્તન ને ગુલાબમાળા,
કશું ના રાખ્યું બાકી;
લગીરે એ ના બદલાયો,
પૂંછે શ્વાન તણી જયમ વાંકી,
લાભ એને મળતો હોય જ્યાં,
નજર એની રહે છે તાકી;
કરતો રહે છે માણસ જિંદગી
આખી સરવાળા - બાદબાકી,
કોઈના રાખ્યા એણે હિસાબ જમા
કોઈના ઉધાર રાખી;
ખર્ચાઈ જાય છે આવી જ વાતમાં
જિંદગી આખેઆખી,
પસ્તાય અંતે ભરપૂર,
અરે! જિંદગી આખી વેડફી નાખી;
આવ્યો એ ધરતી પર
જ્યારે ત્યારે ખુલ્લા હાથ રાખી,
વચ્ચેનાં કેટલાંક વર્ષો
ભેદભરમની એણે મુઠ્ઠી બંધ રાખી;
ગયો એ કબ્રસ્તાન ભેળો
ત્યારે હવે ખુલ્લી હથેળી રાખી;
કશું ના ખાટ્યો અંતે એ તો,
કરી જિંદગી તણી બરબાદી.

— બકુલ મેકવાન



# તમારો પત્ર



### (૧)

માહે મે-૧૫ના પાવન હૃદય 'દૂત'નું વાંચન, મનન અને ચિંતન કર્યું. આંતરરાષ્ટ્રીય માતૃદિનના અનુસંધાનમાં લખાયેલ માનો મહિમા દર્શાવતા લેખોનું વાચન કર્યું. મહદ્અંશે સૌના વિચારો વાસ્તવિક અને ગ્રાહ્ય જણાયા. સહતંત્રીનો આમંત્રિત લેખ 'મા...' ખૂબજ વાસ્તવિક અને લાગણીશીલ જણાયો. વધુમાં માતા એક પ્રેરક, એક સંયોજક, એક દીવાદાંડી, એક હૂંફ, એક શિક્ષિકા, માતાનાં વિવિધ સ્વરૂપની સવિશેષ રજૂઆતથી લેખકના માતા વિશેના સુદૃઢ ખ્યાલો સૌને પ્રેરણાદાયી બનશે, શ્રી શૈલેષભાઈ ક્રિસ્ટીને અભિનંદન.

શ્રી અનુપ ડાભીનો લેખ 'સફળ લગ્નજીવન' આજના સમયની લગ્નની પવિત્રતાની મલાજો ન જાળવાતા છૂટાછેડાના અવિરત પ્રવાહ માટે એક પડકારરૂપ લેખ હોવાં છતાં નવી પેઢીના યુવાન-યુવતીઓ માટે આશીર્વાદરૂપ અને લાભદાયી રહેશે તેમાં બે મત ન હોઈ શકે.

આજે જ્યારે ઘણાખરા યુવાનયુવતીઓ પ્રભુમાં પગલા માંડનાર છે ત્યારે શ્રી અનુપ ડાભીનો લેખ સૌ કોઈને લગ્ન સફળ થતા આભારસહ પાવન હૃદય 'દૂત'માં પ્રસિદ્ધ થયેલ છે તે સૌને અંતરના અભિનંદન. આજે જ્યારે ઘણાખરાં યુવાન-યુવતીઓ પ્રભુભરમાં પગલાં માંડનાર ત્યારે આ લેખ સૌ કોઈને લગ્નજીવન સફળ બનાવવામાં સહાયરૂપ બનશે. શ્રી અનુપ ડાભીને અભિનંદન.

અન્ય લેખોમાં 'આપણે ક્યાં જઈ રહ્યા છીએ?' લેખ થોડામાં ઘણું કહી જાય છે, હજુ પણ બહું મોડુ થયું નથી. કંઈક વિચારીએ તો ઘણું બધું પાછું મળે છે. શ્રી જયંતિભાઈને અભિનંદન. પૂજ્ય ફાધર રીચાર્ડ લોપીસનો 'અંતર્યામી આત્માનો અવાજ' લેખ પવિત્ર આત્મા પ્રત્યેની આપણી શ્રદ્ધામાં વધારે કરતો લેખ છે.

છેલ્લે ટૂંકો ટચુકડો પણ સેવાકાર્યની કદર કરતો 'શ્રદ્ધાંજલિ આશ્રમ ધર્મગુરુને' ફાધર જોયલ આર. પાયસનો લેખ માહિતી સભર જણાયો. સેવાના ભેખધારી તેમજ સમાજના શુભચિંતકો માટે પડકારરૂપ હોતાં પ્રેરણારૂપ બનશે. સૌ લેખક મિત્રોને અભિનંદન.

— શાંતિલાલ મેકવાન (બોચાસણ)

### (૨)

'માતૃદિન'ને કેન્દ્રમાં રાખીને લખાયેલો લેખ 'મા...' કદર કરવા યોગ્ય લાગ્યો. ભૌતિકવાદ તરફની આંધળી દોટ અને વ્યસ્ત જીવન અને ટેલિવિઝનની મથામણમાં માતા હાંસિયામાં ધકેલાઈ ગઈ હોવાનું લેખકે જણાવ્યું છે. લેખ ચિંતનીય રહ્યો. જગતના મહાન પુરુષોના અવતરણોથી લેખ સમૃદ્ધ બન્યો છે. લેખક એમના મા વિશે લખવાનું ચૂકી ગયા છે. પોતાની મા વિશે એકાદ યાદગાર પ્રસંગ આલેખ્યો હોત તો સારું.

'મજૂર દિન'ને કેન્દ્રમાં રાખીને લખાયેલું સિલાસ પટેલિયાનું કાવ્ય દાન, મન અને મગજના શ્રમની વાત કરે છે. ફાધર વિલિયમ રચિત 'પુત્રસ્નેહ' વાર્તામાં- વિધવામાનો દિકરો માની સલાહ લેતા ખોટું કામ કરતો બચી જાય છે. દીકરાને નિરોગી અને ચિંતામુક્ત ઉંઘતો જોવા માટે ગુણવંતીબહેન (વિધવા મા) દીકરા પ્રશાંતને જે જવાબ આપે છે એ યોગ્ય જ છે. માતાનો ખોળો એ તો પ્રેમની યુનિવર્સિટી છે. દોસ્ત મધુર, ગુણવંતીશાહનું આ વાક્ય ટાંકીને તે તો કમાલ કરી. 'મા' અમૂલ્ય મૂડી લેખ ટૂંકો પણ માર્મિક લાગ્યો. નવોદિત લેખક મધુર વસાવાને અભિનંદન.

'સુખનું સરનામુ'માં પ્રવીણ પ્રવાસી સાંપ્રત સમયની આપણા સૌની માનસિકતાને વ્યક્ત કરે છે. લેખકે અહીં એમના બાપુજીની વાત કરી છે. 'મા' વિશેના લેખમાં લેખક એમના મા વિશે વાત કરી શક્યા હોત!

— અમિત ચૌહાણ (વલાસણ)

### (૩)

મે મહિનાના 'દૂત'માં 'મા...' વિષયે જે લેખ - આમંત્રિત તંત્રીલેખ તેમજ અન્ય - પ્રકાશીત થયા તે મન ભરીને વાંચ્યા. માને વંદન કરતાં હૈયું ભરાઈ આવ્યું. માનો પ્રેમ જ આપણને પ્રેમસ્વરૂપ પ્રભુની ઓળખ કરાવે છે. જીવનભર સંઘર્ષ કરીને સંતાનનાં જીવન સુખી બનાવનાર અનેક માતાની કથાઓ સંસારમાં પ્રસિદ્ધ છે. યાદ રાખીએ, જીવનમાં માનું સુખ ક્યાંય મળે એમ નથી, એનું ઘડપણ સાચવીએ.

— મેકવાન રમણ ગાલ્લુસ (કરમસદ)

## (૪)

મે માસના પાવન હૃદય દૂતાંક પર માતા મારિયાની તસ્વીર, મે મહિનાની ભક્તિને પ્રેરક રહીં. ફાધર અશ્વિન મેકવાન, એસ. ડી.બી.એ સંત દોમિનિક સાવિયોના જીવનની ઝાંખી અત્યંત ટૂંકમાં પણ તેમના જીવનના દરેક પ્રસંગને આવરી લઈને બખૂબીથી રજૂ કરી છે, જે પ્રત્યેક કિશોર નવયુવાન માટે પ્રેરણારૂપ બની રહેશે. બ્રધર જોબીન ઈ.સં. એ જરૂરિયાતમંદ પ્રત્યે અનુકંપામાં ખરેખર જરૂરિયાતમંદ બાબત રજૂ કરી છે, કારણ આજે કોઈ બે પૈસે સુખી છે તો વળી બે પૈસા માટે પણ વલખાં મારી જેમતેમ જીવન વિતાવી રહ્યાં છે તે દરેકને આપણી પ્રાર્થનાની ખાસ જરૂર છે.

લગ્નની આ મોસમમાં, શ્રી અનુપ ડાભીએ 'સફળ લગ્નજીવન' લેખમાં લગ્નજીવનને સફળ બનાવવા માટે, યોગ્ય પાત્રની પસંદગીમાં ગંભીરતા અને સમજદારીથી કામ લેવા માટે અનુરોધ કર્યો છે. ફાધર વિલિયમની એક ટૂંકી વાર્તા, 'પુત્રસ્નેહ'માં માતાની પ્રમાણિકપણે પોતાના સંતાનને ઉછેરવાની બાબત પર પ્રકાશ ફેંકે છે, જે પ્રત્યેક માતા તથા બાળક માટે અત્યંત પ્રેરણાદાયક છે. 'સુખી પરિવારની સાત ચાવીઓ' લેખમાં ઈન્દુબેને પરિવારને સુખી રાખવા માટેનાં સાત આસાન રસ્તા બતાવ્યા છે. આજે ઘણા કુટુંબોમાં ભંગાણ જોવા મળે છે, તે દરેક કુટુંબ આ સાત આસાન રસ્તા અપનાવે તો જરૂરથી કુટુંબજીવનમાં સ્વર્ગ ઉતરી આવશે. અંતે સર્વે લેખકશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન. — રંજના મેન્યુઅલ મેકવાન (વડોદરા)

## (૫)

સાંભળવું વાંચવું સહેલું છે પણ લેખન કરવું અઘરું છે. માહે મે, ૨૦૧૫ના 'દૂત'માં ગાંધીનગરના નિવૃત્ત સરકારી અધિકારી શ્રી જયંતિ એ. મેકવાન દ્વારા ઈન્ટરનેટ આધારિત 'આપણે ક્યાં જઈ રહ્યાં છીએ?'માં ચાલુ જમાનાના માનવજીવનનો આબેહૂબ ચિતાર સાદર થાય છે, જે શબ્દસઃ સત્ય છે. ઊંચા મોટાં લાંબા પહોળાં મેકાનોના માલિક પણ લાગણીઓ કુઠિંત! પોતે કરોડોપતિ પણ દાનમાં ઠીંગો! ભણ્યા જરૂર પણ ગણ્યા કાંઈ નહીં! જ્ઞાની પણ નિર્ણયમાં અજ્ઞાની. ઢગલાબંધ દવાઓ પણ બીમારી ઠેરની ઠેર! દારૂ, ગુસ્સો, ટી.વી., સર્વસ્વ જ્યારે પ્રાર્થના હોઠનો બબડાટ! પ્રેમ પાંગળો, ધિક્કાર ઢગલાબંધ! સિદ્ધાંતવાદી પુરા પણ સમાજકાર્યમાં શૂન્ય! આવક ભરપૂર પણ દાન-કરમ હમજ્યો મારા ભઈ. દેશ પરદેશ વિમાન દ્વારા યાત્રા ધામો થકી લાખોનું રાંધણ પણ પડોશીને કેમ છો પણ નહિં! સાચે જ લેખકે સો ટચનું સોનું લખ્યું છે. વન્સ, મોર ભાઈ જયંતિ વન્સ મોર પ્લીઝ. એક નહીં, અનેકવાર વાંચવા જેવું છે, પ્રાર્થના કરતાં શીખવા જેવું છે. લખાણ હૃદયે મઢવા જેવું છે, લેખકને ધન્યવાદ. — જયંતિભાઈ પી. શાહ (ગાંધીનગર)

## (૬)

પાવન હૃદય મે માસનો દૂતાંક માતા મરિયમની મુખપૃષ્ઠની તસ્વીર લઈને, મે મહિનાની માતા મારિયાની ભક્તિનું રસપાન કરાવતો લાગ્યો. આ સાથે 'માતૃદિન' નિમિત્તે માની મમતાની કદર કરતો આમંત્રિત તંત્રીલેખ માતાનો મહિમા વર્ણવે છે. માતાના અપાર ગુણોને વર્ણવીને શૈલેષ ક્રિસ્ટીએ માની મમતાની એક અજોડ તસ્વીર રચી છે.

'બાળકોને મારી પાસે આવવા દો'માં શ્રી લોરેન્સ સી. મેકમૂને બાળકોને પ્રભુગમ ભણી દોરી લાવવામાં માબાપ જ ઊણાં ઊતરી રહ્યાં છે એવો ખ્યાલ સ્પષ્ટ કર્યો છે. 'મા' અમૂલ્ય મૂડીમાં લેખક શ્રી મથુર વસાવા માના એ અપાર પ્રેમને ઉદાહરણો તથા પંક્તિઓ ટાંકીને સચોટ ભાષામાં રજૂ કર્યા છે. અંતે સર્વે લેખકશ્રીઓ ખૂબ અભિનંદન. દરેક પોતાની અજોડ કૃતિઓ દ્વારા વાચકને કાંઈક નવું ભાથું પીરસીને વાચકોની જિજ્ઞાસાવૃત્તિને સંતોષે છે.

— સિસ્ટર અલકા આર. પરમાર (વાઘોડિયા)

## (૭)

કરુણામયી માતાના મુખપૃષ્ઠ વાળો 'મે મહિનાના અંક મળ્યો. મે મહિનો એટલે માતા મરિયમનો મહિનો, સાથો સાથ પહેલી મે કામદાર સંત યોસેફનું પર્વ તથા ગુજરાત સ્થાપના દિન પણ ખરો. આવા ત્રિવેણી સંગમમાં આમંત્રિત તંત્રીલેખ 'મા...' સોળે કળાએ ખીલી ઉઠ્યો.

માની એવી એકપણ કળા (લક્ષણ) ન હોય કે જે તેમણે લેખમાં વર્ણવી ન હોય. મા એટલે મા, મા વિષે લખવા બેસીએ તો પાનાં ના પાનાં ભરાય. છતાંય તેનો અંત જ ન આવે. છતાં પણ માના અર્થને, તેનાં લક્ષણોને સુપેરે સમજાવવા માટે સહતંત્રીએ પૂરતી કલમ કસી છે. મા જ સંતાનને જન્મ આપે છે. જન્મદાત્રી મા તોડવાને બદલે જોડવાનું કામ કરે તો ઉત્તમ. માતા મરિયમને નજર સમક્ષ રાખી આજની માતાઓ જીવન ગુજારશે તો જીવન અતિ સરળ બનશે. અભિનંદન શૈલેષભાઈને.

પ્રવિણ પ્રવાસીનો 'સુખનું સરનામું' લેખ ગમ્યો. સુખની પાછળ આંધળી દોટ મૂકી રહેલી આજની પ્રજા કેવી અંધારામાં અટવાઈ પડે છે તેની રજૂઆત ગમી. ફાધર રીચર્ડ લોપીસ કૃત 'પવિત્ર આત્માનો અવાજ' અંતર્ગત લેખ દરેકના અંતરાત્માના અવાજને ઢંઢોળવાનો પ્રયાસ કરતો ગયો. કૌટુંબિક જીવન અંતર્ગત રસપ્રદ રહ્યાં. એક સૂચન સહતંત્રીને કે, એમના દ્વારા સંપાદિત 'પંખીની પાંખે' કિશોરમિત્રની જેમ મલ્ટીકલર ફોટોગ્રાફ સાથે છાપી શકાય તો કેવું ઉત્તમ? આ અંગે વિચારશો તો ગમશે!!

— સંજય વાઘેલા (નડીઆદ)

**આભાર... આપનો...:** એપ્રિલ, ૨૦૧૫ 'દૂત'માં આપેલ આહ્વાનઃ પરિવારના ઉત્કર્ષ વિકાસમાં પિતાજીનું યોગદાન - બલિદાનને બહોળો પ્રતિસાદ મળ્યો છે. પ્રત્યેક લેખકનો હૃદયપૂર્વક આભાર. પિતાજીનાં જીવનમૂલ્યો જીવનમાં ઉતારીને, અક્ષય પિતૃસ્મારકની રચના પેઢી દર પેઢી કરતા રહીએ એ જ સર્વોત્તમ પિતૃઋણ હોઈ શકે એવો મારો નમ્ર અભિપ્રાય છે. - સહતંત્રી

# પૂજ્ય હૃદયની ઉપાસનાનો આરંભ

✍ **અનુવાદક : બકુલ મેકવાન**

*'દૂત' તંત્રીમંડળ સભ્ય*

સંત યોહાન અને સંત પાઉલના સમયથી ધર્મસભામાં, 'જગત અગાથ પ્રેમને ખાતર પોતાના એકમાત્ર પુત્રનું બલિદાન આપનાર ઈશ્વરના પ્રેમની ઉપાસના'; તો આપણા પ્રત્યેના અનહદ પ્રેમને લઈને પોતાનું બલિદાન આપનાર ઈસુના પ્રેમની ઉપાસના થતી રહી છે. પરંતુ, હકીકતમાં, આ પૂજ્ય હૃદયની ઉપાસના નથી કારણ, ઈસુના આપણા પરત્વેના પ્રેમના પ્રતીક તરીકે આ ઉપાસના ઈસુના હૃદયનો આદર કરતી નથી. આરંભના સૈકાઓથી, સુવાર્તિકના ઉદાહરણને સુસંગત, ખ્રિસ્તનું જાહેર જીવન અને રક્ત અને પાણીના રહસ્યની બાબત પર ચિંતન કરવામાં આવતું અને ધર્મસભાને ઈસુ તરફથી ઘોષિત કરવામાં આવનાર સંઘ તરીકે જોવામાં આવતી કારણ, હવા આદમ તરફથી આવી હતી. પરંતુ, પ્રથમ ત્રણ શતક દરમિયાન, ઘાયલ હૃદયની કોઈ ઉપાસના કરવામાં આવી હોય તેવો ક્યાંયે નિર્દેશ નથી.

પૂજ્ય હૃદયની ઉપાસનાનો સહુ પ્રથમ નિ:શંક નિર્દેશ અગિયારમી અને બારમી સદીમાં જોવા મળે છે. પડખાના જખ્મ થકી, ઈસુના ઘાયલ હૃદય સુધી ધીમી સફર રહી અને હૃદયનો ઘા ઘાયલ પ્રેમનું પ્રતીક બની રહ્યો. બેનેદિક્ત અથવા સિસ્ટર્શન તરીકે જાણીતા સંપ્રદાયના ભારે પ્રભાવમાં, એન્સેલમિયન અથવા બર્નારડાઈન (ઈસુખ્રિસ્તના મૃત્યુનો અર્થ અને તેની અસર સંબંધી ધર્મવિદ્યાના દસ્તાવેજમાં પશ્ચાતાપ સંતોષ અંગેની વિચારધારા) ખ્યાલના વિશ્વમાં, પૂજ્ય હૃદયની ઉપાસનાનો આરંભ થયો; જો કે આરંભની આ ઉપાસનાના શબ્દો ક્યા હતા અથવા આરંભના ઉપાસકો કોણ હતા એ કહેવું અસંભવ છે. સંતે ગટ્રુડ, સંત મેકટીલ્ડે અને 'વાઈટીસ મીસ્ટીકા'ના લેખક આ બાબતથી અગાઉથી વાકેફ હતા. વાઈટીસ મીસ્ટીકા પુસ્તક માટે આપણે કોના ઋણી છીએ તે ચોક્કસપણે કહીં શકાય તેમ નથી. તાજેતરનાં વર્ષો લગી, આ પુસ્તકના લેખક તરીકે સંત બર્નાડનું નામ પ્રચલિત હતું અને છતાં, સુંદર અને વિદ્વતાપૂર્ણ ક્વોરાચી (ઈટલીના ફ્લોરેન્સ નગરનું ઉપનગર) આવૃત્તિના સદ્ગત પ્રકાશકો દ્વારા આ પુસ્તક સંત બોનાવેન્ચર (એસ.બોનાવેચરા ઓપેરા ઓમનિયા, ૧૮૯૮) દ્વારા લખાયું હોય તેવો નિર્દેશ કરવામાં આવ્યો છે અને તે પણ ભ્રામક જણાતા કારણો સિવાય. એ જે હોય તે, આ પુસ્તકમાં અત્યંત સુંદર પરિચ્છેદનું વર્ણન છે. જે હંમેશાં પૂજ્ય હૃદયની ઉપાસના માટે પ્રેરણાસ્રોત બની રહ્યો છે. આ પરિચ્છેદ ધર્મસભા દ્વારા બોનાવેન્ચર લિખિત પુસ્તક (ઓપેરા ઓમનિયા) માં વાંચન મળે છે. ધર્મસભાએ આ પરિચ્છેદનો ઉપયોગ તહેવારની બીજી રાત્રિની પ્રાર્થનામાં કર્યો છે.

સંત મેકટીલ્ડે (મૃત્યુ ૧૨૯૮) અને સંત ગટ્રુડ (મૃત્યુ ૧૩૦૨) માટે આ એક જાણીતી ઉપાસના હતી, જેનો તરજુમો અનેક સુંદર પ્રાર્થનાઓ અને મહાવરાઓમાં કરવામાં આવ્યો હતો જેનો વિશેષ ઉલ્લેખ કરવો આવશ્યક છે તે સુવાર્તિક સંત યોહાનના તહેવાર વિષેની સંત ગટ્રુડ (જર્મનીનાં મહિલા ધર્મવિદ્યાના નિષ્ણાત, જેઓને રોમન દેવાલય દ્વારા સંત તરીકેનો ખિતાબ આપવામાં આવેલ)ની આધ્યાત્મિક દૃષ્ટિ છે. કારણ તેઓની આ દૂરંદેશીતા ઉપાસનાના ઈતિહાસનો આરંભ કરે છે. સંત યોહાનના પર્વ ટાણે, તારણહારના જખ્મી હૃદયની નિકટ મસ્તક લઈ જતાં, તેણીને પ્રભુના પૂજ્ય હૃદયના ધબકારા સંભળાયા અને યોહાનને પૂછ્યું, "શું અંતિમ ભોજનની રાત્રિએ તેઓને પણ આ મનોહર ધબકારાની અનુભૂતિ થઈ હતી અને શા માટે તેઓએ આ વાસ્તવિકતા બાબતે કદાપિ વાત કરી નહોતી?" યોહાને આ વાતનો જવાબ આપતાં કહ્યું હતું, "વિશ્વ જ્યારે પ્રેમવિહોણું થઈ ગયું હશે ત્યારે તેના પ્રેમને પુન:પ્રદીપ્ત કરવા આ પ્રકટીકરણ આવનારા યુગો માટે અલગ રાખવામાં આવ્યું હતું."

તેરમીથી સોળમી સદી દરમિયાન, આ ઉપાસનાનો પ્રચાર કરવામાં આવ્યો હતો પરંતુ આ ઉપાસનાનો ખ્યાલ જોઈએ તેટલો વિકસ્યો નહોતો. આ ઉપાસના દરેક સ્થળે વિશેષ લોકો અને સંતો અને ફ્રાન્સિસકન, દોમિનિકન, કાર્થ્યુસિયન (સંત બ્રૂનો દ્વારા સ્થાપિત ધાર્મિક સંઘ) વગેરે જેવા અલગ અલગ ધાર્મિક સંઘની તવારીખમાં થતી જોવા મળે છે. આ ઉપાસના જો કે અંગત કે વ્યક્તિગત એવી ગૂઢ રહસ્યવાદી પ્રકારની વિધિ નહોતી. વ્યક્તિગત રીતે પાંચ વેહની ઉપાસનાનો આદર કર્યો હતો તે સિવાય આ ઉપાસના માટે કોઈપણ સાધારણ પ્રચાર ચળવળ કરવામાં આવી નહોતી. આ પાંચ વેહ પૈકી હૃદયના ઘાની ઉપાસના વધુ પ્રચલિત બની રહી, અને આ ઉપાસનાના પ્રસાર માટે ફ્રાન્સિસકન સંઘે પરિશ્રમ કર્યો છે.

સોળમી સદીમાં આ ઉપાસનાનો પ્રસાર થયો તેમ જણાય છે અને ગૂઢ રહસ્યવાદના ક્ષેત્રમાંથી આ ઉપાસના ખ્રિસ્તી વિરક્તિભાવમાં પરિણમી હતી. આ ઉપાસના વિધિ અગાઉથી રચવામાં પ્રાર્થનાઓ અને વિશિષ્ટ પ્રકારનાં પ્રાર્થનાચરણ સાથે હેતુલક્ષી બનાવવામાં આવેલ, જેનું મૂલ્ય અને આચરણ પ્રશંસનીય હતું, આ બાબત આપણને આધ્યાત્મિક જીવનના કસબીઓ કોલોગ્નેના કાર્થ્યુસિયન (ધર્માધિકારીઓની શ્રેણાં) પાયસ લેન્સપર્જિઅસ (મૃત્યુ ૧૫૩૯), બ્લોઈસ (મધ્ય ફ્રાન્સનું એક નગર) ના શ્રદ્ધાળુ લૂઈસ (મૃત્યુ ૧૫૬૬), હેઈનોટ (બેલ્જિયમનો એક પ્રાંત)માં આવેલ લાઈસીસના બેનેદિક્તના અનુયાયી અને મઠાધિપતિનાં લખાણોમાંથી જાણવા મળે છે. આ કસબીઓમાં અવિલાના સુધન્ય યોહાન (મૃત્યુ ૧૫૬૦) અને સંત ફ્રાન્સિસ-દે-સાલેસનો ઉમેરો કરી શકાય. ઉક્ત પૈકીના બીજા સત્તરમી સદીમાં થયા હતા.

આ સમયથી દરેક બાબત એવો નિર્દેશ કરે છે કે પૂજ્ય હૃદયની ઉપાસનાનો આરંભ અગાઉના સમયકાળમાં થયો હતો. એકાંતવાસી લેખકો, સવિશેષ ઈસુસંઘીઓ અલ્વારેઝ-દે-પાઝ, લૂઈસ-દે-લા-પ્યુએન્તે, સંત જયૂર અને ન્યૂએટે આ બાબતનો નિર્દેશ કર્યો છે, અને આ બાબતે હજુપણ વિશેષ કરાર પ્રવર્તમાન છે, જેમકે ફાધર ડૂઝબીકી (મૃત્યુ ૧૬૬૨)ની એક નાનકડી કામગીરી, 'મેટા કોર્ડિઅમ, કોર જેસુ' નામના પુસ્તકમાં જોવા મળે છે. ઈસુના પૂજ્ય હૃદયની છબી દરેક સ્થળે પુરાવારૂપ હતી, જે હકીકત વ્યાપકપણે ફ્રાન્સિસકન મિશનરીઓની પાંચ વેહની ઉપાસના અને ઈસુસંઘીઓની પોતાનાં પુસ્તકોના મુખપૃષ્ઠ અને તેઓનાં દેવળોની દીવાલો પર પૂજ્યહૃદયની છબી મૂકવાની ટેવને આભારી હતી.

જો કે, આ ઉપાસના વ્યક્તિગત અથવા ઓછામાં ઓછું અંગત બની રહી હતી. આ ઉપાસનાને જાહેર બનાવવા, તેને અધિકૃત આદર આપવા, અને આ ઉપાસના માટે તહેવારની સ્થાપના કરવાનો શ્રેય સુધન્ય જીવ યુડ્સ (૧૬૦૨-૧૬૮૦)ને જાય છે. ઉપરાંત, પેરે યુડ્સ મરિયમના હૃદયના પ્રેષિત હતા; પરંતુ નિષ્કલંક હૃદયની તેઓની ઉપાસનામાં, ઈસુના હૃદયની ઉપાસનાનો એક હિસ્સો હતો. ધીરે ધીરે, પૂજ્ય હૃદયની ઉપાસના અલગ બની રહી અને ૩૧મી ઓગષ્ટ, ૧૬૭૦માં રેનીસ (ફ્રાન્સના બ્રિટની પ્રાંતનું પાટનગર) સ્થિત ભવ્ય સમારંભમાં પૂજ્ય હૃદયના તહેવારની પ્રથમ ઉજવણી ભવ્ય રીતે ઉજવવામાં આવી. કાઉટેન્સેસે (ઉત્તર-પશ્ચિમ ફ્રાન્સનું એક નગરઃ રેનીસ નગરની ઉજવણીને અનુસરતાં, ૨૦મી ઓક્ટોબરના રોજ આ તહેવારની ઉજવણી કરી; આ દિવસ એવો દિવસ હતો જે હવે પછીના સમયમાં યુડિસ્ટ (પ્રૈષિતિક જીવન વિતાવનાર સંઘના અનુયાયીઓ)ના તહેવાર સાથે જોડાનાર હતો. આ ઉજવણી અન્ય પ્રદેશોમાં ઝડપથી પ્રસરી ગઈ અને એ જ રીતે આ ઉપાસના અન્ય પ્રાંતમાં સ્વીકારવામાં આવી. અહીંતહીં પ્રસરતાં આ ઉપાસના પરાય (ફ્રાન્સ દેશના થબા ત્સેકા જિલ્લાનું એક શહેર)માં આરંભાયેલ ઉપાસનાવિધિના સંપર્કમાં આવતાં બંનેનું જોડાણ સ્વાભાવિક રીતે ફળદાયી બની રહ્યું.

પરાય-લે-મોનિઅલ ખાતેના સાધ્વીગૃહની નમ્ર સાધ્વી માર્ગરેટ મેરી એલાકોક (૧૬૪૭-૧૬૯૦)ને પોતાના હૃદયની ઝંખના પ્રગટ કરવા અને ઉપાસનાને નવપલ્લિત કરવાની કામગીરી સોંપવા ખ્રિસ્તે પસંદ કરી. આ પવિત્ર સાધ્વીએ આ ઉપાસના અંગે ઈસુના પ્રકટીકરણ અગાઉ જાણકારી મેળવી હોય અથવા ઓછામાં ઓછું ઉપાસના પરત્વે તેણીનું ધ્યાન ગયું હોય તેવો કોઈ જ નિર્દેશ સાંપડતો નથી. આ પ્રકટીકરણો અસંખ્ય હતાં, અને ત્યારબાદના સંદર્શનો વિશેષરૂપે નોંધનીય છે : આ સંદર્શનો સંત યોહાનના તહેવારના દિવસે થયેલાં, જ્યારે પ્રભુએ અગાઉ સંત ગટ્રુડને અગાઉ પોતાના હૃદય પર તેણીનું મસ્તક ઢાળતા દેવા દીધેલું તે જ રીતે માર્ગરેટ મેરીને તેણીનું મસ્તક પોતાના હૃદયની નિકટ મૂકવા દઈને તેઓના પ્રેમની આશ્ચર્યકારક બાબતો જણાવતાં જણાવેલું કે "સમગ્ર માનવજાત આ પ્રકટીકરણો અંગે અવગત થાય, અને તેમની ભલમનસાઈનો ખજાનો ચોમેર ફેલાય અને તેઓએ તેણીને પોતાની કામગીરી સોંપવા પસંદ કરી હતી (૨૭મી ડિસેમ્બર, સંભવત : ૧૬૭૩) અને સંભવત : અગાઉ કરતાં અલગ રીતે પસંદ કરી હતી, જ્યાં પ્રભુએ પોતાના માનવ હૃદયની છબી રૂપે પોતાને આદર આપવા વિનંતી કરી હતી; અને જ્યારે પ્રભુ પ્રેમ સહિત દેદીપ્યમાન થઈને તેણીને સંદર્શન આપ્યું અને પસ્તાવાસભર પ્રેમની આરાધના કરવા જણાવ્યું-અવારનવાર પ્રભુ ભોજન, મહિનાના પ્રથમ શુક્રવારે પ્રભુ ભોજન અને પવિત્ર ઘડીનું પાલન (સંભવત : જૂન અથવા જુલાઈ, ૧૬૭૪); "મહાન સંદર્શન" તરીકે જાણીતી ઘટના કોર્પસ ક્રિસ્ટી (ઈસુ ખ્રિસ્તના દેહ અને રક્ત અને પ્રભુભોજનમાં તેઓની વાસ્તવિક હાજરીની યાદમાં ઉજવાતો તહેવાર) ૧૬૭૫ના આઠમા દિવસે, સંભવત : ૧૬ જૂનના રોજ બનેલી, જ્યારે પ્રભુએ કહેલું, "જુઓ, માણસોને અઢળક પ્રેમ આપનાર આ હૃદય... કૃતજ્ઞતા પામવાને બદલે, મને મોટાભાગે (માનવજાત) તરફથી માત્ર કૃતઘ્નતા જ મળે છે..." અને આઠમા દિવસે ઉજવાતા આ તહેવાર પછીના શુક્રવારે પશ્ચાતાપની ઉજવણીરૂપે આ તહેવાર ઉજવવા તેણીને પરાય સ્થિત ઈસુસંઘીઓના નાનકડા ગૃહના ત્યારના ઉપરી ફાધર દે-લા-કોલમ્બીઅરેની સલાહ લેવાની વિનંતી કરેલી; અને છેવટે રાજવી તરફથી આ ઉપાસના વિધિના ગંભીરતાપૂર્વકના સત્કારની માંગણી કરવામાં આવી હતી અને આ ઉપાસનાવિધિના પ્રચારની જવાબદારી વિશેષ કરીને નિહાળનાર અને ઈસુસંઘી પુરોહિતોને સોંપવામાં આવી હતી.

જૂન, ૧૬૭૫માં થયેલા મહાન સંદર્શનના થોડા દિવસો બાદ માર્ગરેટ મેરીએ તમામ બાબતોની જાણકારી ફાધર દે-લા-કોલમ્બીઅરને અને કોલમ્બીઅરે ઈશ્વરના આત્માનું કાર્ય હોવાનું જાણી, પોતાને પૂજ્ય હૃદયની ઉપાસના માટે અભિવ્યક્ત કર્યા અને જેને પવિત્ર સંદર્શન આપવામાં આવેલું તેને સંદર્શન અંગેની વિગતો લખવા અને સમગ્ર ફ્રાન્સ અને ઈંગ્લેન્ડમાં આ વૃતાંતનો વિવેકપૂર્વક પ્રસાર કરવા દરેક ઉપલબ્ધ તકનો ઉપયોગ કરવાની સૂચના આપી. ૧૫મી ફેબ્રુઆરી, ૧૬૮૨ના દિવસે તેઓના મૃત્યુ સમયે, તેઓની દિનચર્યા પોથીમાં સ્વહસ્તે લખેલી આધ્યાત્મિક શિબિરોનું વૃત્તાંત મળ્યું, જે તેઓને માર્ગરેટ મેરી પાસેથી મળ્યું હતું, જેમાં ઉપાસનાની ઉપયોગિતા સંબંધી થોડાં ચિંતનો હતાં. આ વૃતાંત સહિત દિનચર્યા પોથી અને પૂજ્ય હૃદયને અર્પવામાં આવેલ સુંદર અર્પણ, જેમાં ઉપાસના બાબતે ખૂબ જ સરસ સમજૂતી આપવામાં આવી હતી, તે વૃત્તાંત ૧૬૮૪માં લાયોન્સમાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. આ પુસ્તકનું અનેક લોકોએ વાંચન કર્યું હતું; અને લોકોમાં જાતભાતના મતભેદો અને અંધાધૂંધી ફેલાઈ હતી. માર્ગરેટ મેરીએ જો કે પૂજ્ય હૃદયની ઉપાસનાનો પ્રસાર થાય તે સારું આ પુસ્તકનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો નિર્ધાર કર્યો હતો અને તેણીએ આત્મસાત્ કરેલ ઉપાસનાના પ્રસાર થકી ફાયદો હાંસલ કર્યો હતો. મધર દે સૌડીલસ, ડીજોન (પૂર્વ ફ્રાન્સનું ઔદ્યોગિક અને પરિવહન કેન્દ્ર) મધર દે સૌમેઈસ તથા સિસ્ટર જોલી, સેમુર, મધર ગ્રેફી સહિત મૌલિન અને પરાય સુદ્ધાં જેઓએ આરંભે નકાર કરેલો, તેઓ પછીથી ઉપાસનાવિધિની આ ચળવળમાં જોડાયેલાં. સંદર્શનો જોનારા સિવાય, પુરોહિતોએ, ધર્મજનોએ અને સામાન્યજનોને સવિશેષ એક ખ્રિસ્તી પુરોહિત, માર્ગરેટ મેરીના બે ભાઈઓ અને કેટલાક ઈસુસંઘીઓ, જેઓમાં ફાધર ક્રાઈસ્ટ અને ગેલીફેટ, જેઓ ઉપાસના

માટે ખૂબ જ પરિશ્રમ કરવા સર્જાયા હતા તેઓએ પણ આ ઉમદા કાર્યને સહયોગ આપ્યો હતો.

૧૭મી ઓક્ટોબર, ૧૬૯૦ના રોજ માર્ગરેટ મેરીના મૃત્યુએ જેઓ આ કાર્યમાં રસ ધરાવતા હતા તેઓના ઉત્સાહ મંદ પાડ્યો નહોતો; તેથી વિપરીત, ૧૬૯૧માં ફાધર ક્રાઈસ્ટ દ્વારા તેઓના પુસ્તક ‘દે લા દિવોશન ઓ સેકર કોઉર’ની પુરવણી રૂપે પ્રકાશિત તેણીના સંક્ષિપ્ત જીવન વૃતાંતે ઉપાસના આગળ ધપાવવામાં સહાય કરી હતી. તમામ પ્રકારની અડચણો અને હોલી સી (રોમની કેથોલિક ધર્મસભા), જેણે ૧૬૯૩માં પૂજ્ય હૃદયની બંધુત્વ ભાવનાને વિશેષ હક્ક આપેલ, તે ધર્માધ્યક્ષના તાબા હેઠળની ધર્મસભાની મંથર ગતિ છતાં, ૧૬૯૭માં, સંદર્શનો નિહાળનારને પાંચ વેહની ઉપાસના વિધિને તહેવાર તરીકે ઉજવવાની મંજૂરી આપેલ, પરંતુ વિશેષ પ્રભુભોજન વિધિ અને ઉપાસનાવિધિ સહિત તમામ માટે સામાન્ય તહેવારની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હોવા છતાં વિશેષ કરીને ધાર્મિક સમુદાયોમાં ઉપાસના આગળ ધપી હતી.

૧૭૨૦માં માર્સીલસ (દક્ષિણ-પૂર્વ ફ્રાન્સમાં ભૂમધ્ય સમુદ્ર તટે આવેલ પ્રદેશ)માં ફાટી નીકળેલ મરકીએ સંભવત : ગંભીરતાપૂર્વક પવિત્રીકરણ અને ધાર્મિક સમુદાયોની બહાર જાહેર આરાધના માટેની અવસર પૂરો પાડ્યો. દક્ષિણના અન્ય રાજ્યોએ માર્સીલસનું અનુકરણ કર્યું અને આમ, ઉપાસના વધુ પ્રચલિત બની. ૧૭૨૬માં જાહેર આરાધના અને ઉપાસનાવિધિ સહિત તહેવારની ઉજવણી વિશ્વભરમાં કરવા માટે રોમને ફરી એકવાર આગ્રહપૂર્વક વિનંતી કરવાનું ઉચિત જણાયું પરંતુ ૧૭૨૯માં, રોમે ફરીવાર આ વિનંતી નકારી. જો કે, છેવટે ૧૭૬૫માં રોમ તરફથી સંમતિ આપવામાં આવી અને એ જ વર્ષે, રાણીની વિનંતી બાદ, ફ્રાન્સના ધર્માધ્યક્ષ વર્ગ દ્વારા તહેવારને લગભગ અધિકૃત રીતે સ્વીકારવામાં આવ્યો. તમામ લોકો તરફથી તેની માંગણી કરવામાં આવી અને આ માંગણી મંજૂર રાખવામાં આવી અને છેવટે, ૧૮૫૬માં ફ્રાન્સના ધર્માધ્યક્ષ દ્વારા તાકીદની વિનંતીઓના પ્રતિભાવમાં, પોપ પિયૂષ નવમાએ સમગ્ર વિશ્વભરમાં આ તહેવારને મોટા તહેવાર તરીકે ઉજવવાની ઘોષણા કરી. ૧૮૮૯માં ધર્મસભા દ્વારા સહુથી મોટા તહેવાર તરીકે ઉજવણી કરવાની શરૂઆત થઈ. પવિત્રીકરણ અને અપકાર્યોનો બદલો વાળી આપવાની પ્રવૃત્તિઓ ઉપાસનાવિધિની સાથે સાથે દરેક સ્થળે શરૂ કરવામાં આવી. અવારનવાર ખાસ કરીને ૧૮૫૦ના વર્ષથી જૂથ, સંઘ અને શાસકોને પોતાને પૂજ્ય હૃદય સમક્ષ અભિષિક્ત કર્યા અને ૧૮૭૫માં, અભિષિક્ત કરવાની આ કામગીરી સમગ્ર કેથોલિક આલમમાં રજૂ કરવામાં આવી. જો કે, પોપ આ બાબતે કોઈ આરંભ કરવા અથવા દરમયાનગીરી કરવા માગતા નહોતા.

અંતે, ૧૧મી જૂન, ૧૮૯૯ના રોજ, લીઓ તેરમાના આદેશ અને તેઓ દ્વારા રજૂ કરવામાં આવેલ પદ્ધતિ સહિત, સમગ્ર માનવજાતનું પૂજ્ય હૃદય સમક્ષ ગંભીરતાપૂર્વકની વિધિ બાદ પવિત્રીકરણ કરવામાં આવ્યું. આ કામગીરીના વિચારને લીઓ તેરમા પોતાના પોપ તરીકેના કાર્યકાળની ‘મહાન કામગીરી’ તરીકે ઓળખાવે છે, જેનો વિચાર તેઓ સમક્ષ પોર્ટુગલના ઓર્પોટોના ગુડ શેફર્ડ સંપ્રદાયની એક ધર્મિષ્ઠ મહિલાએ રજૂ કરતાં જણાવેલું, તેણીને આ ઉપાસનાવિધિનો વિચાર સ્વયં ખ્રિસ્ત પાસેથી મળેલો. તેણી દોસ્ત-ઝુ-વિસ્ચેરીગ પરિવારની સદસ્યા હતી અને પવિત્ર હૃદયની સાધ્વી મેરી તરીકે જાણીતી હતી.

અભિષિક્ત કરવાનો જે દિવસ પછીના રવિવાર પર મુલત્વી રાખવામાં આવેલ હતો તે અગાઉના બે દિવસ પહેલાં પૂજ્ય હૃદયના તહેવાર પર તેણી મૃત્યુ પામી. આ મહાન જાહેર સંદર્શનોનો નિર્દેશ કરતી વખતે, આપણે આત્મામાં ઉપાસનાના પ્રગાઢ જીવનનો સંદર્ભ આપવાનું, આ ઉપરાતના સાથે સંકળાયેલ આચરણ અને જીવન સાથે સંકળાયેલ કાર્યો અને સાહચર્યતાની વાત કરવાનું ટાળવું જોઈએ નહિ. તદ્‌પરાંત, આપણે ખાસ કરીને અગાઉનાં વર્ષોમાં જે સામાજિક પ્રતિભાવની વાત કરવામાં આવી નથી તેની અવગણના પણ કરવી જોઈએ નહિ. – Courtesy : ‘Petrus’ June.2013


## જોઈએ છે

કેથોલિક ચર્ચ, આંકલાવ ટ્રસ્ટ સંચાલિત લઘુમતી શાળા, આર.સી. મિશન પ્રાથમિક શાળા, આંકલાવ માટે કાયમી ધોરણે શિક્ષક જોઈએ છે. શૈક્ષણિક લાયકાત B.Sc. B.Ed., TET પાસ કરેલ હોવું જોઈએ. ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદાવારોએ લાયકાતના ગુણપત્રકો, પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલો સાથે સ્વહસ્તાક્ષરમાં સાત દિવસમાં અરજી કરવી.

**:: અરજી મોકલવાનું સરનામું ::**

મેનેજરશ્રી, કેથોલિક ચર્ચ, આંકલાવ, તા. આંકલાવ, જિ. આણંદ - ૩૮૮૫૧૦

**ફોન નંબર: ૦૨૬૯૬-૨૮૨૩૩૧ / મો. ૯૯૭૮૨ ૩૬૩૬૮**


## ‘પાવન હૃદય દૂત’ને મળેલ દાન

| | | |
|---|---|---|
| સ્વ. શાન્તાબેન એમ. પરમાર | નાવલી | ૫૦૧ |
| મનોજ ડી. ક્રિસ્ટી | નડિઆદ | ૨૦૧ |
| સાયમન એ. ક્રિશ્ચિયન | વટવા | ૨૦૧ |
| સ્વ. વિલ્યમભાઈ ડાહ્યાભાઈ ડાભી | – | ૨૦૦ |
| સ્વ. અશ્વિનભાઈ | કરમસદ | ૧૫૧ |
| મુકુન્દ અને જેક્વેલીનના લગ્ન | કરમસદ | ૧૫૦ |
| જેક્વેલીનના લગ્ન પ્રસંગે | આણંદ | ૧૫૦ |
| સ્વ. વિશાલ સુરેશભાઈ મેકવાન | વડોદરા | ૧૫૦ |
| સ્વ. બીમલ પાઉલભાઈના સ્મરણાર્થે | નડિઆદ | ૧૫૦ |
| કાન્તીભાઈ ઈગ્નાસભાઈ પરમાર | આણંદ | ૧૦૧ |
| રંજન જોન ક્રિસ્ટી | વડોદરા | ૧૦૧ |
| રાજેશ એમ. પરમાર | ઓડ | ૧૦૧ |
| વિક્ટરભાઈ જોસેફભાઈ ખ્રિસ્તી | ઓડ | ૧૦૧ |
| સ્વ. મણીબેન | આણંદ | ૧૦૦ |
| સ્વ. પાઉલભાઈ જોનભાઈ | પેટલાદ | ૧૦૦ |
| વિમળાબેન એ. થોમાસ | ઈન્દોર | ૧૦૦ |
| શાન્તાબેન જેઠાભાઈ મેકવાનના સ્મણાર્થે | લીંગડા | ૧૦૦ |
| આલોઈસભાઈ એન. પરમાર | નડિઆદ | ૧૦૦ |
| સ્વ. રીટાબેન પાઉલભાઈ મોગેરા | મણીનગર | ૧૦૦ |
| સ્વ. જયંતિભાઈ ગલાભાઈ સોલંકી | લીંગડા | ૧૦૦ |
| ગલાભાઈ મોરારભાઈ સોલંકી | લીંગડા | ૧૦૦ |
| સ્તેફાન વિલ્યમભાઈ પરમાર | કરમસદ | ૧૦૦ |
| સ્વ. ઝુલિયાબેન યાકુબભાઈ | મોગર | ૧૦૨ |

# શરણાર્થી અને નિરાશ્રિત : એક પડકાર
## (જૂન મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર સંદેશ ગોન્સાલ્વેસ એસ.જે.

*"મારામાં પ્રભુનો આત્મા ઊતરી આવ્યો છે, કારણ તેણે મારો અભિષેક કર્યો છે. તેણે મને એટલા માટો મોકલ્યો છે કે હું દીનજનોને શુભસંદેશ સંભળાવું, બંદીવાનોને મુક્તિદાન અને અંધજનોને દૃષ્ટિદાન જાહેર કરું, દલિતોને મુક્તિ કરું, તેમજ પ્રભુની કૃપાના વર્ષની ઘોષણા કરું." (લૂક ૪:૧૮-૧૯)*

*આ મહિનામાં આપણા વડાધર્મગુરુ ફ્રાન્સિસે આપણી આગળ બે પ્રાર્થનાના હેતુ મૂક્યા છે. શરણાર્થી અને નિરાશ્રિતોને દરેક દેશમાં સન્માનભેર આવકાર પ્રાપ્ત થાય અને આપણા યુવાનોને ઈસુનું દર્શન થાય અને એમના હૈયામાં પુરોહિતપણું અથવા સન્યસ્ત જીવન દ્વારા પ્રભુ માટે જીવન અર્પણ કરવાની તીવ્ર ઝંખના જાગૃત થાય.*

**શરણાર્થી અને નિરાશ્રિતોની આજની પરિસ્થિતિ :** આધુનિક દુનિયામાં વિવિધ કારણોસર લોકો સ્થળાંતર કરે છે. જેમકે યુદ્ધ, આંતકવાદ, હિંસા, ગરીબાઈ, બેકારી, કુદરતી આફતો વગેરે. ભારતમાં દા.ત. બેકારી, જાતિ, ધર્મના નામે થતી હિંસા અને દુકાળના કારણે ઘણા લોકો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જઈને વસવાટ કરે છે. બાંગલાદેશ, શ્રીલંકા જેવા પડોશી દેશોમાંથી પણ નિરાશ્રિતો આપણા દેશમાં આશ્રય લેવા પધાર્યા છે. આવા લોકોને અમુક સ્થળે અપમાન અને અત્યાચારનો સામનો કરવો પડે છે. બીજા દેશોની વાત કરીએ તો રોજ ને રોજ હજારો નિરાશ્રિતો ઈટાલી, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ જેવા વિકસિત દેશોમાં દરિયામાર્ગે ઘુસી જવા પ્રયત્ન કરે છે. આમ કરતાં હજારો લોકોનું મૃત્યુ પણ થાય છે. ઘણા વિકસિત દેશો આવા લોકોને પોતાના દેશમાંથી હાંકી કાઢે છે. આમ આધુનિક દુનિયામાં નિરાશ્રિતોની પરિસ્થિતિ ખૂબ જ કરુણાજનક હોય છે.!

**ધર્મસભાનું શરણાર્થી અને નિરાશ્રિત તરફનું મિશન :** ઈસુમાં શ્રદ્ધા રાખનાર બધા જ ખ્રિસ્તીઓને ઈસુના પ્રકાશમાં રહેવા અને તેમની કરુણા વડે એક અસરકારક માનવ સમુદાય બાંધવા આમંત્રણ છે. આ દુનિયાના બધા જ લોકો ઈશ્વરના પ્રતિમૂર્તિરૂપે બનાવવામાં આવ્યા છે (ઉત્પત્તિ ૧:૨૬). ગરીબ, સ્થળાંતરિત અને દલિત લોકો સાથે ભળીને તેમના માટે કામ કરવું એ આપણા માટે એક મોટો પડકાર છે. ભગવાન સાથે આપણો સંબંધ આપણે બીજાઓ સાથે કરેલા વ્યવહાર સાથે સીધી રીતે સંકળાયેલો છે. ધર્મસભાનું શરણાર્થી અને નિરાશ્રિત તરફનું મિશન એ આપણું મિશન છે, કારણ આપણે ધર્મસભા છીએ.

આપણે બધાં ઈશ્વરનાં સંતાન છીએ. દરેકમાં ઈશ્વર રહસ્યમય રીતે હાજર છે, એટલે જ ઈસુ આપણને કહે છે, "મને ભૂખ લાગી હતી ત્યારે તમે મને ખાવાનું આપ્યું હતું, મને તરસ લાગી હતી ત્યારે તમે મને પાણી પાયું હતું, હું અજાણ્યો હતો ત્યારે તમે મને આશરો આપ્યો હતો, હું ઉઘાડો હતો ત્યારે તમે મને વસ્ત્રો પહેરાવ્યાં હતાં, હું માંદો હતો ત્યારે તમે મારી ભાળ કાઢી હતી, હું કારાવાસમાં હતો ત્યારે તમે મને મળવા આવ્યા હતા." (માથ્થી ૩૫-૩૭)

**શાસ્ત્રોના આધારભૂત સિદ્ધાંત :** શરણાર્થી અને નિરાશ્રિત તરીકે ઈસ્રાયેલની ઓળખ ખૂબ જ મૂળભૂત છે. અબ્રાહામનું ઉર (જન્મભૂમિ) પ્રદેશમાંથી ઈશ્વરે બતાવેલી જગ્યાએ (ઈશ્વરે નિશ્ચિત કરેલું સ્થળ) પ્રયાણ, આ ઈશ્વરની હાકલનો જવાબ હતો. (ઉત્પત્તિ ૧૧:૩૧—૧૨:૫). યાકોબ પોતાના નાના કુટુંબ સાથે ઈજિપ્તમાં જાય છીએ. ત્યાં તેઓનું એક મોટું રાષ્ટ્ર બને છે. પણ ઈજિપ્તમાં તેઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. મોશે તેમને ગુલામીમાંથી બહાર કાઢે છે. બાબિલના રાજા નબૂખદનેસ્સર ઈસ્રાયેલની પ્રજાને બાબિલમાં લઈ જાય છે. ત્યાં તેઓ ઘણા દુ:ખો વેઠે છે. આ બધા અનુભવોને ઈસ્રાયેલની પ્રજા શ્રદ્ધાની નજરે નિહાળીને આ બધી ઘટનાને ઈસ્રાયેલના લોકોની મુક્તિનો ઈતિહાસ ગણે છે. શરણાર્થી અને નિરાશ્રિત થવું એ મુક્તિનો એક ભાગ બને છે.

નવા કરારમાં આપણે જોઈ શકીએ છીએ કે, પવિત્ર કુટુંબ (યોસેફ, મારિયા અને ઈસુ) એક સ્થળાંતરિત કુટુંબ છે. ઈસુનો જન્મ (લૂક ૨:૧-૭), ઈજિપ્તમાં જવું (માથ્થી ૨:૧૩-૧૪) અને મૂળ સ્થાન યહૂદિયાના બદલે ગાલીલ પ્રદેશમાં રહેવું (માથ્થી ૩:૧૯-૨૩) આ શાસ્ત્રોની અમૂક કડીઓ છે જે પવિત્ર કુટુંબને એક શરણાર્થી અને નિરાશ્રિત તરીકે દરજ્જો આપે છે. ઈસુએ પણ એક શરણાર્થી અને નિરાશ્રિત જેવું જીવન વિતાવ્યું હતું. શાસ્ત્રોમાં ઘણી જગ્યાએ દર્શાવવામાં આવે છે કે ઈસુ પોતાને પરોક્ષ રીતે અથવા સીધી રીતે શરણાર્થી અને નિરાશ્રિત સાથે સરખાવે છે. (લૂક ૧૩:૨૨; માથ્થી ૯:૩૫; માથ્થી ૮:૨૦; લૂક ૯:૫૮; લૂક ૨૪:૩૫)

માતા મરિયમનાં સંદર્ભમાં પણ શુભસંદેશકાર તેમને શરણાર્થી અને નિરાશ્રિતનો દરજ્જો આપે છે કારણ તેઓ હમેશાં-ઈસુના ગર્ભારોહણથી માંડી મૃત્યુ સુધી-ઈસુ સાથે હતાં. તેમને પ્રસુતિના સમયે કોઈએ જગ્યા આપી ન હતી (માથ્થી ૧૨:૪૭; માર્ક ૩:૩૧; ૧૫:૪૦) ઈસ્રાયેલ પ્રજા (અબ્રાહમ, યાકોબ અને અન્ય) એક ભટકતી જાતિ હતી અને ભગવાને તેમની યોજના પાર પાડવા માટે તેને પસંદ કરી હતી. લોકો તરફથી સારો પ્રતિસાદ ન હોવા છતાં, ભગવાને તેમનું રક્ષણ કરી તેમના દ્વારા પોતાની મુક્તિ યોજનાને અમલમાં મૂકી. જો આ ઘટનાનું અર્થઘટન કરીએ, તો આપણે શરણાર્થી અને

નિરાશ્રિત અને ગરીબ લોકો માટે ભગવાનનું પસંદગીવાળો વિકલ્પ જોઈ શકીએ છીએ. અજાણ્યા સંબંધિત આજ્ઞાઓ (કર્મકાંડ ૧૭:૩૩-૩૪; મહાપ્રસ્થાન ૨૨:૨૧; ૨૩:૭) તે ઈસ્રાયેલીઓના શરણાર્થી અને નિરાશ્રિત તરીકેના અનુભવોનું પરિણામ છે. ઈસુ આપણને એમના જેવો અભિગમ કેળવવા અનુરોધ કરે છે. ઈસુનો અભિગમ કેવો હતો? લોકોને તેમના ભાઈઓ અને બહેનો તરીકે ઓળખાય છે (માર્ક ૩:૩૩; માથ્થી ૨૩:૮; ૨૮:૧૦; લૂક ૨૩:૩૨) અને તેમનો પ્રેમ માત્ર શબ્દો દ્વારા નહિ, પણ કાર્યો દ્વારા દર્શાવવાનું આમંત્રણ આપે છે. (યોહાન ૧૩:૩૪-૩૫; ૧૫:૧૨-૧૩).

**માનવતાની સાચી લાક્ષણિકતા :** એવન્જલીમ ગવદીઅમેમાં વડાધર્મગુરુ ફ્રાન્સિસ માનવતાની સાચી લાક્ષણિકતા પર ભાર મૂકે છે. આ દસ્તાવેજ ખ્રિસ્તીઓને યાદ અપાવે છે કે તેઓને ધરતી પરના દરેક કમજોર અને દલિત લોકોની કાળજી રાખવા હાકલ મળેલી છે. તે સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરે છે કે ઘર વિનાના, શરણાર્થીઓ, સ્થળાંતરિતો વગેરે, નબળાઈઓ અને નિર્બળતાનો ભોગ બનેલા છે. બધા દેશોએ આવા લોકો તરફ સહાનુભૂતિ દર્શાવવા વિનંતી કરે છે.

આ પ્રેષિતિક કાર્ય કરવા આજે ધર્મસભા યુવાનોને આહ્‌વાન કરે છે. યુવાનો સમાજનો આત્મા છે. તેઓને ઈસુનો ભેટો થાય અને પોતાનું જીવન ઈસુ માટે અર્પણ કરે અને ઈસુનું શરણાર્થી અને નિરાશ્રિતો માટેનું મિશન આગળ ધપાવે. આમીન ●


**BBR School of Nursing**
**Sigma College of Nursing**
**Healing Touch School of Nursing**
**Aditya School of Nursing**

**Admission 2015-2016 (હૈદરાબાદ/સિકંદરાબાદ)**
**નર્સિંગ કોર્સીસઃ** જનરલ નર્સિંગ GNM & B.Sc. (N)

**Spot Admission in Gujarat**

**નડીઆદઃ** *Mr. Justin William Chauhan*
77-Navdeep Society, Pavanchakki Marg,
Beside Divya Jyot Society, Nadiad - 387 002
**Mob. 98986 80948**

**પેટલાદઃ** *Mr. Bhupendra Parmar*
**Mob. 94270 04954**

**અમદાવાદઃ** *Mr. Dextor Solanki*
**Mob. 99241 34222; 99781 34222**

**સુરતઃ** *Mr. Chimanbhai* **Mob. 90992 20377**

**વ્યારાઃ** *Mr. Prabhu Tumada* **Mob. 81417 25834**

**:: *Administrative office for admission* ::**
**Contact us: 089788 64062; 093912 22471**



**પ્રભુએ કહ્યું: ''હું કોને મોકલું? કોણ મારો સંદેશો લઈ જશે?''**
**મેં કહ્યું, ''આ હું હાજર છું; મને મોકલો.''**
**(યશાયા ૬:૮)**

ઈસુસંઘી તરીકે ઓળખ મેળવવા માગતા હોય
અને પ્રભુ અને તેઓના લોકની સેવા કરવા
ઈચ્છા ધરાવતા પ્રતિભાશાળી અને ઈચ્છુક યુવાનોને
ઈસુસંઘ દિલ્હી પ્રાંત નિમંત્રણ પાઠવતાં
આપને સત્કારે છે.

શું આપ તેઓ પૈકીના એક છો?

**જો હો તો, સંપર્ક કરોઃ**
ધી વોકેશન પ્રમોટર
સહયોગ ૪, રાજ નિવાસ માર્ગ, દિલ્હી ૧૧૦૦૫૪
મો.: (ઓ) ૯૮૬૮૬ ૫૪૦૫૦, ૮૧૩૦૩ ૨૫૬૪૬
Email: vocationpromoterdjs@gmail.com / georgekaiprampattsj@gmail.com

## પિતાજીનું યોગદાન

હું સંન્યસ્ત જીવનના અનેક ચઢાણો વટાવી ચૂકી છું, જેનો શ્રેય હું મારા પપ્પાને આપું છું. મારા જીવનની આશા, અભિલાષા અને ધ્યેયનું કેન્દ્રબિંદુ નિશ્ચિત કરનાર મારા પપ્પા છે. ઓછાબોલા પણ સાચાબોલા એવા મારા પપ્પા મક્કમ મનોબળ અને દૂરંદેશી સ્વભાવવાળા, શિસ્ત અને સત્યના આગ્રહી છે. સ્વચ્છતા અને શાંતિના ઉપાસક તથા ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધા ધરાવનારા છે.

જીવનનો પ્રથમ પાઠ એમની પાસેથી શીખી તે જીવનમાં શ્રદ્ધા અને પ્રાર્થનાનું મહત્ત્વ. દરેક કાર્યની શરૂઆત પ્રાર્થનાથી જ કરે, અને મુખે ગુલાબમાળા રટાતી જ હોય. બીજો પાઠ કે જેના વડે હું મારી જાતને ઓળખતાં શીખી, મારું આત્મસન્માન કરતાં શીખી, તે એ કે કશાના વિશે કદી ફરિયાદ નહીં કરવાની. પહેલાં વિચારો કે મારી શું ભૂલ હતી? બીજું વિચારો કે તેને દૂર કરવાનો શો ઉપાય હોઈ શકે? આ બંને સવાલ તમારી જાતને પૂછો અને જવાબ મેળવો તો પછી ફરિયાદ કરવાનો મોકો જ નહીં રહે! ધોરણ ૧૦ બાદ ઉનાળુ કેમ્પમાં પ્રભુને સમર્પિત થવાની પરવાનગી આપી પણ જ્યાં સુધી ગ્રેજ્યુએશન પૂર્ણ ના કરું ત્યાં સુધી ઘર છોડવાની મનાઈ ફરમાવી દીધી. એડમિશનથી માંડીને મારા ગ્રેજ્યુએશન સુધી સાથસહકાર અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં. પોતાની જરૂરિયાત પર કાપ મૂકીને શક્ય તેટલી અમારી ભાઈબહેનોની સગવડ સાચવી છે. અન્ય સગાં-સ્નેહીઓએ મારામાં રહેલી લાક્ષણિકતાઓને લીધે મને 'ફાઈન આર્ટ' કરવાની સલાહ આપેલી. ત્યારે મારા પપ્પાએ મારી ઈચ્છાને માન આપી મક્કમતાથી મને 'સાયન્સ સ્ટ્રીમ'માં અભ્યાસ કરવાની પરવાનગી આપેલી.

સંન્યસ્ત જીવનનાં છેલ્લા વ્રતનાં થોડા કલાકો પહેલાં મારા પપ્પાએ મને કહેલું, "બેટા, સંન્યસ્ત જીવન રમત વાત નથી. જીવનમાં અનેક મુશ્કેલીઓ આવશે, એની સામે એકલા જ ઝઝૂમીને તેમાંથી સાચો માર્ગ કાઢી જીવતાં શીખવું પડશે. મનમાં અડગ નિશ્ચય હોય તોજ ધ્યેય પ્રાપ્ત થશે, જીવન સાર્થક બનશે. હજુ સમય છે. મન મજબૂત ના હોઈ, જરાપણ અવિશ્વાસ હોય, તો ચાલ ઘેર, વધુ ભણજે. આગળ વધજે. આપણા ઘરનાં દ્વાર સદાય તારા સ્વાગત માટે આતુર છે." અને મેં પણ મક્કમતાથી કહ્યું કે, "પપ્પા, મનથી નક્કી કર્યું છે મેં, ઈસુ પાછળ ચાલવું મારે, પાછા કદી પડવું નથી. કોઈ કાળે." અને હું સાંગોપાંગ ઈશ્વર પ્રભુનાં ચરણોમાં સમર્પિત થઈ ગઈ.

મારી નાની બહેન ઉર્વશી ભણવામાં ખૂબ જ હોશિયાર. સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં ધો.૧૨માં સાયન્સ પ્રવાહમાં પ્રથમ નંબરે પાસ થઈ અને એમ.બી.બી.એસ. થઈ. તેનાથી નાની બહેન કોમલ. તેને એસ.એસ.સી.માં ઓછા માર્કસ હોવાથી મારા પપ્પાએ તેને પી.ટી.સી. કરવા કહ્યું. પરંતુ તેણે હઠ પકડી કે, 'મારે પી.ટી.સી. કરવું જ નથી.' જેથી મારા પપ્પા પીગળ્યા. તેણે પપ્પાને ચેલેંજ આપી કે તે ઉર્વશી કરતાં પણ વધુ ટકા લાવશે. અને સાચે જ તેણે રાતદિવસ સખત મહેનત કરી. પરિણામ એ આવ્યું કે ધો.૧૨ સાયન્સના વર્ગમાં પ્રથમ આવી.

મારા નાનાભાઈ જીગરની સેમેસ્ટર એન્ડ એક્ઝામના દિવસે જ મારા પૂજ્ય દાદાશ્રીનું અવસાન થયું. બપોરે ૨.૦૦ કલાકે તેમની અંતિમયાત્રા નક્કી થઈ અને એજ સમયે જીગરની એક્ઝામ શરૂ થાય. તે મુંઝાયો, 'શું કરવું?' મારા પપ્પાએ ભારે હૈયે તેને હૈયાધારણ આપી કે 'તું નિશ્ચિંત બનીને એક્ઝામ આપ.' જીગરે એક્ઝામ આપી અને સારા માર્કસ સાથે પાસ થયો. આવા તો અનેક ખાટામીઠા પ્રસંગો અમારા જીવનમાં બનેલા છે, ત્યારે પપ્પાએ અપૂર્વ ધીરજથી સર્વ પ્રસંગોમાં કુનેહથી માર્ગ કાઢ્યો હતો.

— સિ. પ્રતીક્ષા રાઠોડ
(મુંબઈ)



**આહ્‌વાન :**

**પરિવારના ઉત્કર્ષ-વિકાસમાં પિતાજીનું યોગદાન-બલિદાન** ✍ **સંકલન: સહતંત્રી**

## પિતૃઋણ

જૂન મહિનાના ત્રીજા રવિવારે પિતૃદિન (ફાધર્સ ડે)ની ઉજવણી વિશ્વભરમાં કરવામાં આવે છે. આપણે ત્યાં પણ આ પિતૃદિન થોડાં ઘણાં અંશે ઉજવાય છે. વર્તમાન સમયમાં માતાઓ વિશે ઘણું બધું લખાયું છે. પરંતુ પિતા વિશે ભાગ્યે જ કોઈએ કશું લખ્યું હોય! ખેર, નથી લખાયું એનો અર્થ એ નથી કે પિતા કોઈ પણ રીતે કમ છે. પિતા ઘરમાં મોભ સમાન છે. અસંખ્ય વળીઓ ખીલા વડે મોભ સાથે જકડાઈ રહે છે ત્યારે છાપરું બને છે. લાકડાની વળીને તો એક જ ખીલાનો માર પડે છે. જ્યારે મોભને તો અસંખ્ય ખીલાઓ ખમવા પડે છે! એ ખીલાઓ ખમીને મોભ ઘરને ઊભું રાખે છે અને કુટુંબને આશરો આપે છે. આ થઈ સામાન્ય વાત.

સંયમ અને શિસ્તના ગુણો પુત્રને પિતામાંથી જ પ્રાપ્ત થાય છે. જે પિતાને માન આપે છે તેનાં પાપ ધોવાઈ જાય છે. પિતાને માન આપનારને તેનાં પોતાનાં સંતાનો તેને સુખી કરશે. એ પ્રાર્થના કરશે તો ઈશ્વર સાંભળશે. પિતાને માન આપનાર દીર્ઘાયુ થશે. પિતાના આશીર્વાદથી સંતાનનું ઘર સુદૃઢ બને છે. પિતાનો ત્યાગ કરવો એ ઈશ્વર નિંદા કર્યા બરાબર છે.

ઉપર જણાવેલ ઉપદેશમાળા(૩)ની કલમો પિતા પ્રત્યેનું ઋણ અદા કરવામાં મદદરૂપ બનશે. પિતાએ આપેલા ભોગનો દુનિયામાં કોઈ જોટો જડે એમ નથી. પવિત્ર યોસેફ પણ પિતા તરીકેની ફરજ નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકપણે અદા કરી છે એ આપણે જાણીએ છીએ. પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઈશ્વરપુત્ર હોવા છતાં પોતાના પિતાની આજ્ઞા માથે ચડાવી છે. પિતાની ઈચ્છા પ્રમાણે જ મૃત્યુને ભેટ્યા અને સજીવન થઈ આપણું તારણ કર્યું.

— ફ્રાન્સિસ ગાલુસ મેકવાન (ચાવડાપુરા)

## હેલ્લો પાપા

કોઈકે કહ્યું છે કે બાળકનો જન્મ થતાં જ પુરુષમાં રહેલા પિતાનો જન્મ થાય છે. બાળકનો જન્મ થતાં જ ઊતરાયણનો, ટી.વી. જોવાનો, સામાજિક કામ કરવાનો, દોસ્તો સાથે ગપ્પાં મારવાનો, ફરવાનો, એવાં કંઈ કેટલાય શોખ ઉપર લગામ આવી જાય છે. એક નાના બાળકની તાકાત છે. ચંન્દ્રકાન્ત બક્ષીની વાર્તા 'પાણીપતનું ચોથુ યુદ્ધ'માં પુરુષનાં આખા દિવસની કામ માટેની ભાગદોડને યુદ્ધ સાથે સરખાવામાં આવી છે. 'એક હાર-જીત વગરનું યુદ્ધ', એ વાર્તામાં ઘરના જીવનનિર્વાહ માટે પુરુષ જે મહેનત કરે છે એની વાત છે.

એક બાપ રોજ 'પાણીપતનું ચોથુ યુદ્ધ લડતો હોય છે. સાંજે હણાયેલા યોદ્ધાની જેમ ઘરે આવે છે. બીજા દિવસે પાછો 'યુદ્ધ' માટે તૈયાર થઈ જાય છે. કોના માટે?... પોતાના સંતાનો માટે. પાછો એક બાપ એક યુદ્ધ પોતાની જાત સાથે પણ લડતો હોય છે અને એ યુદ્ધમાં પોતાના સમયની, પોતાના શોખની આહુતિ આપે છે સંતાનો માટે.

સાગરના પાણીમાંથી મીઠું પકવવા માટે સૂર્યની ગરમીની જરૂર પડે છે. સૂર્યની ગરમીથી સાગરના પાણીનું બાષ્પીભવન થતાં મીઠું મળે છે. એ મીઠું કે જેના વગર રસોઈ ફિક્કી લાગે. બાપ સંતાન માટે એવા જ સૂરજની ગરજ સારે છે. પોતાની યોગ્ય ગરમીથી સંતાનના દુર્ગુણનાં પાણીનું બાષ્પીભવન કરે છે. અને જરૂરી સદ્‌ગુણોનું મીઠું પકવે છે એવા સદ્‌ગુણો કે જેનાથી જીવનરસોઈ સ્વાદિષ્ટ અને રસાળ બની રહે પણ માની લાગણી અને સરખામણીમાં બાપનો ત્યાગ ઝાંખો લાગે છે પણ એથી બાપની કિંમત ઓછી આંકી શકાય નહીં.

— સુપંથ એમ મેકવાન (નડીઆદ)

## પપ્પા એટલે પપ્પા



પપ્પા હોવું એટલે શું? હું તો માનું છું કે આખરે પપ્પા એ પપ્પા છે. દરેક પુત્રનો પિતા પ્રત્યેનો પ્રેમ જુદો હોય છે. કેટલાક કિસ્સામાં એવું પણ બને કે પુત્ર પિતાને નફરત કરતો હોય. (જોકે એની પાછળ કેટલાક કારણો જવાબદાર હોઈ શકે છે) આદર્શ સ્થિતિ એ છે કે પપ્પા કે પિતા જેવા હોય એવા સ્વીકારી લેવા. પપ્પાને અનેક જવાબદારીઓ નિભાવવાની હોય છે. ગૃહસ્થજીવન એ ખાવાના ખેલ નથી. ઘણીબધી તકલીફો વચ્ચે દરેક પિતા ઈચ્છે છે કે એનું ગાંડુ ગબડે!

જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ પપ્પાનો આપણા પ્રત્યેનો પ્રેમ સતત વધતો રહે છે. મારી પાસે મારા પપ્પા છે એ વિચાર જ મારામાં કેટલી બધી હિંમત ભરી દે છે. મમ્મી પપ્પાની હાજરીથી સંતાન કેટલી બધી સલામતી અને વિશેષ તો કેટલી બધી હિંમતનો અનુભવ કરે છે. બાળક નાનું હોય ત્યારે પપ્પા બાળક માટે રમકડાં, ચોકલેટ, ફ્રૂટ વગેરે લાવે છે. બાળક જેમ જેમ મોટું થાય તેમ તેમ એની જરૂરિયાતો બદલાતાં પપ્પા પણ આ પરિવર્તન સમજી બાળકની ઈચ્છાઅનુસાર વસ્તુઓ ખરીદી લાવે છે. Having father is not a common matter.

મારી વાત કરું તો હું બાળપણમાં અને છેક પહેલા ધોરણ સુધી મારા મામાના ત્યાં રહેતો હતો. મમ્મી રિસાઈને એના પિયર (મારા મોસાળ)માં રહેતી હતી. હું પણ એ વખતે મારી મમ્મી પાસે હતો. જોકે મારી મમ્મી અને પપ્પાને સાથે રહેવાનું જ હશે એટલે પપ્પા મમ્મી પુનઃ ભેગાં રહેવા લાગ્યાં; અને મને મારા પપ્પાનો પ્યાર મળતો રહ્યો. જે આજે પણ મળે છે. એ વસ્તુ મનમાં સમજી લઈએ કે મમ્મી પપ્પા એ આપણી પસંદગી નથી. આપણને જે મમ્મી પપ્પા મળ્યાં છે એનો સ્વીકાર કરી લઈએ. મમ્મી પપ્પા, બેયને પ્રેમ કરતા રહીએ. એન્જોય ફાધર્સ ડે.

— અમિત ચૌહાણ (વલાસણ)

## માબાપની નિશ્રામાં

મારાં માબાપ મારા માટે સાચા ગુરુ હતા. નાનપણથી જ તેઓએ શિખવાડ્યું ઈશ્વરના પ્રેમ વિષે, ઈશ્વર આપણા પિતા છે, પોતાના પુત્ર પ્રભુ ઈસુને મોકલીને આપણને પાપમય જીવન છોડીને ઈશ્વર પાસે જવાનો રસ્તો તૈયાર કર્યો છે.

મારા પિતાજી ખૂબજ ધાર્મિક માણસ હતા. ચર્ચમાં દૂત વંદન માટે ઘંટ વાગે, તરત જ અમારે પ્રાર્થના માટે બેસવાનું. સવારે કુટુંબ પ્રાર્થના પછી ખ્રિસ્તયજ્ઞમાં પણ ફરજિયાત જવાનું રહેતું. ચર્ચમાંથી આવીને, નાસ્તો, ટિફિન લઈને સ્કૂલમાં જવાનું રહેતું. સાંજે પણ ચર્ચ ઘંટ વાગે એટલે પ્રાર્થના માટે બેસવાનું અને ગુલાબમાળા અને સાંજની પ્રાર્થનાઓ બધાં સાથે બોલવાની રહેતી. અમે ચાર બાળકોને જ વારાફરતી પ્રાર્થનાઓ બોલવાનું. અર્ધા કલાકની પ્રાર્થના સમયે પિતાજી ઘૂંટણે ટેકીને પ્રાર્થના કરતા હતા. અમે બાળકો પિતાજીની આગળ ઘુંટણે ટેકીને પ્રાર્થના કરતા હતા, થાકી જાય તો બેસી જતા હતા. પિતાજી કોઈપણ મુસાફરીએ જતા હોય એના પહેલા પ્રાર્થના રૂમમાં જઈને ઈસુના પૂજ્ય હૃદયની છબી આગળ પ્રાર્થના કરીને જતા, કોઈ બીમાર હોય પણ ખાસ પ્રાર્થના કરતા.

એવું કહેવામાં આવે છે કે, "કુટુંબ એ સમાજનો પાયો કે આધારસ્તંભ છે. દરેક માનવી મૂળભૂત મૂલ્યો અને સંસ્કારો પોતાના કુટુંબમાંથી જ મેળવે છે." મેં આ મૂલ્યો મારા માબાપ પાસેથી મેળવ્યા છે. એક સંન્યાસી થયા પછી જ હું સમજું છું કે હું કેટલી ભાગ્યશાળી છું મને ઈશ્વરે એના માબાપને આપ્યા છે. મારા માબાપે કેટલી કાળજીથી તેમની ફરજ પૂરી કરી છે. અનુસંહિતામાં આપેલાં વચન (૬:૪-૭) મારા માબાપે પૂર્ણ કર્યાં છે. "સાંભળ, હે ઈસ્રાયેલ! આપણો ઈશ્વર પ્રભુ એકજ છે. અને તારે તારા ઈશ્વર પ્રભુ ઉપર પૂરા દિલથી, પૂરા જીવથી અને પૂરી તાકાતથી પ્રેમ રાખવો. હું આજે તમને જે આજ્ઞાઓ ફરમાવું છું તે તમારે હૃદયમાં કોતરી રાખવાની છે, તમારા સંતાનોને ઠસાવવાની છે, અને ઘરમાં અને બહાર, સૂતાં અને બેસતાં એનું રટણ કરવાનું છે." મને એવું લાગ્યું છે કે મારા પિતાએ ઈશ્વરની આ વાણી સમજીને તેમના જીવનમાં અને પોતાના કુટુંબમાં અને બાળકોને પણ શિખવાડ્યું છે. મારા પિતાજીના પ્રાર્થનામય જીવનથી, આખા પરિવારના સભ્યો સાથે હમેશાં એકતાના બંધનમાં જીવ્યા, બધાંને શાંતિ, પ્રેમ અને આનંદના જીવનના અનુભવ થયો.

અમે એક સાધારણ માધ્યમવર્ગના કુટુંબનાં હતાં. પણ મારા પિતાજી હમેશાં ગરીબ કુટુંબને બનતી એટલી મદદ કરતાં. બીમાર લોકોની મુલાકાતે જતા, દવાખાને લઈ જવા માટે પણ મદદ કરતા. મારા પિતાજી બાળકોને સારા વાંચન માટે સારા સામયિકો, પુસ્તકો મંગાવતા. સ્કૂલની લાયબ્રેરીમાંથી રજાઓ ઉપર સારી ચોપડીઓ લઈ વાચવા પ્રોત્સાહન આપતા. ઘરમાં કદી બા જોડે કોઈ ઝગડા કે કંકાસ થઈ મેં જોયાં નથી.

મારા પિતાજી પોતાના પરિવાર ખાતર જાતને ખર્ચી નાખી. તેઓએ ૧૨ વર્ષ સુધી ચર્ચના કામમાં પોતાની સેવાઓ આપી. કોઈપણ મુશ્કેલીઓ આવે. માંદગી આવે ત્યારે, પ્રાર્થના કરવાનું, મારા પિતાજી અમારા પરિવાર માટે, અમારા આસપાસના લોકો માટે દીવારૂપ બની રહ્યા. સગાંવહાલાંઓ અને પડોશીઓ પણ તેમને ચાહતા અને માન આપતા. તેમના આ શ્રદ્ધામય જીવન, પ્રાર્થનામય જીવન માટે બધા લોકો ખૂબ વખાણ કરતા હતા.

મારા માબાપે આપેલા સારાં મૂલ્યોને લીધે મારા ભાઈઓએ માબાપના ઘડપણમાં પ્રેમપૂર્વક ખૂબ સેવા કરી, તેથી તેઓ આનંદમય જીવન જીવીને, બધાને આર્શીવાદ આપીને, શાંતિમાં ઈશ્વર પાસે ગયાં.

— સિસ્ટર જોસફા (ભિલોડા)



'દૂત' સ્વયંસેવિકા **રેગીનાબેન ફિલિપભાઈ મેકવાન** તેમના પતિના અવસાન પછી ભાતૃભાવ સોસાયટી તેમજ મિશન વિસ્તાર નડીયાદમાં ઘેરઘેર 'દૂત' પહોંચાડતાં હતાં. 'દૂત' પરિવાર તેમની કદર કરે છે. તા. ૧૯-૦૫-૨૦૧૫ના રોજ તેમનું અવસાન થતાં 'દૂત' તેમના પરિવારને દિલાસો પાઠવે છે. પ્રભુ તેમના આત્માને પરમવિરામ અને શાશ્વત શાંતિ આપે.

- ગુજરાત સાહિત્ય પ્રકાશ, ગામડી-આણંદ


# નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૫-૨૦૧૬

ભારત સરકાર માન્ય કોર્સીસ

INC, KNC, KSNEB, RGUHS માન્ય કૉલેજ

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત | ફી |
|---|---|---|---|
| GNM નર્સિંગ | 3½ વર્ષ | ૧૨ પાસ (આર્ટસ, કોર્મસ, સાયન્સ) ઈંગ્લીશ સાથે | રૂા. ૪૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગ | ૨ વર્ષ | GNM પાસ | રૂા. ૭૫,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| B.Sc. નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (સાયન્સ, બી-ગ્રુપ) | રૂા. ૬૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| M.Sc. નર્સિંગ | ૨ વર્ષ | B.Sc./P.c.B.Sc. પાસ | રૂા. ૧,૦૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |

* હપ્તેથી ફી ભરવાની સગવડ
* SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ
* એજ્યુકેશન લોન મળશે
* ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ તથા સ્કૂલ
* ગુજરાતી જમવાનું

**સંપર્ક કરોઃ- રાજેશભાઈ**

**રીચ એજ્યુકેશન ગાઈડ**

૧૧, ડૉ. લોરેન્સ એવન્યુ, મેથોડિસ્ટ ચર્ચની પાસે,
સિયોનનગર, મણીનગર(પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮

**મો. ૯૮૭૯૯ ૧૯૦૯૧, ૯૩૨૭૪ ૮૮૫૦૧**

## બલિદાનમૂર્તિ બાપ

અમારા અંગત મતે અને અવલોકને - બાપને સારો પ્રસ્થાપવાનો એક માર્ગ, માત્ર એક જ માર્ગ બેટા પાસે છે. અને તે એ કે - બેટાએ ખરાબ થવું!!!

જો બેટો દુષ્ટ હોય, નાલાયક હોય, ભ્રષ્ટ હોય, અવિચારી હોય, તસ્કર હોય, કુખ્યાત હોય, તો લોકોને બાપની સારાઈ જ દેખાશે. બાપનું વ્યક્તિત્ત્વ નિખરી ઊઠશે!

કવિવર દલપતરામના દીકરા ન્હાનાલાલ વિશે. હા...વીર નર્મદ કવિજીવ હતા એટલે તેમણે પોતાનો મત પણ કાવ્યત્મક રીતે અભિવ્યક્ત કર્યો હતો. “ડાહ્યારામનો દીકરો દલપત એનું નામ પણ નફ્ફટ નીકળ્યો નાનિયો, જોણે બોળ્યું બાપનું નામ...”

અહીં ન્હાનાલાલની નફ્ફટાઈ પિતા દલપતરામની સારાઈને પ્રસ્થાપે છે; પરોક્ષ પ્રશસ્તિ કરે છે. દુર્યોધન-દુશાસનની દુષ્ટતા ધ્રુતરાષ્ટ્રની દુષ્ટાતાને ઝાંખી પાડે છે. એનાથી વિપરિત પાંડુરાજાની સારાઈ પુત્રોની સારાઈથી ઢંકાઈ જાય છે. વામણા પુત્રે દેવાનંદ, શશીક્રપુર, રાજેન્દ્રકુમાર, રાજકુમાર સદાય પ્રતિષ્ઠિત રહ્યા. ચાર્લી ચેપલીન, ન્યૂટન આઈન્સટાઈનના કિર્તીમાન અચળ છે, કારણ નબળા પુત્રો... ના પુત્રો. સંબંધ-સગપણ-પિતૃત્વ સાંપ્રત સમયમાં ગૌણ બની ગયું છે. હાંસિયામાં ધકેલાઈ ગયું છે તો સાક્ષરો-કલમખોરો-લેખકો ‘પુરુષપ્રધાન સમાજ’ની વાત કરતાં ‘પિતૃપ્રધાનતા’ને ગાળની કક્ષાએ ઉતારી પાડે છે. તેઓના મતે તો ‘જનનીની જોડ સખી નહિ જડે રે...’ આનો પરોક્ષ અર્થ છે : બાપ ભાજીમૂળા!!! મા તે મા અને બીજા બધા વગડાના વા! આ બીજા બધામાં બાપ અપવાદ કેવી રીતે હોઈ શકે? ઘણા લોકો ‘માબાપ’ની સમજૂતી આમ આપે છે મા એટલે બા. અને બાપ એટલે બાપા, બા પૂર્ણ અને બાપા એટલે બાનો પા (૧/૪) ભાગ!!!

અને યાદ કરો પેલી કહેવત - ‘ગરજે ગધેડાને બાપ કહેવો.’ આ કહેવતનો ગર્ભિત અર્થ છે, ‘ગરજ ના હોય તો બાપને ય ગધેડો સમજવો’ ઘરડા ગધેડાને ઠંઠેરી મૂકવાની માણસ-કુંભાર સહજ વૃતિ છે. નિવૃત અને ‘ના-નિવૃત્તિવેતન’ વરિષ્ઠ નાગરિકના દૃશ્યને ટટોલી જુઓ. વરિષ્ઠ નાગરિક પણ ‘પૂર્વ-પિતા’ તો ખરોજને?

ઘણી વખત બાપ વારસામાં દેવું આપી જાય છે. કારણ કુટુંબ-બેટાને પાળવા પોષવા જ બાપુ દેવું કરે છે કરવું પડે છે. લોન લેવી પડે છે. જૂની કહેવત છે ‘દેવું કરીને પણ ઘી તો પીવું.’ નવી કહેવત છે લોન લઈને પણ સંતાન ભણાવવું હોય તો ઘરેણાં ગિરવે મૂકીને. ના હોય તો પ્રોવિડન્ડ ફન્ડ ઉપાડીને...

એટલે જ એવી કહેવત છે કે ‘બાપના બાપને ઘેલાં રુએ’, કારણ બાપના બાપના પૈસે ય તાગડધિન્ના થોડા થઈ શકે? બાપનો બાપ એટલે તો સાઠે બુદ્ધિ નાઠી, સિત્તેર વરસનો ઘરડો, છોકરા કહે ‘કાં નથી મરતો ટરડો?’

અને છેલ્લે પ્રચલિત કહેવત - ‘મા મૂળો ને બાપ ગાજર’, અર્થાત્ સુમેળ વિનાનું કઢાયા ને કકળાટભર્યું બાપનું જીવન! એક હાસ્યલેખક કહે છે કે પતિ-પત્ની (એટલે કે માબાપ) એટલે બે તોફાની વૈશાખનંદનોનું પાદબંધન. બેઉ વિરુદ્ધ દિશામાં જવા ઈચ્છે પણ... સાથે ચાલે. એક દિશામાં ચાલે. ચાલવું પડે છે. બાપ બન્યા હૈ તો (માકે) સાથ ચલના પડતા હૈ. બાપ એટલે ‘હું ચાહે આમ કરું, હું ચાહે તેમ કરું...’ ના કરી શકે તેવી બેબસ વ્યક્તિ! બાપ એટલે મંછાનું મારણ કરી જીવતી હસ્તિ! બાપ એટલે “અપને લીયે જીયે તો ક્યા જીએ...?” આમ બાપ એટલે બાળકો, બાળકોની મા અને ખૂદનાં માબાપ માટે જીવની વ્યક્તિ. ધર્મસભાની તાકેદ “માબાપને છોડી પત્નીને વળગી રહેશે”ને ઉથાપી માબાપ સાથે રહેતો પુરુષ-બાપ? બાપ એટલે ધર્મ નહીં ધરમ-ફરજને અનુસરી જીવતી વ્યક્તિ! પછી ભલેને કોઈ કહે, ‘યે જીના ભી કોઈ જીના હૈ; લલ્લું?’

— પીટર મેકવાન ‘દ્વિતારક’ (વ્યંગકાર)


## લગ્ન વિષયક

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર વર્ષ ૨૯, ઊંચાઈ ૫'૮", રંગ ગોરોવાન, અભ્યાસ B.Com, MBA (Finance) હાલમાં રાષ્ટ્રીયકૃત બેંકમાં ઓફિસર માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતી સુંદર, સુશીલ તથા સંસ્કારી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો. જાહેરાતનો હેતુ ફક્ત યોગ્ય પસંદગીનો છે.

**મો. ૯૦૬૭૮ ૩૧૨૩૯ / ૯૮૯૮૦ ૪૦૦૩૦**

## નર્સિંગ પ્રવેશ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે મળો

ભારત સરકાર માન્ય કોર્સીસ

INC, KNC, KSNEB માન્ય કૉલેજ

| કોર્ષનું નામ | મુદ્દત | લાયકાત | ફી |
|---|---|---|---|
| GNM નર્સિંગ | 3½ વર્ષ | ૧૨ પાસ (આર્ટસ, કોર્મસ, સાયન્સ) | રૂા. ૫૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |
| પોસ્ટ બેઝિક B.Sc. નર્સિંગ | ૨ વર્ષ | GNM પાસ | રૂા. ૭૦,૦૦૦/- (પ્રથમ વર્ષ) રૂા. ૬૦,૦૦૦/- (દ્વિતીય વર્ષ) |
| B.Sc. નર્સિંગ | ૪ વર્ષ | ૧૨ પાસ (સાયન્સ, બી-ગ્રુપ) | રૂા. ૫૦,૦૦૦/- વાર્ષિક ટ્યુશન ફી |

* હપ્તેથી ફી ભરવાની સગવડ.
* SC/ST તથા લઘુમતીના વિદ્યાર્થીને સરકારી સ્કોલરશીપ.
* ઉત્તમ સગવડ સાથેની હોસ્ટેલ તથા કૉલેજ/સ્કૂલ.
* ઉપરોક્ત ફીમાં રહેવા-જમવા અને ટીકીટના ખર્ચનો સમાવેશ થયેલો છે. (ફક્ત GNM નર્સિંગ અને પોસ્ટ બેઝિક નર્સિંગ કોર્ષ માટે.)
* B.Sc. નર્સિંગ (૪ વર્ષ) માટે કૉલેજની હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે. જેનો દર મહિને ખર્ચ રૂા.૩,૦૦૦/- અલગથી છે.

**સંપર્ક કરોઃ- રેચલબેન સી. મેકવાન**

એ/૩/૧ લાલભાઈ સેન્ટર, લક્ષ્મીનારાયણ ચોકડી રોડ,

એદન પાર્કની સામે, ખોખરા, મણીનગર,

**મો. ૭૮૭૪૫ ૨૫૨૯૯ / ૯૮૨૫૧ ૧૭૮૯૬ / આણંદ: ૭૩૮૩૫ ૦૦૧૧૫**

## સર્વોચ્ચ સ્થાને પિતાજી

ડેવિડ બેકહેમ ઈંગ્લેન્ડનો વિખ્યાત ફૂટબોલ પ્લેયર એક વૈશ્વિક પ્રતિભા છે. આદર્શ છે. ભલભલા સર્વોચ્ચ મહાનુભાવો સંકોચ થઈ આવે એવી રોમાંચક એની જીવનતરાહ છે. ‘ફોર્બ્સ’ મેગેઝિને વિશ્વની સૌથી શક્તિશાળી ૧૦૦ વ્યક્તિઓની યાદીમાં બેકહેમને પાંચમા ક્રમે મૂકી દીધો. ડેવિડ બેકહેમ એ માત્ર એની રમતને કારણે જ નહીં. પણ એના અસાધારણ વાણી વિધાનને કારણે પણ જાણીતો છે.

ડેવિડ બેકહેમ પારિવારિક મૂલ્યોમાં માનતો ઘરરખ્ખુ માણસ છે. ચિક્કાર સફળતા, ધનદોલત અને પ્રખ્યાતિ પછી પણ આબરૂનાં ધજાગરા ઊડી જાય એવું વર્તન ક્યારેય કરતો નથી.

ડેવિડ બેકહેમ પર એના પિતાની તીવ્ર અસર છે. પિતા ટેડ બેકહેમ ખુદ ફુટબોલના ખૂબ શોખીન હતા. એમને જોઈને નાનકડા ડેવિડને પણ ફૂટબોલ રમવાનું મન થતું. ધીમે ધીમે નજીકમાં આવેલા પાર્કમાં કલાકોના કલાકો સુધી પ્રેક્ટિસ કરાવવાનું શરૂ કર્યું. નાનકડા ડેવિડની પિદૂડી નીકળી જતી પણ પપ્પા ટેડ બેકહેમ એને બક્ષતા નહીં.

પ્રોફેશનલ ફુટબોલર બની ગયા પછી ટેડ બેકહેમ એને કહેતા, ‘તું સારું રમ્યો, પણ તોય તેં ફલાણી ફલાણી ભૂલો તો કરી જ.’ એમાંય જો ડેવિડ ખરાબ પરફોર્મ કરે તો તો આવી જ બનતું. ટેડ બેકહેમ દીકરામાં ક્યારેય હવા ભરાવા ન દીધી. એને સતત જમીન સાથે બાંધી રાખ્યો. પિતાની આંખમાં આવી જતી ચમક કે ક્યારેક એમના તરફથી મળી જતું વહાલભર્યું હળવું આલિંગન ડેવિડ માટે બહુ થઈ જતું.

ઘણાં હરખપદૂડાં માબાપ સંતાનો ધૂળ જેવી સિદ્ધિ મેળવે તો પણ ઘેલાં થઈ જતાં હોય છે. આ પ્રકારનો અભિગમ એકધારો રહે તો લાંબાગાળે સંતાનને નુકસાન થતું હોય છે. ટેડ બેકહેમની વાત જુદી હતી. ‘પિતા’ એટલે પર્વત જેટલાં વિશાળ વ્યક્તિત્વમાંથી નીકળતી પ્રેમની ખળખળતી ‘નદી’. પિતાની હાજરી કરતાં પિતાની ગેરહાજરી આપણને તેમના મહત્ત્વનું ભાન વધારે કરાવે છે. તેમનાં મૂલ્યને વધારે સમજાવે છે. બાપનું બલિદાન મૂગું હોય છે. જે ક્યારેય સંતાનો સુધી પહોંચતું નથી. ‘મા’ રડી લે છે એટલે એનાં આસું ગાલ પર દેખાય છે. બાપ રડી શકતો નથી. તેથી તેનાં આસુંઓ હૃદયમાં ઊતરે છે. જે ક્યારેય દેખાતાં નથી. એટલે સંતાન ‘બાપ’થી છેટું અને ‘મા’થી નજીક રહે છે.

જો ‘મા’ એક એવી બેંક છે જ્યાં તમે બધાં દુઃખ જમા કરી શકો તો ‘પિતા’ એવું ક્રેડીટ કાર્ડ છે જે બેલેન્સ ના હોય તો પણ ખુશીઓ આપતા રહે છે. માતા સ્તનપાન કરાવે છે અને પિતા સ્નેહપાન કરાવે છે. મા હાલરડું ગાઈને બાળકને સુવાડે છે, તો પિતા એને હરહાલમાં જાગ્રત રહેવાના પાઠ શીખવે છે. માતા બાળકના જીવનને ગીત આપે છે અને પિતા બાળકના જીવનને ગતિ આપે છે. સંતાનોની નાનામાં નાની ખુશી માટે માબાપ પોતાનાં મોટામાં મોટા સુખો છોડી દેતાં હોય છે. ત્યાગ અને સમર્પણની આ સંવેદના સમજવામાં એ સંતાનોને ક્યારેક પોતે માબાપ બને ત્યાં સુધીનો સમય લાગી જાય છે.

જે પિતા પોતાનાં બાળકના જન્મદિને એક નવું પુસ્તક ભેટ આપવાનું કામ કરે છે, તો તે પિતા ઘડપણના સુખને અત્યારથી જ સેઈફડિપોઝીટ વોલ્ટમાં મૂકવાનું કામ કરી રહ્યા છે. બાર સાંધેને તેર તૂટે એવી પરિસ્થિતિમાં પણ ઘરના સભ્યોને હસતા રાખી ઓશિકાની આડમાં બે આસું પાડી લેતું પાત્ર એટલે ‘પિતાજી’. પિતાજીની ભૂલને દીકરો કોઈ વખત માફ કરે તોય દીકરો મહાન નથી થઈ જતો. ભૂતકાળમાં દીકરાની ભૂલો, દીકરાનાં તોફાન પિતાએ અનેક વખત માફ કર્યા જ હોય છે. હિસાબ કરીએ તો પિતા જ લેણદાર રહેવાના! સંતાનની દરેક જિદ સંતોષનામાં પિતૃધર્મ નથી. પિતા એ તટસ્થપણે સમજવાનું છે કે સંતાનની કઈ જિદ સંતોષવી અને કઈ જીદનો ઈન્કાર કરવો. બાળક ખોટી જિદ કરતું હોય તો સમજવું કે પિતૃ ધર્મમાં કંઈક ત્રુટિ છે.

રામે પિતાનાં વચન ખાતર ચૌદ વર્ષનો વનવાસ વેઠ્યો તોય એમનો પિતા પ્રત્યેનો આદરભાવ અકબંધ રહ્યો, તો પિતાજી આપે તો મને આજીવન હૃદયવાસ કરાવ્યો છે આપના પ્રત્યેના મારા આદરમાં ઓટ શેની આવે, પિતાજી? પિતાજી! મને યાદ છે. તમારી હૈયાઉકલતથી તમે દરેક આપત્તિનો ઉપાય કરતા હતા. મારા ઉછેરમાં તમારી કોઠાસૂઝનો ફાળો ઓછો નથી. આ સ્મૃતિ મારા હૈયામાં અકબંધ જ રહેશે! — નમ્રતા રાકેશ પરમાર


ચાવડાપુરા - આણંદ

**બાંધકામ લાયક પ્લોટ વેચવાના છે.**

અલગ અલગ ક્ષેત્રફળ ધરાવતા N/A, ટાઈટલ ક્લીયર, મોકાના પ્લોટ તેમજ રેડી પઝેશન મકાન વેચવાનું છે.

:: વધુ વિગત માટે ::

**www.jptenants.com** પર log in કરો અથવા ફોન કરો.

૭૬૦૦૬ ૭૨૭૧૨

*દુકાન તથા મકાન ભાડે લેવા તથા વેચવા માટે મળો.*

JP Tenants Link Limited

12, City Point Complex, Opp. GPO, Anand 388 001 Office: 02692-241939

97, St. Mary's Road, Southampton, SO14 0AH, U.K.

## ભવ્યમૂર્તિ પિતાજી

મારા પિતા ચીમનલાલ ખરા અર્થમાં માનવ હતા. મારા પિતાનો સૌથી મોટો ગુણ એટલે એમનો મળતાવડો સ્વભાવ. નાના-મોટા સૌ કોઈને માનથી અને વહાલથી બોલાવતા. જાહોજલાલી છતાં અભિમાનનું નામ ન જોવા મળે! નાયબ મામલતદાર પછી મામલતદારના ગૌરવાન્વિત હોદ્દો પરથી એમણે શક્ય તેટલાં કામ કર્યા હતાં. કોઈનું કામ કર્યાનો અનોખો સંતોષ તેમના સ્મિત ભરેલા ચહેરે હંમેશા ડોકાતો હોય. સોસાયટીના મકાનો માટે સિમેન્ટ, રેતીની વ્યવસ્થા કરવાની હોય કે કોઈ ગરીબજનની રેશનકાર્ડની જરૂરિયાત હોય, અરે! શ્રધ્ધેય સંન્યાસીઓના સરકારી કામ માટે તો સદૈવ તત્પર રહેતા.

સરકારી નોકરીને કારણે જાહેર જીવનમાં સેવારત મારા પિતાએ ઘરની જવાબદારી પણ બખૂબી નિભાવી હતી. મારી સાથે ત્રણ ભાઈઓ મળીને અમારું છ વ્યક્તિઓનું કુટુંબ. સૌથી મોટા પંકજભાઈ પ્રત્યેનો પિતાનો પ્રેમ આ ભાઈના લગ્નમાં નીતરી રહ્યો હતો. લગ્નના ત્રણ મહિના પછી જ ભાઈને ભયંકર અકસ્માત નડ્યો. એ રવિવારની રાતે 'દીકરો પંકજ અમદાવાદ હોસ્પિટલમાં સિરીયસ છે.' સાંભળી પપ્પા ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. આ રીતે રડતા મેં પહેલીવાર જોયા. પ્રાર્થનાઓની અવિરત હિંમતથી અઢી મહિનાની કોમાની સ્થિતિમાંથી પંકજભાઈ બહાર આવ્યા. જો કે બોલવાની તાકાત ગુમાવી બેઠા હતા. જીવનભરની મૂડી ખર્ચીને પણ પપ્પા એટલું જ કહેતા કે, 'મારા જીવતા જીવ પંકજને કંઈ અજુગતું થઈ જાય તો મારે મૂંછ મૂંડાવવી પડે. પંકજ તો મારું નાક છે.' આ હતો મારા પિતાનો પુત્રપ્રેમ.

બીજા નંબરના સુરેશભાઈ જન્મથી જ શરીરે નબળા. એમની શારીરિક નબળાઈ મારા પિતાની ચિંતા વધારતી. ખરેખર થોડા વખતમાં જ ભાઈની તંદુરસ્તી સારી થઈ. પહેલેથી ઠરેલ વ્યક્તિત્વ ધરાવતા આ ભાઈ મારા પિતાને તેમના ઉપર પૂર્ણ વિશ્વાસ. સમય જતાં તેમના પણ લગ્ન કરી પિતૃત્વની ફરજ મારા પિતાએ નિભાવી.

ત્રીજો ભાઈ સંજય કપડાંનો ભારે શોખીન. તેનામાં જાણે મારા પિતા પોતાનું બાળપણ ફરી જીવવા લાગ્યા. સંજય ભારે લાડકો. જો કે ઘડીકમાં બીમાર થઈ જાય. એકવાર તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. ઊંચા જીવે ઘેર આવેલા પપ્પાએ જોયું તો અમે ઘરમાં ટી.વી. જોતા હતાં પપ્પા જોરદાર ગુસ્સે ભરાયા. 'દીકરો હોસ્પિટલ છે અને તમને ટી.વીમાં રસ છે' કહીં જે રીતે અમને ધમકાવ્યા પહેલીવાર મેં મારા પપ્પાને આવા ક્રોધિત જોયા હતા. એ ક્રોધ દીકરા પ્રત્યેના પ્રેમને કારણે હતો એવું પછીથી મને સમજાયું ત્યારે મેં પિતાને મનોમન વંદન કર્યા હતા. મારા પિતાએ ભાઈને ગમતી યુવતી સાથે તેનાં લગ્ન કરાવ્યાં ત્યારે પણ લોક કહેતા હતા - 'ઘર અને વર એક સાથે? ચીમનભાઈ એ તો તમારું જ કામ.' મારા પિતાનું એક જ લક્ષ્ય હતું - સંતાનો દુઃખી ન થવાં જોઈએ.

કુટુંબમાં ચોથા સંતાન તરીકે મારો નંબર આવે. ત્રણ ભાઈઓમાં નાની અને એકમાત્ર બેન તરીકે આખાય પરિવારનું વહાલનું કેન્દ્ર. પિતાના દીકરી પ્રેમ વિશે તો કહેવું જ શું? માંગ્યા વિનાની ચીજ વસ્તુ હાજર હોય. મારા લગ્ન કરી મને ઘરમાંથી વિદાય આપવાની મારા પપ્પાની બિલકુલ ઈચ્છા ન હતી. પણ સમાજ શું કહે? એ વિચારે હૃદય પર પથ્થર મૂકી આખરે તેમણે ઘરની દીકરીને વિદાય આપી. જોકે દીકરી કોઈપણ રીતે દુઃખી ન થાય તેવો પરિવાર શોધવામાં એક પિતા તરીકે તેમણે સહેજેય કસર રાખી નહતી, અને તેમાં પ્રભુ કૃપાથી તેઓ સફળ રહ્યાનો સંતોષ તેમના ચહેરે મેં હમેશાં જોયો છે.

એક દીકરી તરીકે મારા પિતાના જીવનસાફલ્યને મેં બારીકાઈથી જોયું-માણ્યું છે. મારી નજરમાં મારા પિતા એક સફળ પિતા હતા એમાં કોઈ શંકા નથી. હું એટલું જ કહી શકું કે મારા માનસમાં એક સંપૂર્ણ સંસારી તરીકે મારા પિતા સદૈવ વંદનીય રહેશે.

આજે છ વર્ષથી મારા પિતાની ઓથ વિના આ પૃથ્વી પર હું શ્વસી રહી છું. ૨૯-૦૩-૨૦૦૯ના રોજ ટુંકી બીમારી બાદ મારા પિતાનો જીવનદીપ બૂઝાઈ ગયો. ૧૦-૦૧-૨૦૧૫ના રોજ મારી મમ્મી પણ પિતાની વાટે ચાલી નીકળી. માતા-પિતાની ખોટ તો મૃત્યુપર્યંત રહેવાની પણ તેમના પ્રેરણાત્મક જીવનની હૂંફ સધિયારો બની રહી છે. એક આદર્શ પિતાની દીકરી તરીકે હું ગૌરવ લેતી હતી અને સદૈવ એ જ ગૌરવ સાથે મારા પિતા મારામાં જીવીત રહેશે. હા, ભવ્યમૂર્તિ પિતાજી.

— અવનિકા ફ્રાન્સિસ ડાયર્સા

**Ronit Macwan**
**84601 53038**

**Dhruv Joshi**
**74057 60967**

RD Events

**rdoccasions@gmail.com**

**લગ્ન, સગાઈ તેમજ રીસેપ્શન જેવા પ્રસંગો માટે.**

કંકોત્રી, કેટરીંગ, ડેકોરેશન, બસ તથા ગાડી, ફોટોગ્રાફી, હોટેલ, બેન્ડ-બાજા, બગી જેવી તમામ સગવડો માટે સંપર્ક કરવો.

## પિતાજી - પ્રભુની ભેટ

એક વખત મારે સુરત જવાનું થયું. મારી જોડે બારી પાસે એક બારેક વર્ષનો છોકરો બેઠો હતો. સામે તેનાં માતા-પિતા બેઠા હતાં. બાળકના વર્તન પરથી લાગતું હતું કે તેણે ટ્રેનમાં બહુવાર મુસાફરી કરી નહીં હોય. તેને થોડી નવાઈ જેવું હતું.

એટલે ટ્રેનમાં જે કોઈ ફેરિયો આવે તેની પાસે જે હોય તે લેવાની માંગ કરે, તેના પિતા વસ્તુ યોગ્ય હોય તો લઈ આપે નહીંતર ના પાડી દે. પરંતુ જીદ કર્યા જ કરતો. એટલે તેના પિતા તેને થોડું બોલ્યા. તો તેની માતાએ તેને જે વસ્તુ જોઈતી હતી તે લઈ આપી. એટલે મમ્મી બાળક માટે સારી બની ગઈ અને પિતા ખરાબ બની ગયા. મારું સ્ટેશન આવી ગયું એટલે હું ઉતરી ગયો. પરંતુ આ બે મિનિટની ઘટના મારા દિલમાં ઘર કરી ગઈ!

મારા મતે મમ્મી બાળકને સારું (!) લાગે તેવું કરે છે જ્યારે પપ્પા જે સાચું હોય તે જ કરવાનો આગ્રહ રાખે છે, જે વાજબી પણ છે જ. ઊંચી ઈમારતના પાયામાં મૌનમૂક શહાદત વહોરી લેતી પાયાની ઈંટની જેમ જ પપ્પા બાળકોની જીવન ઘડતરમાં આહુતિ અર્પે છે. બાળકોનો ઘોડો બનનાર, સંતાનોની કઠપૂતળી બનવા પણ તૈયાર રહે છે! બાળકની સાથે બાળક બની જીવનાર પિતા, યુવાન સંતાનો માટે મિત્ર અને અંગરક્ષક બની, જીવતર ઉજાળે છે. મારી દૃષ્ટિએ તો તેઓ દુનિયાની સૌથી સંયમી-સહનશીલ વ્યક્તિ છે.! પરિવારની ચિંતામાં રમમાણ બાપનો ગંભીર ચહેરો જ દુનિયાને દેખાય છે, પણ તેમની અસહ્ય વેદનાને કોણ સમજી શકે?

નોકરીધંધાથી થાકીને લોથપોથ પાછા ફરેલા બાપને બાળકોનો એક ટહુકો નવી તાજગી આપે છે. ખાલી થયેલી બેટરી, રીચાર્જ થાય છે. રસ્તા પર ચાલતાં ઠોકર વાગે ત્યારે ‘ઓ મા!’ વડે ઉદ્ગાર, ભયાનક અકસ્માતમાંથી બચી જતાં ‘ઓ બાપ રે’માં અનાયાસે બદલાય જાય છે, તે માબાપનો સહારો સૂચવે છે.

જૈતુન પર્વત પર યાતના ભોગવતા ભગવાન ઈસુ પરમપિતાને સંબોધીને કહે છે, “હે પિતા, શક્ય હોય તો આ પ્યાલાને મારી આગળથી ખસી જવા દો, તેમ છતાં મારી નહિ, પણ તમારી જ ઈચ્છા પૂરી થાઓ.” (માથ્થી ૨૬-૩૦)

— સુમિત રાઠોડ (નડિયાદ)

## પ્રેરણા સ્વરૂપ પિતાજી

કોઈપણ કુટુંબમાં માતાપિતા, ભાઈબહેન, સંતાનો તથા સગાંસ્નેહીજનો સહિત, પ્રત્યેક વ્યક્તિ લાગણીના સેતુ વડે એકમેકથી જોડાયેલી હોય છે. એ સત્ય હકીકત છે કે સામાજિક ઘડતરની પ્રક્રિયામાં આવા જ લાગણીના તાણેવાણે બંધાયેલા કુટુંબમાં, માની મમતા, ભાઈનો સાથ, ભાભીનાં હુલામણા હેત તથા બહેનની હૂંફ હોય છે, પણ આ સર્વેની મધ્યે ઘરના અને કુટુંબના મોભ સમાન વડીલ એવા પિતાશ્રીની ભૂમિકાની વાત જ સાવ અનોખી છે.

પિતાજી કૌટુંબિક જીવનમાં આખાયે ઘરનું સૂકાન સંભાળીને ઘણીયે એવી સારી નરસી બાબતોને હૃદયમાં સંઘરીને, ઘરના પ્રત્યેક સભ્યની જરૂરિયાત પૂરી કરીને, ઘરને ઘર બનાવવામાં, ટેકો કરનાર એવા લાગણીસભર વ્યક્તિત્વ તરીકે ઉપસી આવે છે.

હું મારા બાળપણની જ વાત કરું તો, હું જ્યારે નાની હતી, ત્યારથી જ મેં તથા મારા ભાઈબહેનોએ પિતાજીને હરહંમેશ ઉપાસનાવિધિ તથા પરમયજ્ઞમાં ભાગ લેતાં અચૂક જોયા છે. કોઈ જાય કે ના જાય, કોઈ આવે કે ના આવે પણ પોતે ઠંડી હોય કે વરસાદ હોય તોયે અચૂક દેવળે પહોંચી જતા, ઘણી એવી મુશ્કેલીઓ વચ્ચે પણ તેઓ ક્યારેય ખ્રિસ્તયજ્ઞ ચૂકતા નહિ. આ ઉપરાંત ગામમાં જ્યારે પણ પ્રસંગો અનુસાર, વાર-તહેવારે ભજનમંડળીમાં મેં મારા પિતાજીને પ્રભુભજનની રમઝટ બોલાવતા જોયા છે. એ પ્રભુગીતોના મધુર સૂર અને શબ્દોને કારણે મારા હૃદયના ઊંડાણમાં પ્રભુભક્તિ તથા ઈશ્વરીય તેડાનાં બી પડી ચૂક્યાં હતાં.

મારા પિતાજી હંમેશા અમને પહેલાંનાં (મિશનરી) ફાધરોની વાતો સમજાવતા, સિસ્ટર અને ફાધરનું ઉષ્માભર્યું સ્વાગત કરતા અને પોતાના ઈશ્વરીય તેડાની વાતને જણાવતાં. પરંતુ કુટુંબની ઈચ્છાને વશ થઈને, તેઓ કૌટુંબિક જવાબદારીના કારણે ઈશ્વરીય તેડાની પોતાની ઈચ્છા ના સંતોષી શક્યા હોવાથી પોતાના સંતાનને જરૂરથી પ્રભુના સાંનિધ્યમાં મોકલશે એવી ખાતરી કરાવતા. આમ, મારા ઈશ્વરીય તેડા માટે મારા જીવનમાં મારા કુટુંબના દરેક સભ્ય તો ખરા જ પણ મારા પિતાજીનો અમૂલ્ય ફાળો છે. આજેપણ મારા પિતાજીએ તેમના આ નિત્યક્રમ તથા ધાર્મિકતાની પૂંજી વધારે અકબંધ બનાવી છે!

— સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાન (વાઘોડિયા)


રુહી સ્ટેશનરી

- રાહત ભાવે ચોપડા તેમજ નોટબુકો, સ્કૂલબેગ.
- પાઠ્યપુસ્તક, ગાઈડો અને અપેક્ષીતો, વિવિધ ફાઈલો.
- શાળા અને કૉલેજને લગતી સ્ટેશનરી.
- ઝેરોક્ષ, લેમીનેશન.

:: મેળવવાનું સ્થળ ::
અલ્પેશ સોસાયટી, ડૉ. બીપીન વ્યાસના દવાખાનાની બાજુમાં, રેલ્વે પાધરિયા કોલોની પાસે, આણંદ (ફોનઃ ૦૨૬૯૨-૨૫૨૬૬૪)

ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે

૧૩, શિવ રેસીડન્સી, કૃણાલ પાર્કની સામે, જિંટોડીયા રોડ, જિંટોડીયા, આણંદ. કોર્ટ નજીક, બે રૂમ તથા કિચન, ત્રણ સાઈડ ખુલ્લી જગ્યા, ફર્નીચર સાથે.

:: સંપર્ક ::
મો. ૮૪૮૮૦ ૯૯૪૮૧ / ૯૪૨૮૪ ૯૦૭૩૧

## પરિવારનો ઉત્કર્ષ પિતાજીથી

અમારા પિતાજી કાયુસ બેનેદિક્ત રાજ મૂળ આણંદ ગામડી ગામના. તેમના પિતાજી બેનેદિક્ત રોજગારી અર્થે અમદાવાદમાં ગોમતીપુર આવી વસવાટ કરેલ. બન્યું એવું કે સમયની ખ્યાતનામ અંબિકા મિલમાં નોકરી મળેલ, જ્યાં પરિવાર સાથે સુખ શાંતિથી જીવન ગુજારતા હતા. પરંતુ પરમેશ્વરની યોજના કંઈક અલગ હોય તેમ અમારા દાદાજીનું આકસ્મિક અવસાન થયું ત્યારે મારા પિતાજી ધો-૮માં અભ્યાસ કરે. ઘર ઉપર આવી પડેલ આ કારમી આફતમાં મોટા પુત્ર તરીકે તેમના ઉપર, પોતાની મા તથા નાના ભાઈને સંભાળવાની જવાબદારી આવી પડી.

પોતાના ભવિષ્યને નજર અંદાજ કરી તેઓએ પોતાના ભાઈની જવાબદારી ઉઠાવી અને નાના ભાઈ માયકલને ભણાવવામાં ધ્યાન કેન્દ્રિત કર્યું. જેને લઈ ૧૯૬૩માં ધો-૧૦માં પ્રથમ નંબર મેળવ્યો. તે સમયના ફાધર સવાલ દ્વારા ગોમતીપુર ચર્ચ ખાતે ફાધરોની રસોઈ માટેની જવાબદારી સોંપવામાં આવી. કામગીરી અને ખંતને લઈ તેમને પ્રોત્સાહિત કરતાં સ્કૂલમાં પ્યુન તરીકે નિમણૂંક કરવામાં આવી.

૧૯૫૮ની સાલમાં તેમને રેલ્વેમાં ખલાસી તરીકેની નોકરી મળી. જાન્યુઆરી ૧૯૬૦માં અમારા પિતાજીના લગ્ન ચકલાસી ગામના વતની નડિયાદના રહેવાસી પાઉલભાઈની પુત્રી રેગીનાબેન સાથે થયાં.

પુત્ર અને ત્રણ પુત્રીઓનું વરદાન પ્રાપ્ત થયું. અમારા પિતાજી પોતાના પરિવારની કાળજી અને સંભાળ રાખતાં-રાખતાં પોતાના વ્યવસાયને પણ એટલા જ વફાદાર અને પ્રમાણિક રહ્યા. દેવળમાં ફરજીયાત જવું, બાઈબલ વાંચન કરવું તે તેમનો જીવનમંત્ર રહ્યો.

૧૯૮૧-૮૨માં તેમને કાનની તકલીફ થઈ બંન્ને કાને સંભળાતું બંધ થઈ ગયું. આથી અમારા પિતાજીને રેલ્વેમાં જે જગ્યાએ ફરજ બજાવતા હતા તે જગ્યાએથી અનફીટ જાહેર કરવામાં આવ્યા અને ગોધરા ખાતે લાઈટજોબમાં કામગીરી સોંપવામાં આવી. નાના બાળકો અને પરિવારની જવાબદારીને લઈ ગોધરા જવાની અનિચ્છા દર્શાવી ત્યારે અમારા પિતાજી સતત એક વર્ષ સુધી વગર પગારે ઘરે બેઠા. અમારા પિતાજી ઉપર આભ ફાટ્યું હોય તેવી પરિસ્થિતિ આવી ગઈ. બાળકોનાં વિકાસને ધ્યાનમાં રાખી કોઈપણ કામ કરવામાં નાનમ કે શરમ નથી તેમ સમજી અમારા પિતાજીને કાપડની ફરીનો ધંધો શરૂ કર્યા. ગોમતીપુરની વિવિધ ચાલીઓમાં સાઈકલ ઉપર ફેરી કરતા.

એક વર્ષ બાદ રેલ્વેમાં નડિયાદ ખાતે અમારા પિતાજીને ફરીથી લાઈટજોબમાં કામગીરી આપવામાં આવી ત્યારે અમારા પરિવારમાંથી આનંદનું મોજું ફરી વળ્યું. નડીયાદથી તેમની બદલી અમદાવાદ કાંકરિયા યાર્ડ ખાતે થઈ. આ અરસામાં ૧૯૮૬માં અમારા પિતાજીએ રેલ્વેમાં પ્રમોશન માટે વિભાગીય ગ્રેડ-૨ અને ગ્રેડ-૧ની પરીક્ષા આપી અને ચમત્કાર થયો હોય તેમ ઈશ્વરપિતાની અસીમકૃપાથી અમારા પિતાજી બન્ને પરીક્ષામાં પાસ થયા અને ગ્રેડ-૧ ફિટર તરીકે પ્રમોશન મળ્યું. આ જવાબદારી નિભાવતા તેમણે અમને સૌ ભાઈ-બહેનને સારું ઉચ્ચશિક્ષણ આપ્યું તથા સારી નોકરી મળી રહે તેવા પ્રયત્નો કર્યા. જેને લઈ એક પુત્રી જ્યોતિ બરોડામાં સારી કંપનીમાં. બીજી પુત્રી વટવામાં આશિષ વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે સેવા આપી રહેલ છે. પુત્ર સુનિલ બી.એ., એલ.એલ.બી.ના અભ્યાસ બાદ લોકસેવા અર્થે સેન્ટ ઝેવિયર્સ સોશ્યિલ સર્વિસ સોસાયટીમાં તકવંચિત સમાજના વિકાસ કાર્ય અર્થે જોડાયેલ છે.

પિતાજીએ થતા પાંચેય ભાઈ-બહેનનાં સામાજિક રીતે લગ્ન કર્યાં. અમારા લગ્ન બાદ પણ પોતાની જવાબદારી પૂર્ણ થઈ ગઈ તેમ માની ન લીધું. પરંતુ અમારા બંને ભાઈની પત્નીઓને ભણાવવાની જવાબદારી પોતાનાં શિરે ઉઠાવી લીધી અને ભણાવ્યા. જેને પરિણામે સૂર્યકાંતનાં પત્ની સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે તથા સુનિલના પત્ની યુ.એન. મહેતા હાર્ટ હોસ્પિટલ સિવિલ ખાતે ટેલિફોન ઓપરેટર તરીકે ફરજ બજાવી રહેલ છે.

અમારો પરિવાર એક અંકુરમાંથી વટવૃક્ષ બન્યો અને અમારા પિતાજીને શાંતિ તથા આનંદ સાથે પોતાનું જીવન વિતાવવાનો સમય આવ્યો ત્યારે ઈશ્વરપિતાનાં આયોજન પ્રમાણે ૧૧ ઓક્ટોબર ૨૦૧૦નાં રોજ અમારા પિતાજી પરિવારમાં પોતાની યાદો છોડીને કાયમી વિદાય લઈને હસતા મુખે પ્રભુ બાપની પાસે પહોંચી ગયા. તેઓ પ્રભુબાપ પાસેથી પણ અમારા ઉપર તેમના આશીર્વાદ વરસાવતા હોય તેવો અહેસાસ અમે આજે પણ અનુભવીએ છીએ.

— સુનિલ રાજ



# ‘બચપન બચાવો’

✍ શૈલેષ ક્રિસ્ટી

ભારતમાં સને ૧૯૮૬થી બાળમજૂર વિરોધી ધારો અમલમાં આવેલ છે. આ ધારા મુજબ ૧૪ વર્ષની વય સુધીના બાળકોને કોઈપણ કામ માટે મજૂરીએ રાખવો તે ગુનો બને છે. તેમજ ૧૮ વર્ષથી ઓછી વયના કોઈપણ બાળકને જોખમી ઔદ્યોગિક એકમમાં નોકરીએ રાખવાની મનાઈ ફરમાવવામાં આવેલ છે, પરંતુ કાયદો પસાર થવાથી બાળમજૂરી નાબૂદ થઈ જતી નથી! કાયદાનો યોગ્ય અને અસરકારક અમલ થવો જરૂરી છે.

અમેરિકન રિપોર્ટ મુજબ જુદા જુદા એકમમાં બાળમજૂરી કરાવવા બદલ ભારત વિશ્વમાં પ્રથમ આવે છે. આ આપણાં માટે ગર્વ લેવા જેવી નહીં પણ શરમજનક ઘટના છે! ૨૦ જેટલાં ઔદ્યોગિક એકમમાં બાળકો કામ કરી રહ્યાં છે તેમાંથી કેટલાંક એકમમાં કામ કરવું બાળકો માટે જીવનું જોખમ સાબિત થાય એમ છે. કેટલાંક ક્ષેત્રોમાં કામ કરવું બાળકો માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. વળી કેટલાંક ઉત્પાદનોમાં બાળકો પાસે બળજબરીપૂર્વક કરાવવામાં આવે છે. એ જ પ્રકારનાં ઉત્પાદનો ભારતમાં થાય છે. સને ૧૯૮૬માં જે ધારો ઘડાયો તેમાં ઘણાં સુધારાની જરૂર છે જેથી સને ૨૦૧૨માં સંશોધન બીલ રજૂ થયું જે અંગે કોઈ નિર્ણય થયેલ નથી સસંદકક્ષાએ આ બીલ હાલમાં પેન્ડીંગ છે.

બાળમજૂરી એ ઘણીજ જૂની સમસ્યા છે. વિશ્વમાં પ્રત્યેક દેશમાં વધતા ઓછા અંશે બાળમજૂરી જોવા મળે છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગનાઈઝેશન (ILO)ના મત મુજબ તો ઉંમરના પાયા ઉપર બાળકની પરિપકવતા કે સક્ષમતા માપી શકાય નહીં. આથી બાળમજૂરીની વ્યાખ્યા પ્રત્યેક દેશમાં જુદી જુદી જોવા મળે છે પણ સર્વસામાન્ય રીતે બાળમજૂરી એવું કામ છે જેનાથી બાળકને નુકસાન થાય છે. તેનું શોષણ થાય છે. બાળક તેના બાળપણથી અને અભ્યાસથી વંચિત રહી જાય છે.

**આંકડા :** વિશ્વભરમાં ૨૫૦ મિલિયન જેટલી બાળમજૂરોની સંખ્યા છે. આંકડા જેમાંથી ૧/૩ મજૂરો ભારતમાં જોવા મળે છે. ૨૦૦૧માં આંકડા મુજબ ૧૩ મિલિયન બાળમજૂરો ભારતમાં છે. જ્યારે સરકારી આંકડા મુજબ ૫૦ લાખ બાળમજૂરોની સંખ્યા છે. જ્યારે (એન.જી.ઓ.ના) બિન સરકારી સંગઠન મુજબ પાંચ કરોડ બાળમજૂરો છે. ખેર, આંકડાની માયાજાળને બાજુમાં મુકીએ તો સત્ય એટલું છે કે સૌથી વધુ બાળમજૂરો ભારતમાં છે. આ પરિસ્થિતિ ખૂબજ ગંભીર છે. એનો અર્થ એ થાય કે દેશના લગભગ ૫૦% જેટલા બાળકો તેમના મૂળભૂત માનવીય અધિકારથી વંચિત રહીને અભણ અને મજૂરની જેમ જિંદગી પસાર કરે છે.

**બાળમજૂરીનાં કારણ :** બાળમજૂરીનાં અનેક કારણો છે. મુખ્ય કારણ ગરીબાઈ છે. ગરીબ પરિવાર આવક માટે, પરિવારના ગુજરાન માટે બાળકને મજૂરીએ મોકલે છે. ગરીબાઈ ઉપરાંત તીવ્ર વસ્તી વધારો, અજ્ઞાનતા એટલે કે શિક્ષણનો સદંતર અભાવ, તીવ્ર બેરોજગારી તથા માબાપ પાસે કોઈ વિકલ્પ જ ન રહેતાં બાળમજૂરીનો આશ્રય લેવામાં આવે છે. આ ઉપરાંત કેટલાંક એકમો પોતાનો પડતર ખર્ચ ઓછો આવે તે માટે બાળકોને મજૂરીએ રાખી તેમનું શોષણ કરે છે કારણ બાળકનું શોષણ કરવું સરળ બને છે. કાં તો તેમને ઓછી મજૂરી ચૂકવે છે આ પણ એક કારણ છે.

**બાળમજૂરીનાં ક્ષેત્ર :** ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં બાળ મજૂરોનું પ્રમાણ ખેતીક્ષેત્રે વધુ જોવા મળતું હતું. ઔદ્યોગિક ક્રાંતિ બાદ ધીમે ધીમે અન્ય ક્ષેત્રોમાં મજૂરીનું પ્રમાણ વધવા લાગ્યું છે.

ભારતમાં બીડી ઉદ્યોગો, ઈંટના ભઠ્ઠા, દીવાસળી, ફટાકડાના કારખાનાં, કાચ ઉદ્યોગ, ધાતુ ઉદ્યોગ, મકાન બાંધકામ, ગોડાઉન, પથ્થરની ખાણો, મનોરંજન સ્થળો, હોટલ, ગલ્લાં વગેરે જગ્યાએ બાળમજૂરો જોવા મળે છે. શહેરીકરણ વધતાં ઘરના રોજિંદા કામકાજનાં બાળમજૂરો વિપુલ પ્રમાણમાં જોવા મળે છે, જેની સતાવાર નોંધણી જોવા મળતી નથી.

**બાળમજૂરી અટકાવવા ઉપાયો :** બાળમજૂરી સંકુલ અને બહુ આયામી બાબત છે. જેને અટકાવવા માટે ગરીબી નાબૂદી મુખ્ય બાબત છે. પરિવાર પોતાના જીવનનિર્વાહ કરી શકે તેટલા સક્ષમ બનાવવાનું તેમને મદદરૂપ થવું. પ્રત્યેક બાળક શિક્ષણ મેળવે તે માટે પ્રયત્ન કરવા જોઈએ. તેમજ માબાપને તેઓના સંતાનના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણ જ એક માત્ર આધાર છે તે વાત સમજાવવી જોઈએ. જે પરિવારોમાં બાળમજૂરી હોય તે પરિવારને આર્થિક ટેકો કરવો જોઈએ. તેઓ પરિવારને બાળમજૂરી અને બાળકના ભવિષ્યથી વાકેફ કરવા જોઈએ. તેમજ લોકોને પરિવાર નિયોજનથી વાકેફ કરવા જોઈએ. વધુ સંતાનો મજૂરી કરીને નાણાંકીય આવક લઈ આવે તેવી માનસિકતાથી દૂર રાખવા જોઈએ. આવી માનસિકતા સંતાનોને જ નુકસાનકારક છે.

બાળમજૂરી એ સમસ્યા તો છે જ પણ સમાજ જીવન માટે કલંકરૂપ છે. પ્રત્યેક દેશનું ભાવિ બાળકો છે. બાળમજૂરીના કારણે બાળકનું બચપણ અંધકારરૂપ બને છે. સાથે સાથે બાળક તેના મૂળભૂત અધિકારથી એટલે કે બચપણથી વંચિત રહે છે. કારણ બાળપણ એ દરેક બાળકનો અધિકાર છે. બાળકની આંતરિક શક્તિનો વિકાસ બાળપણમાંજ થાય છે. આથી બાળમજૂરી કરાવીને બાળપણ સાથે તેના ઉજ્જવળ ભવિષ્યથી વંચિત રાખીએ છીએ.

આપણા દેશમાં કૈલાસ સત્યાર્થી જેઓ ‘બચપન બચાઓ’ આંદોલન ચલાવે છે. કૈલાસ સત્યાર્થી અત્યાર સુધીમાં ૧ લાખ જેટલાં બાળકોને મજદૂરીમાંથી મુક્ત કર્યા છે. તેઓ ‘ઈન્ટરનેશનલ સેન્ટર એન્ડ ચાઈલ્ડ લેબર’ અને યુનેસ્કો સાથે જોડાયેલ છે. તેમને હાલમાં નોબલ પુરસ્કાર એનાયત થયેલ છે. આ ઉપરાંત કેર ઈન્ડિયા ચાઈલ્ડ રાઈટ એન્ડ યુ, ગ્લોબલ માર્ચ અગેસ્ટ ચાઈલ્ડ લેબર જેવી અનેક બિન સરકારી સંગઠનો બાળમજૂરી નાબૂદી ક્ષેત્રે સક્રિય છે. ●

# ‘તારા પિતા કોણ?’

✍ ધર્મબંધુ થોમસ પી. એમ.સી.

એક સેમિનરીના અધ્યાપક તેમની પત્ની સાથે વેકેશન માણવા કોઈ હિલ સ્ટેશન ગયા. એક સવારે શાંત વાતાવરણમાં એક હોટલમાં નાસ્તો કરવા બેઠાં હતાં અને નાસ્તો આવવાની રાહ જોતા હતા, ત્યારે તેમણે એક સફેદ દાઢીવાળા વ્યક્તિને જુદા જુદા ટેબલ ઉપર ગ્રાહક સાથે મુલાકાત લેતા તથા તેમની સાથે વાતચીત કરતા જોયા. અધ્યાપકે તેમની પત્નીને કાનમાં કહ્યું, હું આશા રાખું છું કે તે આપણા ટેબલ પાસે આવે નહિ; પરંતુ તે દાઢીવાળા વ્યક્તિએ તેમના ટેબલ પાસે આવી, નમ્ર અને મિત્રતાભર્યા અવાજે પૂછ્યું, ‘તમે ક્યાંથી આવો છો?’ તેમણે ઉત્તર આપ્યો પૂણેથી. ‘તમારી હાજરીથી મને આનંદ થયો.’ તેમણે કહ્યું. પછી પૂછ્યું ‘તમે શું નોકરી કરો છો?’ અધ્યાપકે જવાબ આપ્યો, ‘હું સેમિનરીમાં ભણાવું છું.’ તેણે હસીને કહ્યું, ‘તમે પુરોહિતોને તૈયાર કરો છો! કેવી રીતે બોધ આપવો તે શિખવાડો છો?’ એક ખુરશીને તેમના ટેબલ નજીક ખેંચી તેમાં બેસી કહેવા લાગ્યો. ‘મારી પાસે તમારા વિષયને સંબંધિત એક વાર્તા છે.’ અધ્યાપક અને તેની પત્ની મુંઝવણ અનુભવવા લાગ્યાં. તેણે વાર્તા શરૂ કરી : આ બારીમાંથી તમે પર્વત જોઈ શકો છો. તેની નજીકમાં એક ગામમાં એક અપરણિત સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો. આ બાળકને જન્મથી જ ખૂબ વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. જે પણ જગ્યાએ તે જતો તે જગ્યોએ તેને એક પ્રશ્ન ‘તારા પિતા કોણ છે?’ તેનો સામનો કરવો પડતો હતો. સ્કૂલમાં તો છૂટવાના સમયે તથા રિસેસના સમયે બીજા વિદ્યાર્થીઓ સાથે ભળતો ન હતો બજારમાં પણ બીજાથી છૂપાઈને જતો હતો. કારણ તારા પિતા કોણ છે? તે પ્રશ્નનો સામનો કરવા માગતો ન હતો.

તે બાર વર્ષનો થયો ત્યારે તેના ધર્મવિભાગમાં એક નવા પુરોહિત આવ્યા. તે દેવળમાં ખ્રિસ્તયજ્ઞ શરૂ થયા પછી પ્રવેશ કરતો અને ખ્રિસ્તયજ્ઞ પૂરો થાય તે પહેલા બહાર નીકળી જતો; કારણ કે તે ‘તારા પિતા કોણ છે?’ તેનો સામનો કરવા માગતો ન હતો.

એક વખત નવા પુરોહિતે ખ્રિસ્તયજ્ઞ થોડો જલદી પૂરો કર્યો, જેથી તે બાળક જલદી ન નીકળી શક્યો. ટોળાની સાથે બહાર નીકળ્યો. નવા પુરોહિતને આ બાળક વિશે જાણવાની ઈચ્છા હતી. તે દરવાજા પાસે ઊભા રહ્યા, બાળકના ખભા ઉપર હાથ મૂકી તેને પ્રશ્ન પૂછ્યો, ‘બેટા, તારા પિતા કોણ છે?’ આજુબાજની વ્યક્તિઓ આ બાળક તરફ એકીટશે જોવા લાગ્યા. પુરોહિત આ પરિસ્થિતિ ભાળી ગયા. વિવેકબુદ્ધિ વાપરી પવિત્ર આત્માની પ્રેરણાથી બોલ્યા, ‘હું જાણું છું તારા પિતા કોણ છે? તું ઈશ્વરનો પૂત્ર છે.’ તેની પીઠ થબડાવી કહ્યું, બેટા તું એક મોટી સંપત્તિનો માલિકનો વારસદાર છે. તેના ઉપર તારો અધિકાર જમાવ.

આ સાંભળી લાંબા સમય પછી આ બાળકના મુખ ઉપર હાસ્ય પ્રગટ્યું. તેણે એક નવા વ્યક્તિ તરીકે દેવળની બહાર પગ મૂક્યો. હવે જ્યારે કોઈ તેને પૂછતું, તારો પિતા કોણ છે? તે જવાબ આપતો. હું ઈશ્વરનો પુત્ર છે. ત્યાર પછી દાઢીવાળી વ્યક્તિ ઊઠી બીજા ટેબલ નજીક નવા લાગ્યા. કહ્યું ‘શું આ અદ્‌ભુત વાર્તા નથી!’ અધ્યાપકે જવાબ આપ્યો. ‘ખરેખર આ એક અદ્‌ભુત વાર્તા છે.’ જતા જતાં તે દાઢીવાળી વ્યક્તિ બોલ્યા, ‘જો નવાપુરોહિતે મને કહ્યું ન હોત કે તું ઈશ્વરનો પુત્ર છે, તો હું આજે તમને આ વાર્તા કહેવા તમારી સામે ઊભો ન હોત.’

અધ્યાપક અને તેમની પત્ની આ સાંભળી અચરજ પામ્યાં, પછી એક વેઈટરને બોલાવી પૂછ્યું, આ દાઢીવાળી વ્યક્તિ કોણ છે? વેઈટરે જવાબ આપ્યો. બધા તેમને જાણે છે આ એક મહાત્મા છે. તમારે પણ તમારા જીવનમાં કોઈ વ્યક્તિને યાદ દેવડાવું પડશે કે તમે ઈશ્વરના પુત્ર-પુત્રીઓ છો.

‘ઘાસ અને ફૂલ નષ્ટ થઈ જશે પરંતુ ભગવાનની વાણી અટળ રહેશે. (યશાયા ૪૦:૮) ●

## લગ્નજીવનનાં ૨૭ વર્ષ પૂરાં કરવા બદલ અભિનંદન



**સુરેશ પી. પરમાર સંગ સ્મીતા એસ. પરમાર**
**લગ્ન તારીખઃ ૦૨-૦૬-૧૯૮૮**

અમારાં વંદનીય મમ્મી-પપ્પા,

આપને લગ્ન જીવનનાં ૨૭ વર્ષ પૂરાં કરવા બદલ હાર્દિક શુભેચ્છા.

કઠોર પરિશ્રમ કરી શૂન્યમાંથી સર્જન કર્યું. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ આપ હંમેશાં આનંદિત રહ્યાં. આપના અથાગ પ્રયાસથી જ આજે અમે સુખી અને આનંદિત જીવન આપની છત્રછાયામાં જીવી રહ્યાં છીએ. આપનો ખાસ આભાર.

પ્રભુ આપને તંદુરસ્તી અને દીર્ઘાયું બક્ષે એવી પરમપિતાને પ્રાર્થના.

**આપના વ્હાલાં બાળકોઃ સ્ટેફી અને સેલેસ્ટી**

# નિસર્ગ સંગ સત્સંગ

✍ આગ્નેસ વાઘેલા

*'દૂત' તંત્રીમંડળ સભ્ય*

નિસર્ગ, પ્રકૃતિ, અસ્તિત્વ, કુદરત, ચેતના, પરમાત્મા, પરમેશ્વર, ઈશ્વર, ખુદા, વાહે ગુરુ, ભગવાન... કેટકેટલાં નામ-સ્વરૂપે ઓળખીએ, ઈશ્વરીય સ્વરૂપને! નિરાકાર ચેતનાને એકાદ નામ-આકાર આપી, તેની મૂર્તિ-પ્રતિમા, શિલ્પ પ્રસ્થાપિત કરીને કે નિરાકાર સ્વરૂપને મંદિર-મસ્જીદ, દેવાલય, અગિયારી, જિનાલયમાં પૂજા-અર્ચના સદીઓથી માનવી કરતો આવ્યો છે. કારણ, માનવમાત્રની પ્રકૃતિ છે, સંવાદ સાધવા માટે, સામે વ્યક્તિ, વસ્તુ, મૂર્તિ, તસવીર, આકારની જરૂર પડે છે. માનવસહજ સ્વભાવથી હું પણ ભિન્ન નથી. એટલે ધર્મ-પરમેશ્વરમાં શ્રદ્ધા-આસ્થા છે. પરંતુ, કુદરતને તેના અસલ અંદાઝમાં નિહાળવાનો, મળવાનો, તેની સાથે સંવાદ કરવાનો, જ્યારે જ્યારે લહાવો મળ્યો છે, ત્યારે હું રોમાંચિત થઈ જાઉં છું. અસ્તિત્વ અને હું. હું અને અસ્તિત્વ. એકમેકમાં ઓતપ્રોત થઈ જઈએ છીએ. એકાકાર બની જઈએ છીએ. પોતાની મસ્તીમાં ઘૂઘવતો-લહેરાતો મહેરામણ, સજીવોની જીવાદોરી સમી સતત વહેતી સરિતા, પહાડોમાં અલ્લડપણે વહેતું ઝરણું, ઘનઘોર ઉપવન, ગગનને ચૂમતા ઉન્નત પહાડોએ મને સદાય આકર્ષિત કરી છે, નવપલ્લિત કરી છે. એમની સાથે તાદાત્મ્ય અનુભવું છું. જીવનની પાઠશાળામાં, અસ્તિત્વના આ ત્રણેય સ્વરૂપ, જિંદગીના પ્રવાહને સાક્ષીરૂપે સ્વીકારીને, ગહનતાથી, ખંતથી નવા જોમ, ઉત્સાહ-ઉમંગથી 'યા હોમ કરીને...' આગળ વધતા રહેવાનું ઈંજન આપતાં રહ્યાં છે.

કુદરતાના ત્રણેય સ્વરૂપને એકસાથે માણવાનો યુથ ક્લબ આયોજીત, ગોવાના નવ દિવસના ટ્રેકમાં લહાવો મળ્યો. દરરોજ ૧૫ થી ૨૫ કિલોમીટર પથરાળ, રેતાળ પાણીથી તરબોળ સમુદ્રકિનારે, નદી-ઝરણાં વટાવીને, ઘટાટોપ જંગલની ઉબડખાબડ કેડીઓમાં, ઊંચે ને ઊંચે જતાં સીધા ચઢાણવાળી પગદંડીમાં ચાલવાનું, એય જીવન જરૂરિયાનની વસ્તુઓના વજન સાથે, અસ્મરણીય અનુભવ બની રહ્યો. કુદરતના વાસ્તવિક મિજાજને પારખવા-માણવા માટે તો તેના સાંનિધ્યમાં દિવસ-રાત ચારેય પ્રહર રહેવું પડે .

રજીસ્ટ્રેશન પછીના દિવસે ગોવાના સૌથી મોંઘા, સુંદર અને આધુનિક શહેર પણજી (પંજીમ)થી ટ્રેકની શરૂઆત થઈ. પણજીના અમારા બેઝ કેમ્પથી મિરામાર દરિયા કિનારે ટહેલતાં ટહેલતાં ડોના પાઉલા પહોંચવાનો હતો. ભરતીના મનમોજી મોજાઓમાં પગ પખાળતાં, ઝબોળતાં પાણીજન્ય જીવસૃષ્ટિને જોતાં-ઓળખતાં-પારખતાં, રોમાંચિત થતાં, છીપલાં-શંખ વીણતાં વીણતાં. મિરામાર સાગરતટે ગોવાની સંજીવનીસમી મંડોવી નદી, સાગરમાં હળવે હળવે સમાતી જઈને, સાગરને ઉન્માદિત કરતી રહે છે. ડોના પાઉલા ખાતે ગોવાની બે મુખ્ય નદીઓ મંડોવી અને જુઆરી અલગ અલગ દિશામાંથી આવીને સાગરમાં ઓતપ્રોત થઈ જાય છે. અહીં દરિયો હંમેશા તોફાની રહેતો હોય છે! સ્વાભાવિક છે! પોતાના અસ્તિત્વને સાગરમાં વિલીન કરી દેતી બંને સરિતા સાથે સાગરસંગમનું સુંદર દૃશ્ય આ સ્થળે રચાયેલું છે. દસેક કિલોમીટરનો આ દરિયાઈ માર્ગ એટલો મનભાવન હતો કે, કેટલું ચાલ્યાં એનો અહેસાસ સુદ્ધાં ના થયો!

પહેલાં દિવસે અમારી સાથે કેમ્પ લીડર 'બિટ્ટુજી' હતા. પરંતુ પછીના આઠ દિવસનો માર્ગ અમારે જાતે જ મંજિલ સુધી પહોંચવાનો હતો. માર્ગ ઉપર કરેલા 'એરો'ને અનુસરીને મૂળ રસ્તો પકડી પ્રવાસ જારી રાખવાનો હતો. એમાંથી વિચલિત થઈ ગયા તો અજાણ્યા ગાઢ જંગલમાં, વાંકી-ચૂંકી પહાડોની પગદંડીની ભૂલભૂલામણીમાં અટવાઈ જવાની સંભાવના હતી. રસ્તામાં મોબાઈલનું નેટવર્ક પણ નથી હોતું, એટલે કોઈકની મદદ મળવી કે મેળવવી મુશ્કેલ જ નહીં, લગભગ નામુમકિન બની જાય છે. અગાઉની ટીમ જંગલમાં રસ્તો ભટકી ભૂલી પડી હતી.

બીજી ખુશનુમા સવારે ટ્રેકરોએ, બેઝ કેમ્પથી સેલિંગ (સઢવાળી હોડી કે સ્પીડ બોટમાં )કરીને હોલાંત સાગરતટે પહોંચવાનું હતું. ત્રણેક કલાકની દરિયાઈ સફરમાં અનેક ટાપુઓ નિહાળ્યાં. નાચતી-કૂદતી ડોલ્ફીનનાં દર્શન થયાં. ઉછાળાં મારતી લહેરોમાં હાલકડોલક થતી બોટની સફર રોમાંચક બની રહી.

હોલાંત બીચથી વેલ્સાવનો તટીય માર્ગ અફલાતૂન છે. ભરબપોરે આદિત્ય તેના અસ્સલ મિજાજમાં ગગનમાં બિરાજેલ હોવા છતાંય; દરિયામાંથી આવતો ઠંડો પવન, સાગરમાં ઉછળતાં દરિયાઈ મોજાં, પગને સતત પખાળતાં રહે છે. એના કારણે થાકનો અહેસાસ સદ્ધાં નથી થતો! સાગરમાંથી ઉઠતી લહેરો, ચાલ્યા કરવાની પ્રેરણા આપતી રહે છે. ઢળતી સાંજે વેલ્સાવ બીચના અમારા બીજા મુકામે પહોંચ્યાં. રાતવાસો સાગરતટે જ હતો. 'સેક' મૂકીને, દરિયા પાસે દોડી ગયાં. એકાદ કલાક દરિયાઈ સ્નાનનો ભરપૂર આનંદ અને સાગરમાં હળવે હળવે સમાઈ જતા સૂર્યાસ્તનો અદ્‌ભુત નઝારો માણ્યો. કુદરતી લાઈટના અજવાળે 'ડિનર' પતાવી, ફરી સાગરતટે દોડી ગયાં. ત્યાં શરૂ થયો સૌનો માનીતા 'કેમ્પ ફાયર'નો ધમધમાટ. વિવિધ ભાષામાં ગવાયેલ ગીત-સંગીતથી વાતાવરણ સંગીતમય બની ગયું. કૃષ્ણપક્ષની અંધારી રાતમાં તારા-ગ્રહોનો શણગાર સજી દુલ્હનસમું ખીલી ઊઠેલું ગગન. શીતળ રેતીમાં આસન, પાસે જ ઘૂઘવતો મહેરામણ અને સંગીતની મહેફિલ! અલૌકિક નજારો માણી રહેલાં, ત્યાં ગુંજી ઊઠ્યું 'તારો મેં સજ કે, અપને સૂરજ સે દેખો ધરતી ચલી...' વાતાવરણમાં ચાર ચાંદ ઊગી ગયા!! સાગરકિનારે, તારામઢી રાતનો એ નયનરમ્ય નઝારો, સાગરકિનારાની તારામઢી, અગાઉની અનેક રાતોને તરોતાજા

કરતો યાદગાર બની રહ્યો. સૂવા માટે પથારીને શરણે તો ગયા, પણ પાસે જ ઘુઘવતો સાગર આંખોને જંપવા નહોતો દેતો!

સવારે કાંસોલીમ સ્ટેશનથી ટ્રેન દ્વારા કોલેમ પહોંચ્યાં. કોલેમથી વન વિભાગ હસ્તક 'ભગવાન મહાવીર સેન્ચુરી'માં પ્રવેશીને દૂધસાગર કેમ્પ ખાતેના, આગામી પડાવ તરફ પ્રયાણ આદર્યું. પંદરેક કિલોમીટરનો સમગ્ર રસ્તો ઝરણાં, નદીઓ અને ઘટાટોપ જંગલથી ભર્યોભાદર્યો છે. જંગલ એટલું ઘટાટોપ છે કે ભરબપોરે સૂર્યપ્રકાશનું એક કિરણ સુદ્ધાં પ્રવેશી શકતું નહોતું! જંગલના ઉબડખાબડ રસ્તામાં સાપ, નાગનો ભય રહેતો હતો, એટલે બુટ પહેરવા અનિવાર્ય હતા. શિયાળાનાં દિવસો હતાં, છતાંય પરસેવે રેબઝેબ થઈ જતાં. પાણી જોયું નથી કે 'સેક' એક તરફ મૂકીને પાણીમાં ધુબાકા મારવાનું ચૂકતાં નહીં.

'પેક લંચ' આપતાં. પણ પાણી તો રસ્તામાં આવતા ખડક-પથ્થરોમાંથી વહેતાં ઝરણા-નદીના જળમાંથી મેળવાવનું રહેતું. એ પાણી 'બિસલેરી બોટલ'ના પાણી કરતાં વધુ શુદ્ધ-સ્વચ્છ અને શીતળ રહેતું! જંગલમાં હરડે, શિકાકાઈ, આંબળા, મરી, સોપારી જેવાં ઔષધિઓનાં વૃક્ષો-વેલાને પારખતાં, પંખીઓના કલબલાટ, વાનરોના ચેનચાળા અને અન્ય પશુઓના સહવાસ માણતાં માણતાં, નમતી સંધ્યાએ દૂધસાગરના નિર્ધારિત પડાવ ઉપર પહોંચ્યાં. કેમ્પ ખાતે રહેતાં પરિવારની બહેનોએ ગરમ પાણીની વ્યવસ્થા રાખી હતી. દસ રૂપિયામાં ગરમ પાણીથી, નાહીને તરોતાજા થઈ ગયાં.

દૂધસાગર ખાતેના કેમ્પ લીડર શર્માસાહેબ છે તો બિઝનેસમેન. વર્ષના દસ મહિના આર્થિક ઉપાર્જન કરવામાં ગાળે છે. બે મહિના કુદરતના સાંનિધ્યમાં ગાળવાનો વર્ષોનો નિયમ છે. શર્માસરનું કહેવું છે, આ બે મહિનાનું ભાથું, આગામી દસ મહિનામાં તરોતાજા રાખે છે. એક સાથીની શાયરીના જવાબમાં શર્માસરે, કૈફી આઝમીની એક નઝમ ઘેઘુર અવાજમાં પેશ કરી. પ્રકૃતિ અને સાહિત્યને સમર્પિત બિઝનેસમેનને મળીને અનેરી તૃપ્તિ અનુભવી.

સવારે સફર જારી. દૂધસાગર વોટર ફોલનો અમુક માર્ગ, રેલ્વેના પાટેપાટે ચાલવાનો હતો. એ દરમિયાન ત્રણ બોંગદા પસાર કર્યાં. ભરબપોરે પણ ભોયરાંમાં ચાલવા માટે બેટરીનો આશરો લેવો પડેલો. દૂધસાગર વોટર ફોલનો માર્ગ ચઢાણવાળો છે. અમારે પર્વતની ટોચે પહોંચવાનું હતું. ઊં...ચા પહાડ ઉપરથી નીચે ખીણમાં પાણી એટલી ઝડપે ધમાકા સાથે ખાબકે છે કે પાણી સફેદ રંગ ધારણ કરે છે. એટલે આ જગ્યાને દૂધસાગર કહે છે. વોટરફોલને માણીને કુવેશી તરફ પ્રયાણ આદર્યું. કુવેશી કર્ણાટક રાજ્યમાં આવેલું છે. દૂધસાગરથી કુવેશીનો રસ્તો સતત સીધા ચઢાણવાળો અને જંગલોમાં સાપના દરોથી ભર્યોભાદર્યો. સાપના સતત સહવાસ, ભય વચ્ચે, પહાડ ચઢતાં, સોળેક કિલોમીટરનો રસ્તો કાપતાં ઘણીવાર થતું હતું; હવે આગળ ચાલી નહીં જ શકાય, પરંતુ મિત્રોના ઉત્સાહભર્યા પ્રોત્સાહનથી રસ્તો કપાઈ ગયો.

મુકામે પહોંચી હાશકારો ખાઈએ એ પહેલાં કેમ્પ લીડરે પાસેના ગામની મુલાકાતે જવાનું ઇંજન આપ્યું. ગોવાનું અંતરિયાળ ગામડું હોવા છતાં તમામ સુવિધા મૌજુદ હતી.

પ્રભાતે કુવેશીથી અનમોડ તરફ સફર શરૂ કરી. ચૌદેક કિમોમીટરના ચઢાણ પછી સમી સાંજે પહાડની ટોચે અનમોડ પહોંચ્યાં. અમારો મુકામ આંખઅંતર ઠારતી લીલ્લીછમ વનરાજી, નદી અને ઝરણા વચ્ચે હતો. બધાં ખૂબ થાકી ગયેલાં, ઠંડીનો ચમકારો હતો, છતાં વહેતા પાણીમાં નાહવા પહોંચી ગયાં. પાણીનો પહેલો સ્પર્શ કરંટ આપી ગયો. 'નાહવું નથી' વિચારી, પાણીમાં પગ બોળ્યાં, પાણીએ એનાં આગોશમાં ક્યારે ભરી લીધાં એનું ભાન ના રહ્યું!

સવારે ધારગેમ તરફ કૂચ. અનમોડથી ધારગેમનો રસ્તો જંગલ અને ઉબડખાબડ ઉતરાણનો છે. જેટલું ચઢ્યા એટલું જ ઉતરવાનું! ઉતરતી વખતે પહેલાં તો ખૂબ ગમ્યું. હા...શ, ઊતરવાનું છે. પરંતુ પાંચેક કિમોમીટર ઉતરતાં પગે આનાકાની કરવા માંડી. ચઢાણ વખતે, શ્વાસ ચઢી જાય, થોડીવાર ઉભા રહો, ચાલવા તૈયાર થઈ જવાય. સોળેક કિલોમીટરનો માર્ગ, સિત્તેર કિમોમીટરનો થઈ ગયો. ધારગેમ પહોંચતાં પહેલીવાર અનુભવ્યું, ચાલવું કોને કહેવાય!? પગમાં ગોટલાં બાઝી ગયેલાં. ધારગેમ નિર્ધારિત સમય કરતાં એકાદ કલાક મોડાં પહોંચેલાં. પરંતુ કેમ્પસાઈટ જોતાં જ થાક અલોપ થઈ ગયો! ત્રણે તરફ નદી, વચ્ચે અમારો મુકામ. કહેવાની જરૂર છે? સૌ પાણીને સ્પર્શવા તલપાપડ હતાં. આ અમારો છેલ્લો પડાવ હતો.

ફિર વહી રફ્તાર. ધારગેમથી મોલેમનો રસ્તો સીધો હતો. ધારગેમ પણ કર્ણાટક રાજ્યમાં આવેલું છે. કર્ણાટકની સીમામાંથી 'ભગવાન મહાવીર સેન્ચુરી'નું ગાઢ જંગલ પસાર કરીને ગોવામાં પ્રવેશી, મોલેમ પહોંચવાનું હતું. મંઝિલ નિકટ આવતી હતી, એમ ધીરજ ખૂટતી હતી. થાક ખૂબ વરતાતો હતો. કારણ, દરેકને અહેસાસ હતો, હમસફર સાથેની સફર પૂરી થશે. અવારનવાર વિસામો લેવાતો રહ્યો. આખરે માલેમ પહોંચ્યાં. વહેતી નદીના શીતળ જળમાં પગ પખાળ્યાં-ના પખાળ્યો ત્યાં તો હાંક પડી. બસ આવી ગઈ છે. દોઢેક કલાકનો બસ પ્રવાસ કરીને બેઝ કેમ્પ પહોંચ્યા. સવારે છૂટાં પડતાં વર્ષોથી ઓળખતાં લોકોને અલવિંદા કહેતા હોય એવી પીડા અનુભવી. વિચાર આવી ગયો, થોડાં દિવસનાં સહવાસથી આટલી બધી આત્મીયતા! જીવનનો ક્રમ છે ચાલતા રહેવાનો.

મિત્રોને અલવિંદા કહી, ત્રણ દિવસ ગોવામાં વધુ રોકાયાં. એ દરમિયાન દક્ષિણ અને ઉત્તર ગોવા જેના માટે પ્રખ્યાત છે તેના વિવિધ બીચીસને માણ્યાં. મિરામાર બીચ, અંજુના બીચ, કાલંગુડ બીચ, વાઘગોટ બીચ, બાગા બીચ, બોગમાલા બીચ, ઉતોડા બીચ, મંજોડા બીચ, બેનોલીન બીચ, ગોવાના દરેક દરિયાઈ તટની આગવી ઓળખ છે. કોઈક બીચ, મોટાં-મોટાં ખડક અને નાળિયેરીનાં ઝૂંડથી ઘેરાયેલો છે, તો કોઈક રેશમી-મખમલી-સુંવાળી રેતીથી ભર્યાભાદર્યા છે. દરેક સાગરતટ ગામના નામથી ઓળખાય છે.

ગોવા ખૂબસુરત બીચીસ માટે તો જાણીતું છે જ. ગોવાના શહેરો વૈવિધ્યસભર છે. માપુસા, તેની બજાર માટે જાણીતું છે. માપુસાના બજારમાં, વિશ્વના દરેક દેશની બનવાટની વસ્તુ મળી રહે છે. જૂના ગોવામાં ખ્રિસ્તીઓના આસ્થાસમું યાત્રાધામ બોમ જીસસ ચર્ચ આવેલું છે. દેવાલયમાં વર્ષો પહેલાં મૃત્યુ પામેલા સંત ફ્રાન્સિસ ઝેવિયરના દેહને રખાયો છે. જેમના દર્શનાર્થે નાત-જાતના ભેદભાવ વિના, શ્રદ્ધા અને

ભક્તિથી શ્રદ્ધાળુઓ આવે છે. દેવાલયની બનાવટ, બાંધણી સુંદર છે. તેનું સંગ્રહાલય પણ જોવાલાયક છે. તેની સામે સંત ફ્રાન્સિસ આસિસિનું ચર્ચ છે. દેવાલયમાંના તૈલી ચિત્રો, કોતરણીની ભવ્યતા જોવી જ પડે તેવી છે. એનું સંગ્રહાલય વિશાળ છે. એને જોવા આખો દિવસ ઓછો પડે તેવા ખજાનાથી સમૃદ્ધ છે. સંગ્રહાલયમાં પોર્ટુગીસ સંસ્કૃતિની ભવ્યતા છે. જુદા જુદા સમયે શાસન કરી ગયેલા લોકોની સંસ્કૃતિનાં વારસાસમી ભવ્ય મૂર્તિઓ, શિલ્પો, આદમકદના તૈલી ચિત્રો, કલાકૃતિઓ, હથિયાર, ઘરેણાંથી સમૃદ્ધ છે. દેવાલયો ઉપરાંત સુંદર મંદિરો પણ જોવાલાયક છે.

૩,૭૦૦ કિલોમીટરનો વિસ્તાર ધરાવતું અને ૧૩,૫૦,૦૦૦ વસ્તી ધરાવતું, કુદરતી સંપતિથી સમૃદ્ધ ગોવા બારેય મહિના માણવાલાયક છે. પરંતુ ડિસેમ્બર-જાન્યુઆરીમાં તેનું સૌંદર્ય નિરખી ઊઠે છે. ગોવાની ૭૦ ટકા વસ્તી હિંદુ છે. ગોવાને પોર્ટગીઝો છોડી ગયા છે. પરંતુ પોર્ટુગીઝ સંસ્કૃતિનું અસ્તિત્વ જેમનું તેમ છે. મુખ્યત્વે કોંકણી, અંગ્રેજી, હિંદી, મરાઠી અને પોર્ટુગીઝ ભાષા બોલાય છે. સ્કૂલ, કોલેજ અને સરકારી-પ્રાઈવેટ કાર્યાલયમાં કામકાજની ભાષા અંગ્રેજી છે. ચાળીસ વિધાનસભાની સીટવાળા રાજ્યમાં સરકાર અવારનવાર બદલાયાં કરે છે. રાજ્યમાં ભ્રષ્ટાચાર હશે જ, પરંતુ સામાન્ય પ્રજાને સ્પર્શે તે તમામ વહીવટ સુચારુંપણે ચાલે છે. ટ્રાફિકની વ્યવસ્થા ખૂબ સારી છે. પ્રાઈવેટ અને સરકારી પરિવહન વ્યવસ્થા એટલી ઉત્તમ છે કે ટેક્ષી-રીક્ષા શોધવાની ભાગ્યે જ જરૂર પડે. દેશના અન્ય રાજ્યોમાં ધર્મને નામ થતાં સંઘર્ષનું ગોવામાં નામનિશાન નથી. ધર્મને નામે ગોવામાં ક્યારેય લડાઈ-ઝઘડાં થયાં નથી.

ગોવામાં ક્રિસમસનો અલગ માહોલ હોય છે. આખું ગોવા ક્રિસમયમય બની જાય છે. નવા વર્ષને આવકારવા અને ચાલુ વર્ષને અલવિદા કહેવાં અમે 'ક્રૂઝ'ને માધ્યમ બનાવ્યું. હિલોળાં મારતા સાગરની લહેરમાં હળવે હળવે સરકતા જહાજમાંથી ક્રિસમસ ટાણે દુલ્હનસમા સજેલા ગોવાની રોશની માણવી અનેરો લહાવો બની રહી. ગોવાને માણી ઘર તરફ પ્રયાણ કર્યું. મડગાંવ સ્ટેશન ઉપર ગુજરાતમાંથી, ગોવા ખાતે સાઇકલ ટ્રેકિંગ કરવા આવેલા મિત્રોનો ભેટો થયો. મિત્રોમાં એક ફોટોગ્રાફર, એક કેમેરામેન અને બે પ્રોફેસર હતા. એમણે કેમેરામાં કેદ કરેલા સાઈકલ પ્રવાસના રોમાંચક દૃશ્યો બતાવ્યાં. એક જ ક્ષેત્રના હોવાથી વાતોનો દોર ચાલ્યો. મેં કહ્યું, 'મારા જીવનનો આ પહેલો અનુભવ હતો, જેમાં મેં નવ દિવસ સુધી પંદરથી બાવીસ કિલોમીટર જેટલો પગપાળા પ્રવાસ કરીને કુદરતને માણી. બેશક અનુભવ યાદગાર રહ્યો.'

એમણે પૂછ્યું, 'વાઈરસ લાગ્યો?'

'વાઈરસ તો લાગેલો જ છે; એટલે તો ટ્રેકિંગ કરવાનું સાહસ કર્યું. કુદરત સાથે તાદાત્મ્ય સધાયા પછી એનાથી દૂર રહી શકાતું નથી. દૂર રહો તો, નિસર્ગ તેના સાંનિધ્યમાં બોલાવે જ છે. તેની હાકલને અવગણી નથી શકાતી. મારો તો એવો અનુભવ છે. તમે શું માનો છો?' અસ્તુ. ●


**The Delhi Province**
**of the Society of Jesus (Jesuits)**

**invites and welcomes**
**talented and desirous young men**
**who feel being called by Jesus to be a Jesuit**
**and to serve the Lord and His people.**

**Are you one of them.......?**

**If so, kindly contact:**

**The Vocation Promoter**
**Sahayog, 4, Raj Niwas Marg, Delhi-110054**

**Mob: (0)9868654050; (0)8130325646**
**Email: vocationpromoterdjs@gmail.com**
**georgekaiprampattsj@gmail.com**

આત્મવિશ્વાસ અને સમૂહ પ્રયત્ન
અપાવે અનેરી સફળતા....
ઝાઝા હાથ રળિયામણા.
બે દૃશ્ય - બે વિચાર



તાજેતરમાં બે અલગ અલગ દૃશ્ય નજરે પડ્યાં. દૃશ્ય-૧ : નાનો ટેણિયો માંડ ચારેક વર્ષની ઉંમર. દાદા સાથે મોર્નિંગ વોક પર નીકળ્યો હતો. તેની ઊંચાઇ માંડ ત્રણ - સાડાત્રણ ફૂટની અને દાદા, પૌત્રની ઊંચાઇને સાથ આપવા નીચા નમીને તેની સાથે ચાલતા હતા. બંને હસતારમતા, વાતો કરતા કરતા પસાર થતા હતા. પૌત્રની ઊંચાઇ સુધી નીચા નમીને ચાલવામાં દાદાને કષ્ટ પડતું હતું પરંતુ તેઓ ખુશી ખુશી આ મુશ્કેલી વેઠી લેતા જણાયા.

મનમાં એક વિચાર ઉદ્‌ભવ્યો : સમાજ આજ રીતે નાના બાળકોની સાથે કદમ પે કદમ મિલાવવા હંમેશા તત્પર હોય છે. કારણ બધા લોકોને બાળકોની ચિંતા હોય છે.

દૃશ્ય-૨ : ઘરની બારી બહાર જોતાં બીજું દૃશ્ય નજરે પડ્યું. એક નાનો બાળક. ઉંમર લગભગ છસાત વરસ. સ્કૂલ યુનિફોર્મમાં ખભે દફ્તર ભરવીને જતો હતો અને દફ્તરના ભારથી તેની કમર વાંકી વળી ગઇ હતી. ઠંડી, ગરમી કે વરસાદ... બધી સિઝનમાં આ બાળક આજ રીતે શાળાએ જતો.

ભણતરના ભારે આ નાના ભૂલકાનું બાળપણ ખોવાઇ ગયેલું લાગ્યું. ત્યાંજ મનમાં બીજો વિચાર ફૂટી નીકળ્યો : મુશ્કેલી વેઠીને પણ નિયમિત શાળાએ જતો આ બાળક આવનાર ઉજ્જવળ ભવિષ્ય માટે આશાનું કિરણ લાગ્યો.

વ્હાલાં કિશોરમિત્રો, મુશ્કેલી વેઠીને પણ સતત આગળ વધતાં રહો. સફળતા જરૂર પામશો. જૂન મહિને નવું શૈક્ષણિક વર્ષ શરૂ થાય છે. શરૂઆતથી જ મન લગાવીને અભ્યાસ કરશો. 'દૂત' પરિવાર તરફથી તમને ઓલ ધ બેસ્ટ!!!

તક : એક શ્રીમંત વેપારી હતો. એક વખત તેને લાંબી મુસાફરીએ દેશાવર જવાનું થયું. વિદેશ જતાં પહેલાં તેણે તેના ત્રણ નોકરોને બોલાવ્યા. પહેલા નોકરને તેણે એક લાખ રૂપિયા, બીજા નોકરને પચાસ હજાર રૂપિયા અને ત્રીજાને ત્રીસ હજાર રૂપિયા સોંપ્યા. પછી તેણે વિદેશયાત્રા આરંભી.

પહેલા નોકરે તેને મળેલ એક લાખ રૂપિયા ધંધામાં લગાડ્યા. તે બીજા એક લાખ રૂપિયા કમાયો. એજ રીતે બીજા નોકરે પણ પચાસ હજાર રૂપિયાથી ધંધો શરૂ કર્યો. તે પણ બીજા પચાસ હજાર રૂપિયા કમાયો. જ્યારે ત્રીજા નોકરે નિષ્ફળતાના ડરે પોતાને મળેલ ત્રીસ હજાર રૂપિયા એમના એમ મૂકી રાખ્યા.

થોડા મહિના પછી માલિક પાછો ફર્યો. તેણે ત્રણે નોકરોને બોલાવી હિસાબ માંગ્યો. પહેલા બે નોકરની મહેનત અને તેમણે મેળવેલ નફાથી તે ખુશ થયો અને બંનેને ધંધામાં મોટી જવાબદારી સોંપી જ્યારે ત્રીજા નોકરથી નાખુશ માલિકે તેને



આપેલ રૂપિયા પણ પાછા લઈ લીધા.

પ્રભુ ઈસુએ કહેલ આ ઉપદેશકથા માથ્થીના ગ્રંથમાં ૨૫મા અધ્યાયમાં કલમ ૧૪ થી ૩૦માં વાંચવા મળે છે. આ કથા આપણને એક સુંદર બોધપાઠ શીખવે છે.

ઈશ્વર દરેક વ્યક્તિને તક જરૂર આપે છે. મળેલ તકનો કેવો ઉપયોગ કરવો તે વ્યક્તિ પર આધાર રાખે છે. જો યોગ્ય અને સમયસર ઉપયોગ કરીએ તો જીવનમાં પ્રગતિ થાય. પરંતુ તક ચૂકી ગયા તો નિષ્ફળતા મળે. તક તો નદીમાં વહેતા નીર સમાન હોય છે. કોઈના માટે તે ના રોકાય...



**સંત એન્થની :**

ઈટલીના પાદુવાના સંત એન્થની અત્યંત તીક્ષ્ણ બુદ્ધિશાળી અને પવિત્ર બાળક હતા. યુવાનીમાં ઉત્સાહથી તરવરતા અને જોમવંતા અને પુરોહિત તરીકે આજ્ઞાકારી અને ધાર્મિક વ્યક્તિત્વ વાળા. ઈશ્વરપરાયણ હોવાથી હંમેશા તેમના પર ઈશ્વર પિતાની કૃપા અને પ્રભુ ઈસુનો પ્રેમ રહ્યો.

પરમેશ્વરની કૃપાથી તેઓ મુશ્કેલ ચમત્કારો પણ કરી શકતા. તેઓ પ્રખ્યાત વક્તા હતા. તેમનો ઉપદેશ સાંભળવા મોટી ભીડ ઉમટતી. દૂરદૂરથી લોકો તેમનો બોધ સાંભળવા આવતા. ૨ નવેમ્બર, ૧૨૨૬ના દિવસે સંત પોલ દેવાલયમાં તેમના ભાષણનું આયોજન થયું હતું. તેમને સંભાળવા મોટી સંખ્યામાં લોકો આવ્યાં હતા. એક મહિલા પોતાના નાના બાળકને પારણામાં સૂતો મૂકીને ફાધર એન્થનીનો બોધ સાંભળવા પહોંચી ગઈ. બોધ પછી તે પોતાને ઘેર પાછી ફરી. તેણે જોયું કે તેનું બાળક પારણામાંથી ગબડી પડ્યું હતું અને ટબના પાણીમાં પડી ગયું હતું બાળક મૃત્યુ પામ્યું હતું!

દુઃખી મહિલા સંત એન્થોની પાસે પાછી ફરી. રડતાં રડતાં તેણે બાળકના મોતની વાત જણાવી. મહિલાની વાત સાંભળી સંત એન્થનીએ ઈશ્વરની કૃપા યાચી. આંખો બંધ કરી પ્રાર્થના કરી. પછી બોલ્યા, "બહેન, તારે ઘેર પાછી જા. તને ચમત્કારનો અનુભવ થશે."

સંત એન્થનીના કથનમાં વિશ્વાસ મૂકી પેલી સ્ત્રી દોડીને ઘેર પહોંચી. એનું બાળક ક્ષેમકુશળ હસતુંરમતું જોવા મળ્યું.

લગભગ ૮૦૦ વર્ષ પહેલાં ૩૬ વર્ષની યુવા આયુમાં સંત એન્થનીનું નિધન થયું હતું. આપણી ધર્મસભા આ ચમત્કારી સંતનું પર્વ જૂન માસની ૧૩ તારીખે ઉજવે છે. અમદાવાદના નરોડા ખાતેના દેવળમાં સંત એન્થનીના પાવન અસ્થિની સ્થાપના કરવામાં આવી છે.



**ખેતમજૂર સ્ત્રી : રૂથ**

રૂથ એક મોઆબી સ્ત્રી હતી. તે પરદેશી હતી. ઈસ્રાયલીઓના દુશ્મન વંશની. હવે કાજીઓના સમયમાં બેથલેહેમ પ્રાંતમાં દુકાળ પડ્યો. એટલે એલીમેલખ નામનો માણસ તેની પત્ની નાઓમી અને બે પુત્રોને લઈ મોઆબ પ્રાંતમાં વસવાટ કરવા ગયો.

એલીમેલખના મરણ પછી તેના બે દીકરા મોઆબી સ્ત્રીઓને પરણ્યા. રૂથ મહલોનને અને ઓરપા ખિલયોનને પરણી. સાસુ નાઓમીએ બંને પુત્રવધૂઓને યાહવે વિશે માહિતગાર કર્યા.

દસ વર્ષના વહાણાં વીતી ગયાં. નાઓમીના બંને પુત્ર મહલોન અને ખિલયોન પણ મૃત્યુ પામ્યા. નાઓમીએ પોતાના વતન યહુદા પ્રાંતના બેથલેહેમ પાછા ફરવા નક્કી કર્યું. તેણે તેની બંને પુત્રવધૂઓને મોઆબ પ્રાંતમાં જ રોકાઈ જવા

જણાવ્યું. પરંતુ રૂથ ન માની. રૂથ તો તેની સાસુ નાઓમી સાથે બેથલેહેમ ગઈ અને વૃદ્ધ સાસુની સંભાળ લેવા લાગી. સાથેસાથે જવના ખેતરમાં દાણા વીણવા મજૂરણ તરીકે જવા લાગી.

રૂથના કામની નિષ્ઠા જોઈ ખેતરનો માલિક જમીનદાર બોઆઝ ખુશ થયો અને વિધવા રૂથને પરણ્યો. તેના વંશમાંજ રાજા દાવિદનો જન્મ થયો અને એજ વંશમાં આગળ જતાં પ્રભુ ઈસુના પાળક પિતા સંત યોસેફ આવ્યા.

આમ, કૌટુંબિક નિષ્ઠાને લીધે રૂથ જેવી પરદેશી સ્ત્રીને ઈશ્વરે પસંદ કરેલ ઈસ્રાયેલી પ્રજામાં માનભર્યું સ્થાન મળ્યું.

**જાદુઈ પટારો :**

એક ગામમાં એક જાદૂગર આવ્યો, લોકો તેના જાદૂના ખેલથી હેરત પામતા. એક પછી એક તે જાદૂના ખેલ બતાવતો. અંતે તેણે એક બોક્ષ હાથમાં લીધું. અને બોલ્યો, “આ જાદૂઈ પટારો છે. એની અંદર જે કાંઈ મૂકશો તે ડબલ થઈ જશે.” આમ કહી તેણે દર્શકોમાંથી કોઈને પણ પટારાની ખરાઈ ચકાસવા આગળ આવવા આમંત્રણ આપ્યું. એક યુવાન આગળ આવ્યો. તેણે પોતાના પાકિટમાંના બધા રૂપિયા જાદૂગરને આપ્યા. જાદુગરે રૂપિયા પર નજર નાંખી અને બોલ્યો, “રૂપિયા ડબલ કરતી વખતે તમારે મારી ફી તરીકે દર વખત ચાર રૂપિયા મને આપવા પડશે.” જાદૂગરની યુક્તિથી અજાણ પેલો યુવાન સમંત થયો.

જાદૂગરે રૂપિયા બોક્ષમાં નાંખ્યા. બોક્ષ બંધ કર્યું અને બોલ્યો... આબરા કા ડાબરા.... અને બોક્ષ ખોલ્યું. રૂપિયા ડબલ થઈ ગયા હતા. પેલો યુવાન ખુશ થઈ ગયો. તેણે ચાર રૂપિયા જાદૂગરને આપ્યા. અને ફરીથી આ જ જાદૂ કરવા વિનંતી કરી. ફરી રૂપિયા ડબલ થયા. યુવાને ફરીથી ચાર રૂપિયા જાદૂગરની ફી ચૂકવી. આમ વારંવાર થયું. છેલ્લે જ્યારે જાદુગરે ડબ્બો ખોલ્યો તો છેલ્લી વારના ચાર રૂપિયા જ ડબ્બામાં રહ્યા હતા. આ રૂપિયા તેણે પોતાની ફી તરીકે રાખી લીધા. આમ યુક્તિપૂર્વક જાદૂગરે પેલા યુવાનના બધા પૈસા પડાવી લીધા ત્યારે યુવાનને પોતે છેતરાઈ ગયો છે તેનો અહેસાસ થયો.



મિત્રો, પેલા યુવાને કેટલા રૂપિયા ગુમાવ્યા હશે? (છેલ્લા ચાર રૂપિયાથી ઊંધી ગણતરી શરૂ કરી જવાબનો તાળો મેળવો. આ ગણતરી મિત્રો સાથે બેસીને પણ ગણી શકો.)

સાર : ખોટા રસ્તે ઝડપથી કમાણીની આશા ન રાખો, મહેનતની કમાઈ જ સાચો આનંદ આપશે.

**બાઇબલ ક્વિઝ :**

(મહાપ્રસ્થાન ગ્રંથ : અધ્યાય ૩૦ અને ૪૦)

નોંધ : જવાબ માટે પ્રશ્ન પછી કૌંસમાં આપેલ ચાવી પ્રમાણે બાઇબલમાંથી ઉત્તર શોધવો.

૧. મોશેએ બનાવેલ થાનકમાં શું વ્યાપી ગયું? (૪૦:૩૪)
૨. ઈશ્વરની આજ્ઞા પ્રમાણે કયા દિવસે કામ કરવાની છૂટ અને કયો દિવસ આરામનું ફરમાન ગણાય? (૩૧:૧૫)
૩. ઈશ્વર કોને પુરોહિતપદે દીક્ષિત કરવા જણાવે છે? (૪૦:૧૩)
૪. મોશે આજ્ઞાની કેટલી તકતીઓ લઈ પર્વત પરથી નીચે આવ્યો? (૩૪:૨૯)
૫. હાથપગ ધોવા કઈ ધાતુમાંથી કૂંડી બનાવવી? (૩૦:૧૭)
૬. પ્રભુએ શા કારણથી મોશેને તેનું મુખ જોવા મનાઈ કરી? (૩૩:૨૦)
૭. કયા લાકડામાંથી મંજૂષા બનાવવી? (૩૭:૧)
૮. મોશે, સિનાઈ પર્વત પર પ્રભુ સાથે કેટલા દિવસ અને રાત રહ્યો? (૩૪:૨૮)
૯. થાનક ઉપર તંબુ બનાવવા ક્યું કાપડ વાપરવું? (૩૬:૧૪)
૧૦. બસાલેલ કોનો પુત્ર હતો? (૩૫:૩૦)





**કડવું કારેલું :**

કારેલું કહે, હું તો કડવો કાકો, મારે બધાં સાથે બનશે રે;

મને જે રોજ આરોગે, રહે સદા નિરોગી રે...

**ખેલકૂદમાં ઝળહળતી સિદ્ધિ :**

ક્રિસ ચોક્સી અમદાવાદની ઉદ્‌ગમ સ્કૂલનો વિદ્યાર્થી છે. દસેક વર્ષના ક્રિસે ખેલકૂદ ક્ષેત્રે નાની ઉંમરમાં ઘણી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

- તરણ સ્પર્ધામાં ટીમ સ્પર્ધામાં ટ્રોફી
- બેક સ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ
- બ્રેસ્ટ સ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ
- બટરફ્લાઈ સ્ટ્રોકમાં સિલ્વર મેડલ
- ૨૦૧૨માં અંડર-૮ બેડમિન્ટન સ્પર્ધામાં બીજું સ્થાન

ઉપર જણાવેલ સિદ્ધિ દર્શાવે છે કે નાની ઉંમરમાં ક્રિસે ઘણી મહેનત કરી છે. કઠોર તાલીમ અને મોજમસ્તીના ત્યાગે ક્રિસને ઝળહળતી સફળતા અપાવી છે.

વહાલા કિશોરમિત્રો, ઝળહળતી સફળતા મેળવા તમે પણ કઠોર તાલીમ અને મહેનત કરતા રહો. એવી આશા...

**ચિંતન પુષ્પ :**

જ્યાં સુધી આપણે કંઈક ને કંઈક કરતા રહીશું ત્યાં સુધી જીવિત ગણાઈશું. જે દિવસે શાંત બેસી જઈશું તો મૃતક જ કહેવાઈશું.

— બ્લેઝ પાસ્કલ

(ફ્રાસીસ્ન ગણિતજ્ઞ, વિજ્ઞાની અને દાર્શનિક)

— રાજેશ ક્રિશ્ચિયન
મો. ૯૪૨૬૫૮૪૦૨૮
rajesh.christian@yahoo.co.in






## SELF - CONFIDENCE & TEAM WORK WORK WONDERS



When I was doing my Theology in Delhi, I used to notice 2 scenes practically everyday !

1. An old man, about 80years of age, from the small house behind our residence, would walk with a little child, just three years old. The former would bend so low as to match the height of the little child. Both would be laughing, walking and talking. Though their family was not in talking terms with us I could really appreciate the effort and interest of the aged man to swoop down to the level of the little child which involved a lot of stress and sacrifice on his part. The society at large adjusts itself to the level of the children as it is concerned about them. Do you realise this?

2. I watched from my room people moving along the road in front of our residence. I was really struck by a scene: little kids were carrying a heavy load of books, etc. on their back and going to school early morning. The most striking thing was that it was happening even in the biting cold of December and January. The purpose fulness and perseverance of the school - going children taught me a great lesson. Dare the devil; crown will be on your head.

ALL THEBEST, dear children !

## Talents For Utilisation

There was a wealthy person. He undertook a long journey. Before starting, he called three ofhis workers. To the first one he entrusted &.1,00,0001-, to the second&.50,0001- and to the third &.30,0001-. The first went off immediately and traded with that money and made one more lakh. The second one too did try with the money he had received and doubled it. But, the third one unfortunately kept the amount received from his master idle. When the master returned, all three reported



to him. The first two were praised and were given more chances and the third one was reprimanded and deprived of what had been entrusted with. This story, narrated by Jesus (Mt 25: 14-30) gives afine and beautiful lesson. Opportunities, chances are given to everyone. It is up to the individual to make the mostof them or not. Only when you rise up to the opportune occasion you can make progress in life. The month of June provides such an occasion, snatch it. Chances and opportunities are like the running water of the river; it is always moving. It never waits for you.



St. Antony of Padua was an intelligent and pious boy; he was an energetic and enthusiastic youth; he was an obedient and deeply spiritual priest. Since he was well - grounded in the love of God, he could radiate the light of Jesus and reflect the strength and power of God the Almighty. Thanks to such merits he had been blessed with the gift of miracles. We read below one of his recorded wonders.

St. Antony was a crowd - puller. People loved to listen to his sermons of deep faith. On 2nd November, 1226 he preached a sermon at St. Paul's. It was attended by a large congregation. A certain lady left her child in the cradle at home and rushed to hear the sermon of St. Antony. It was so apt that she was rapt. When she returned home after the sermon she was shocked to see her child lying dead in the tub of boiling water. She rushed back to St. Antony and with tears she narrated to him about her child. St. Antony prayed for a moment and said, "Get back home, you will see a wonder". She believed his words and hurried back home. She saw her beloved child playing joyfully.

Though he lived only 36 years on earth nearly 800 years ago he is still known as a 'wonder - worker'. Pray to him to be like him.

His feast : 13 June



## Ruth : General Girl

Ruth belonged to the Moabites, long - time enemies of Israel. She would have heard only bad things about the Israelites till she met Naomi, an Israelite, mother of 2 sons, about Ruth's age, Mahlon and Chilion. Naomi, with her husband Elimelech and 2 sons came to Moab all the way from Bethlehem, due to acute famine in her native place. After the death of Elimelech, Ruth married Mahlon and her girl friend Orpah married Chilion.

The mother - in - law and the daughters - in - law were very loving persons. Naomi taught those gentiles all good things about Yaweh.

Ten years passed by. Then trouble started. First Mahlon, then Chilion, one after the other died. Naomi decided to go back to Bethlehem. As an understanding and wise woman she asked her daughters - in - law to go back to their homeland. Ruth flatly refused to leave her mother - in - law, but she decided to be with her for ever, through thick and thin. Both went to Bethlehem. Ruth went to the barley fields as a gleaner. There she met Boaz, the owner of the field and God willed them to get married. Thus, for all her merits, though a gentile, Ruth became the great grand - mother of King David and his descendants upto Joseph, the husband of Virgin Mary.

LESSON : God honours the loving ones wherever they are .

## The Magic Box

There came a magician to a village. He demonstrated quite a few magics. The villagers were awe - struck. As the final item of the magical performance he opened an empty box.



"This is a magic box; this will double whatever is put into it; anybody can test it", he said. After a short pause, a young man volunteered. The magician made sure how much money was with him." put your money in the magic box andy ou should give me four Rupees every time", he said. Without knowing his trick the youngster agreed.

The magidan put the money inside; " closed the box and uttered a few words of "manthra" and opened the box. The money " had been doubled. Elated by that, the youngster gave four Rupees to the magician. Again and again the youngster tried. When the magician opened the box third time there was only four Rupees. The magician insisted that the youngster had to give that entire amount for doubling his money and kept it to himself. The youngster felt cheated.

HOWMUCH WOULD THB YOUNGSTBR HAVB LOST?
(Start calculating from the last). Write the answer and share it with your friends. Have a discussion based on your findings. Do not look for short-cuts, Hard work alon ewiR lift you upin life.





" We are Bitter Gourd.
You may not like usfor we are
bitter. But we are good for your
health. "


# Bible Quiz

(Exodus Chapters 31J.40)

01. What filled the tabernacle?
02. Which day is the sabboth of solemn rest?
03. Who blessed all the vestments finally?
04. How many tablets of covenant did Moses carry?
05. Of what material were the utensils ofthe altarmade ?
06. Why did God forbid Moses to see His face?
07. Bywhomwas the ark ofacaciamade?
08. Howlong was Moses with God on the Mount Sinai?
09. "He also made curtains of........... . for a tent" ? (fill in)
10. Who is the father of Bez'a.lel?






# શ્રદ્ધાંજલિ

✍ સિસ્ટર પ્રિસિલ્લા એલ.ડી.

### અસ્તોદયમાં અનુપમ

'આવો, આપણે સાથે મળી પરમપિતાનો આભાર માનીએ. પરમેશ્વરે જ આપણને ભગવાન ઈસુના પગલે ડગ માંડવા અને શુભસંદેશનાં મૂલ્યો જીવવા પસંદ કર્યા છે. પવિત્ર આત્મા સીંચીને તેઓ જ સદૈવ ધર્મસભાને દોરે છે, જેના પ્રકાશમાં આપણે સૌ પરમાત્માની અસીમ દયા, પ્રેમ અને આનંદની દુનિયાને લ્હાણી કરી શકીએ છીએ.' સંન્યસ્તવર્ષના આરંભે વડાધર્મગુરુ ફ્રાન્સિસે સમસ્ત સંન્યસ્તવર્ગને આપેલી શીખ જેણે જીવનમાં પળેપળ જીવી જાણી છે, તેવાં સિ. ઈમેલ્દા હવે આપણી સાથે નથી.

સિસ્ટર ઈમેલ્દા, સંત ફ્રાન્સિસ ઝાવિયેરની નાની દીકરીઓના સાધ્વીસંઘમાં એક વિરલ વ્યક્તિત્વ ધરાવતાં હતાં. તા. ૨૨-૦૪-૨૦૧૫ના બુધવારે સાંજના સુમારે ૫.૩૦ વાગે તેમનો જીવનદીપ બુઝાઇ ગયો. ૮૪ વર્ષની જૈફ વયે પ્રભુધામે પહોંચી ગયાં. તેઓ નડિયાદ તાલુકાનાં અલિન્દ્રા ગામનાં વતની હતાં. તેમનો જન્મ બીજી ફેબ્રુઆરી, ૧૯૩૧માં થયો હતો. આઠ માસની ઊંમરે માતાપિતાનું છત્ર ગુમાવ્યું હતું. તેમનું બાળપણ ક્રૂસદૂહિતાઓની કોન્વેન્ટમાં પસાર થયું. સિસ્ટરોની પ્રાથમિક શાળામાં વર્નાક્યુલર ફાઈનલ સુધી શિક્ષણ મેળવ્યું. ૧૮ વર્ષની વયે તેમને પ્રભુના પ્રેમની ઝંખના જાગી. પોતાનું સમસ્ત જીવન પ્રભુને ચરણે ધર્યું. ૧૯૪૯માં તેઓ નાની દીકરીઓમાં જોડાયાં. તેમણે ગામડાંઓમાં ફરી ફરીને મિશનરી કાર્ય કર્યું.

સંઘમાં રહીને તેમણે પી.ટી.સી. પરીક્ષા પાસ કરી. પેટલાદ તેમજ વડોદરામાં શૈક્ષણિક કાર્ય કર્યું. વટવા, નડિયાદ, વડોદરા, નગરા (ખંભાત) તથા વરસડામાં સુપિરિયર તરીકે સેવા બજાવી છે. ઉમેદવારોનાં શિક્ષિકા પણ હતાં. તેઓ ખુબ મજબૂત મનોબળ ધરાવતાં હતાં. મુશ્કેલીમાં કદી ગભરાતાં ન હતાં. પછી તે શરીરની હોય કે મનની. તેમનો સ્વભાવ રમુજી હતો. બીજાઓને ખૂબ હસાવતાં.

સિસ્ટર સ્વભાવે શાંત અને વિનમ્ર. સંઘમાં કે સંઘ બહાર તેમનો ઉંચો અવાજ ભાગ્યે જ કોઇએ સાંભળ્યો હોય, શાળા પછીના સમયમાં ઘરઘરની મુલાકાતમાં ઘણાં પરિવારનાં તેઓ આત્મીય બની ગયાં હતાં. ડાયાબિટીસના ભરડામાં પણ તેઓ કલાકો સુધી પ્રીતસંસ્કારની સન્મુખ ગાળતાં. રોજબરોજના જીવનના વિવિધ હેતુઓ માટે ગુલાબમાળાની ભક્તિ કરતાં તેઓ થાકતાં ન હતાં. ગામડાંમાંથી આવ્યા પછી સારાનરસા અનુભવોનું બ્યાન સાથી સિસ્ટરો આગળ આબેહૂબ રજૂ કરતાં. રજાઓ તો ક્યારેય ભોગવી જ ન હતી. નાનેરાં સાધ્વીબહેનો દરેક વાતે પ્રોત્સાહન આપતાં. તેમના ચહેરા પરનું વ્હાલભર્યું સ્મિત અનેકનાં દિલ જીતી શક્તું. આંખમાં આંખ પરોવી દિલથી ઈસુની વાત માંડવામાં તેઓ આગળ પડતાં હતાં. સ્વચ્છતાનાં ભારે આગ્રહી. કપડાં જાતે સિવે, દરેક કામ પ્રભુને સર્મપણ કરવા જેવું ઉત્તમ બનાવે, અન્યને તેમ કરતાં શીખવાડે. ક્યારેય કંઇ પણ ભેગું કર્યું નથી. જે મળે તે લોકોમાં, જરૂરિયાતમંદમાં વહેચી આપતાં. જીવનનાં અંતિમ દિવસોમાં પ્રાર્થનામાં મગ્ન રહેતાં. પવિત્ર ગુલાબમાળાની ભક્તિ ક્રૂસના માર્ગની ભક્તિ, જીવનની અંતિમ પ્રાર્થનામાં આખો દિવસ પસાર કરતાં. બીમારી ધીરજથી સહન કરતાં. ગુલાબમાળા હંમેશાં તેમના હાથમાં રહેતી. કલાકોના કલાકો સુધી દેવળમાં બેસતાં અને પ્રાર્થના કરતાં. છેલ્લા બે વર્ષથી 'પ્રેમ જ્યોત' કોન્વેન્ટમાં ગાળ્યા પછી, સદૈવ નિરંતર પ્રેમજ્યોતમાં તેઓ એકાકાર બની ગયાં. ઈસુપ્રેમી સિસ્ટર પ્રભુને પ્યારાં થઈ ગયાં. ●

પરેશ એ. વાઘેલા
૯૭૨૩૧ ૬૦૭૭૩


દિપક એ. વાઘેલા
૮૪૬૦૦ ૮૨૬૬૫

**અગ્નેલ એર કંડિશનિંગ**

ફ્રીઝ, એ.સી., એરકૂલર, વોટરકૂલર રીપેરિંગ, સર્વિસીંગ કરનાર

ખ્રિસ્તી મહોલ્લો, વલાસણ, તા.જિ. આણંદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જીબાબેન રાયમુન્દભાઈ મેકવાન**

જન્મ: ૦૧-૦૪-૧૯૩૦

અવસાન: ૨૫-૦૬-૨૦૧૪

વ્હાલી મા,

'દૂત'નું નિયમિત વાંચન કરનાર 'જીબા' તારી શ્રદ્ધાંજલિ 'દૂત'માં આપતાં પરમપિતા પ્રભુ ઈસુનો આભાર માનું છું.

મે મહિનાની નિયમિત ભક્તિ કરનાર વહાલી જીબા, મા મરિયમે તને હંમેશાં હિંમત અને ધીરજ પૂરાં પાડ્યાં. આ મે મહિનામાં વિશ્વ માતૃદિને તું ખૂબ જ યાદ આવી. તારું મે મહિનાની ભક્તિમાં ગવાતું ગીત "રાણી સ્વર્ગની ઓ માત, તું છે આશા દૃઢ અમારી રાણી સ્વર્ગની..." એ ગીત હજુ પણ હું ગાઉં છું. તને પણ પ્રભુએ સ્વર્ગના રાજ્યની ભાગીદાર બનાવી છે ત્યારે તારા જેવી ધાર્મિક મા આપવા માટે પ્રભુનો આભાર માનતાં તારાં બાળકો

**સ્વ. રાયમુન્દભાઈ, માર્ટીનભાઈ મેકવાનના પરિવાર તરફથી**
(ઝારોલા)

# એક વિશ્વ : સમાન પર્યાવરણ

✍ રાજેશ ક્રિશ્ચિયન

ટેકનોલોજીની હરણફાળ ભરી રહેલ આધુનિક વિશ્વ તેની આડઅસરો પણ ભોગવી રહેલ છે. વિશ્વને સતાવતી સમસ્યાઓમાં પર્યાવરણનો વિનાશ એક વિકરાળ વિડંબણા છે. માનવજાતે વિકાસને નામે ઈશ્વરદત્ત અમૂલખ કુદરતી સંપિત્તનો વિનાશ નોંતર્યો છે. અને તેથી જ ક્લાઈમેટ ચેન્જ, અલ નેનો ઈફેક્ટ, ગ્લોબલ વોર્મિંગ, કમોસમી વરસાદ, દુકાળ, એક તરફ અસહ્ય ગરમી તો બીજી તરફ હાડ થીજવી દેતી ઠંડી જેવી આફતો ઝીલવી પડે છે. પર્યાવરણની સુરક્ષા વિના માનવજીવન શક્ય નથી. આ વાત શાળાએ જતાં નાના બાળકોથી માંડી વિદ્વાનો અને જગતભરના રાજકારણીઓ પણ સમજવા લાગ્યા છે. ૫ જૂન ૧૯૭૨ના દિવસે સંયુક્ત રાષ્ટ્રસંઘે (UN) તેની સામાન્ય સભામાં આ દિવસ વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવા પ્રસ્તાવ સ્વીકાર્યો. તે પછીના વર્ષથી આ દિવસની ઉજવણી વિશ્વભરમાં શરૂ થઈ. દુનિયાભરનાં પ્રચાર-પ્રસાર માધ્યમો અને સરકારી તથા બિનસરકારી સંગઠનોએ પ્રતિવર્ષ આ વિચારને પ્રોત્સાહન આપ્યું છે.

આ વિચાર હેઠળ અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજના વાઈસ પ્રિન્સિપાલ ડો. ધર્મગુરુ લેન્સી ડિક્રુઝ એસ.જે. દ્વારા 'આદિ ઔષધિ' નામ હેઠળ એક કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. દક્ષિણ ગુજરાતના ડેડિયાપાડા અને તેની આસપાસના વિસ્તારના વસાવા આદિવાસીઓની પરંપરાગત વનઔષધિઓની ઓળખ, જાળવણી, તેનું દસ્તાવેજીકરણ, તેની ખેતી અને માર્કેટિંગનું કામ 'આદિ ઔષધિ'ના નેજા હેઠળ અમલમાં મૂકવામાં આવ્યું છે. સંશોધન કાર્ય માટે કોલેજની વિજ્ઞાન પ્રયોગશાળા મદદરૂપ થઈ રહી છે. આમ ધર્મગુરુ લેન્સીએ પર્યાવરણની રક્ષા કાજે એક નવી જ કેડી કંડારી છે. તો ચાલો... 'દૂત' દ્વારા શ્રી રાજેશ ક્રિશ્ચિયને ધર્મગુરુ લેન્સી ડિક્રુઝની લીધેલ મુલાકાત માણીએ...

રાજેશભાઈ : નમસ્તે, ફાધર લેન્સી....

ફાધર લેન્સી : નમસ્તે, રાજેશભાઈ...

રાજેશભાઈ : ફાધર, આપે વનસ્પતિ શાસ્ત્રમાં ઉચ્ચ ઉપાધિ હાંસલ કરી છે. તે સંદર્ભે વૈશ્વિક પર્યાવરણીય સમસ્યા વિશે વિસ્તારથી જણાવશો.

ફાધર લેન્સી : યાંત્રિક ક્રાંતિ પછી વિકાસની ક્ષિતિજો વિસ્તરી છે. સાથે સાથે વસ્તી વધારામાં પણ વિસ્ફોટક તેજી આવી છે. વસ્તી અને વિકાસ વધતાં જંગલો ઘટવા માંડ્યા છે અને તેથી જ પૃથ્વી પરની જૈવિક વિવિધતા (Bio Diversity) ખોરવાઈ છે! જરૂરિયાતો વધતાં પૃથ્વી પરનાં કુદરતી સ્રોતોનો ઉપયોગ બેફામ વધ્યો છે. તેને લીધે વાયુ પ્રદૂષણ, જમીનનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ જેવાં પ્રશ્નો ઊભા થયા છે. ૭ અબજ જેટલી વિશ્વની વસ્તી થઈ ગઈ છે. જ્યારે પૃથ્વી તો એક જ છે. પૃથ્વીના પડ ઉપર આટલી બધી વસ્તીનું અને લોકોની જરૂરિયાતોનું સતત અને સખત દબાણ ઊભું થયું છે. આપણી જરૂરિયાતો સંતોષવા કુદરતી ખનિજોનો ઉપયોગ વધારીએ છીએ, જે આખરે પર્યાવરણીય સમતુલા ખોરવે છે! એક નાનો દાખલો આપું - આજકાલ બધાં લોકો મોબાઈલ વાપરે છે. આ નાનકડો મોબાઈલ બનાવવા પાછળ ૪૫ જેટલાં ખનિજ વપરાય છે. આમ આપણી જરૂરિયાતો સંતોષવા આપણે પૃથ્વીને વિનાશ તરફ ધકેલી રહ્યાં છીએ! પીવા લાયક પાણીની અછતની અત્યંત કફોડી સ્થિતિ છે. એમ કહેવાય છે કે ત્રીજું વિશ્વયુદ્ધ પાણીના મુદ્દે લડાશે તો આશ્ચર્ય નહીં! ગ્લોબલ વોર્મિંગ, ક્લાઈમેટ ચેન્જ જેવા શબ્દો હવે અજાણ્યા નથી રહ્યા અને પર્યાવરણીય સમસ્યાનો સમગ્ર વિશ્વ અનુભવ કરી રહ્યું છે.

રાજેશભાઈ : પર્યાવરણીય સમસ્યાના સંદર્ભે વિશ્વ પર્યાવરણ દિનનું મહત્ત્વ સમજાવશો.

ફાધર લેન્સી : સમતોલ વિકાસ (Sustainable development) માટે સંયુક્ત રાષ્ટ્રસંઘે ૨૦૫૦ સુધી જુદાં જુદાં સીમાચિહનો નક્કી કર્યાં છે, જેમકે ગતવર્ષ ૨૦૧૪ માટે 'આપનો અવાજ વધારો, સમુદ્રનું જળસ્તર નહીં', ૨૦૧૫ માટે 'એક વિશ્વ : સમાન પર્યાવરણ' અને ૨૦૧૬ માટે 'આપણી પૃથ્વી - આપણે જ રક્ષીએ.' વગેરે... આવાં લક્ષ્યાંકો માટે સમગ્ર વિશ્વ એકમતે નક્કર કાર્ય કરી રહેલ છે. દુનિયાભરમાં પર્યાવરણની રક્ષા પ્રત્યે જાગૃતિ આવી રહી છે. લોકોમાં પર્યાવરણનું મહત્ત્વ વધ્યું છે. લોકોમાં સમજ કેળવાઈ રહી છે કે આપણે આપણી જીવનશૈલી બદલીશું તો જ પર્યાવરણની રક્ષા થઈ શકશે. આમ દુનિયાભરમાં લોકોને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનાવવા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અગત્યની છે.

રાજેશભાઈ : પર્યાવરણ સંદર્ભે આપણી ધર્મસભાના વલણ પર પ્રકાશ પાડશો.

ફાધર લેન્સી : બાઇબલના જૂના કરારમાં પણ પર્યાવરણની જાળવણી બાબતે માર્ગદર્શન મળી રહે છે. નાતાલ વખતે ઘેર ઘેર બનાવવામાં આવતાં ગભાણમાં પણ પર્યાવરણીય સંદેશ સમાવિષ્ટ છે. જેમ કે પર્વતો, નદીનાળાં, વૃક્ષો, આકાશ, તારા વગેરે... આસિસીના સંત ફ્રાન્સિસ વિખ્યાત પર્યાવરણ પ્રેમી હતા. આમ ધર્મસભામાં પણ પર્યાવરણ રક્ષા બાબતે ઘણી વિગત જાણવા મળે છે પરંતુ ધર્મસભાના દસ્તાવેજોમાં પર્યાવરણ સુરક્ષા સંબંધે કોઈ સ્પષ્ટ દિશાનિર્દેશ જોવા મળતો નથી. ૧૯૬૨માં રોબર્ટ લીન વ્હાઈટ નામના પર્યાવરણવિદે પર્યાવરણના વિનાશ માટે ખ્રિસ્તી ધર્મ જેવા ધર્મોને જવાબદાર ઠેરવતું નિવેદન કરતાં હોબાળો મચ્યો હતો. નવી સહસ્ત્રાબ્દી આરંભે સંત વડાધર્મગુરુ જોન પોલ દ્વિતીયે 'Peace with God : Peace with Creation' - 'ઈશ્વર સાથે સમાધાન : સૃષ્ટિ સાથે સમાધાન'નો

વિચાર આપ્યો હતો. વેટિકન સીટીના મુખ્ય હોલ ઉપર સોલર સિસ્ટમ ફીટ કરવામાં આવી છે અને ત્યાંની હીટિંગ સિસ્ટમ સૂર્યઊર્જા વડે જ ચલાવવામાં આવે છે. કેથલિક ધર્મસભા સામાન્યપણે સામાજિક અસમાનતા દૂર કરવા પ્રયત્નશીલ રહેલી છે અને પ્રાકૃતિક ભેટોની રક્ષા/પર્યાવરણ વિશે ધર્મસભા તરફથી કોઈ સ્પષ્ટ દિશાસૂચન હજુ સુધી પ્રાપ્ત નથી પરંતુ નજીકના ભવિષ્યમાં જ; ૨૦૧૫ના અંત પહેલાં જ વડાધર્મગુરુ ફ્રાન્સિસ પર્યાવરણ પ્રત્યે ધર્મસભાનો અધિકૃત દસ્તાવેજ બહાર પાડશે. સમગ્ર વિશ્વ આ દસ્તાવેજની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું છે.

રાજેશભાઈ : ઈસુસંઘે તેના દસ્તાવેજ G૩૫માં પર્યાવરણ સુરક્ષા બાબતે અંગુલિનિર્દેશ કર્યો છે. આ બાબતે વિગતે જણાવશે...

ફાધર લેન્સી : G૩૫ સુધી ઈસુસંઘ માટે પણ સામાજિક ન્યાય એ જ મુખ્ય મુદ્દો હતો. અને 'We live in a broken world' કહેવાતું. પરંતુ હવે 'Healing the broken world'નો સૂર ઉઠ્યો છે. ઈસુસંઘનું મુખ્ય કાર્ય સમાધાનનું છે. પ્રથમ તો ઈશ્વર સાથે સમાધાન, ત્યારબાદ માનવ માનવ વચ્ચે સમાધાન અને હવે વ્યાપક પરિપ્રેક્ષણમાં સમગ્ર સૃષ્ટિ સાથે સમાધાન. આ ત્રણે એકબીજા સાથે સંકળાયેલ છે. આ બધાં માટે આપણા હૃદયનું પરિવર્તન જરૂરી છે. જો મારું હૃદય પરિવર્તન સ્વીકારે તો જ હું બીજા માટે કંઈક કરી શકીશ. ઈસુસંઘ દ્વારા જુદા જુદા દેશોમાં પર્યાવરણની રક્ષા સંબંધે ઘણાં કામો થઈ રહ્યાં છે. ગત માર્ચમાં કોલકત્તા ખાતે એક સેમિનારનું આયોજન થયું હતું. તેમાં અલગ અલગ જગ્યાએ થતાં કાર્યોની જાણ તેમજ અનુભવોની આપલે કરવામાં આવી હતી. જેમકે અમેરિકામાં 'Alternative Energy' વૈકલ્પિક ઉર્જા સંબંધે સંશોધનો થઈ રહ્યાં છે. પેરુ દેશમાં તાંબુ (Copper) ઓગાળતાં થતા વાયુ પ્રદૂષણને વૈજ્ઞાનિક રીતે પૂરવાર કરી વિશ્વનું ધ્યાન દોર્યું છે. આપણા દેશમાં ઈસુસંઘ સંચાલિત શાળા-કોલેજોમાં 'તરૂમિત્ર' જેવી ફોરમ હેઠળ પર્યાવરણ શિક્ષણ દ્વારા જાગૃતિનું કામ થઈ રહ્યું છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં આદિ ઔષધિઓ અને તેના વૃક્ષોના જતનનો ખ્યાલ અને તેના દસ્તાવેજીકરણનું કાર્ય થઈ રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં ધર્મગુરુ કાંપોઝ ઘણાં વર્ષોથી પર્યાવરણ જાગૃતિ પ્રત્યે કાર્યરત છે. મધ્ય ગુજરાતમાં ધર્મગુરુ રાપ્પાઈ સૂર્યઉર્જા પર કામ કરી રહ્યા છે. 'Green School'ના નેજા હેઠળ વડોદરાની સેંટ જોસેફ શાળાના ધાબા ઉપર ટેરેસ ગાર્ડન કરી શાકભાજી ઉછેરવામાં આવી રહ્યાં છે. સેવાસી ટેકનિકલ સંસ્થામાં સૂર્યઉર્જા પર કામ થઈ રહ્યું છે. એજ રીતે અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજમાં Eco Audit દ્વારા વીજળી, પાણીના વપરાશનું મોનિટરિંગ થઈ રહ્યું છે. આમ ઈસુસંઘ દ્વારા અનેક ક્ષેત્રે કાર્ય થઈ રહ્યું છે અને જાગૃતિ ફેલાવાઈ રહી છે. આથી લોકો પણ પર્યાવરણીય સંવેદનશીલતા ધરાવતા થયા છે. પુરોહિતો દ્વારા 'Eco Mass' પર્યાવરણીય ખ્રિસ્તયજ્ઞ - એટલે કુદરતી વાતાવરણમાં ખ્રિસ્તયજ્ઞની ઉજવણી કરવામાં આવે છે.

રાજેશભાઈ : ફાધર, પર્યાવરણીય સંવેદનશીલતા ધરાવતી જીવનશૈલી એટલે કેવી જીવનશૈલી?

ફાધર લેન્સી : મારી જરૂરિયાતો કઈ રીતે પૃથ્વીની સંપત્તિને નષ્ટ કરે છે તે સમજવું અને મારી જરૂરિયાતો કઈ રીતે ઘટાડવી જેને લીધે પૃથ્વીની પ્રાકૃતિક સંપદાને ઓછામાં ઓછું નુકસાન થાય. સાથે સાથે મારા પ્રયત્નોથી હું પર્યાવરણની રક્ષા કરું. પર્યાવરણના રક્ષા સંબંધી કાર્યોમાં હું મારો પૂરેપૂરો સહયોગ આપું. આવી જીવનશૈલી એટલે પર્યાવરણીય સંવેદનશીલતા ધરાવતી જીવનશૈલી. આ જ વાત વ્યાપક રીતે જોઈએ તો દરેક દેશે તે પ્રમાણે વિચારવું. જ્યારે જાપાન પર અણુંબોંબ ઝીંક્યો હતો ત્યારે સમગ્ર વિશ્વે તેનો સંહાર નિહાળ્યો. બીજા વિશ્વયુદ્ધ પછી જગતના ઘણા દેશો પાસે અણુંબોંબ છે પરંતુ તેના ઉપયોગના જોખમોને જોતાં ત્યારપછી કોઈ દેશ અણુંબોંબના ઉપયોગની મુર્ખાઈ કરતો નથી કારણ અણુંબોંબથી થતા વિનાશ પરત્વે વિશ્વની સભાનતા કેળવાઈ છે. તેજ રીતે પર્યાવરણના વિનાશ સંદર્ભે પણ સભાનતા કેળવાવી જોઈએ.

રાજેશભાઈ : અંતમાં 'દૂત' માટે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે કોઈ સંદેશ આપશો!

ફાધર લેન્સી : 'દૂત' જેવું બહોળો વાચકવર્ગ ધરાવતું સામયિક પર્યાવરણ જાગૃતિનું કાર્ય અચૂક કરી શકે. 'દૂત'માં એક નાનો ખૂણો - પર્યાવરણના સમાચાર, માહિતી માટે કાયમ અલાયદો રાખી શકાય તો ઉત્તમ.

રાજેશભાઈ : ફાધર લેન્સી, આપનો ખૂબ ખૂબ આભાર....

મો. નં. ૯૪૨૬૫૮૪૦૨૮
Email : rajesh.christian@yahoo.co.in

## *Congratulation on 35th Wedding Anniversary*



**Date: 11-05-1980 to 11-05-2015**

Congratulation to my dear dad **Sulemanbhai** and my lovely mother **Veronikaben** on completing 35 sweet years of walking together on the path of blessed life.

I am very happy to celebrate this blessed moment with you. I am proud of my self that I am your daughter. I pray God to shower His blessings on you and may the years ahead be filled with joy, peace and happiness. I love you so much dear mom and dad.

**Your lovely daughter Nancy**

# સ્નાનસંસ્કારક સંત યોહાન

✍ વિક્ટર ક્રિસ્ટી

ધર્મસભામાં જન્મ અને મરણની ઘટનાઓની આપણી ઉપાસનાવિધિઓમાં મુક્તિદાતા પ્રભુ ઈસુ અને તેમનાં મા મરિયમ, ઉપરાંત, ફક્ત સ્નાનસંસ્કાર યોહાનનો સમાવેશ થાય છે. કારણ તેમણે ઈસુના આવવાનો રસ્તો તૈયાર કરવામાં અનન્યે અને ઈશ્વરની ઈચ્છાનુસાર ભાગ ભજવ્યો હતો. તેમનો પાણીનો સ્નાનસંસ્કાર આવનાર આત્માના સંસ્કારની તૈયારી હતી. પ્રભુ ઈસુ એમની પ્રશંસા કરતાં એમના શિષ્યોને કહે છે, “સ્નાનસંસ્કાર યોહાન કરતાં મોટો કોઈ માનો જણ્યો ધરતીના પડ ઉપર છે જ નહિ” (લૂક ૭:૨૮). ઈશ્વરની મુક્તિ યોજનામાં એમના જન્મ અને શહાદતની ઘટનાઓ અતિ મહત્ત્વની હોઈ બંનેને ઉપાસનાવિધિઓમાં ભવ્યતા બક્ષેલી છે. તેમનો જન્મ જૂનની ૨૪ તારીખે અને શહાદત ઓગષ્ટની ૨૯ તારીખે ધર્મસભા ઉજવે છે.

**સ્નાનસંસ્કાર યોહાનનો જન્મ :** ચાર સુવાર્તાકારોમાં એકમાત્ર સંત લૂક, ઈસુ અને સ્નાનસંસ્કાર યોહાનના જન્મનો ચિતાર આપે છે. જેમ ઈસુનો જન્મ અસાધારણ અને અલૌકિક ઘટના હતી, જેનો પયગંબરોની ભવિષ્યવાણીમાં ઉલ્લેખ હતો તેમ સ્નાનસંસ્કાર યોહાન વિશે પણ યશાયા પયગંબરના ચાળીસમા અધ્યાયમા ઉલ્લેખ હતો.

સંત લૂકના ગ્રંથમાં બે મહાન મહિલાઓના મિલનના વર્ણન પરથી તારવી શકાય છે કે સ્નાનસંસ્કાર યોહાન ઈસુ કરતાં ઉંમરમાં છ મહિના મોટા હતા. ઉપાસના કેલેન્ડરમાં યોહાનનો જન્મ ૨૪ જૂન છે અને ઈસુનો જન્મ ૨૫ ડિસેમ્બર છે.

બંનેના જન્મની અને ગર્ભધારણની અનન્યતા છે. ઈસુના માતાને અને યોહાનના પિતાને ગાબ્રિયેલ દૂત તેમના ગર્ભધારણ વિશે શુભસંદેશ પાઠવે છે. ઝખરિયા, યોહાનના પિતા દૂત ગાબ્રિયેલના સમાચારને સ્વીકારી નથી શકતા કારણ તેમનાં પત્ની એલીઝાબેથની ઉંમર જૈવિક સ્વભાવ પ્રમાણે ગર્ભધારણ માટેની ક્ષમતા વટાવી ચૂક્યાં હતાં. માતા મરિયમને પ્રશ્ન થાય છે કે તેઓ પતિગમન કરતાં ન હોવાથી કેવી રીતે માતા બની શકે? પરાત્પર પરમેશ્વરને માટે આ બંને મર્યાદાઓ અવરોધરૂપ ન હતી. મોટી ઉંમરમાં પણ એલીઝાબેથ માતા બન્યાં અને કુંવારી કન્યા મરિયમ પણ પવિત્ર આત્મા દ્વારા ઈશ્વરનાં માતા બન્યાં.

સ્નાનસંસ્કારક યોહાનના નામકરણમાં પણ વિશિષ્ટતા છે. એમનાં વંશજોમાં કોઈનું નામ યોહાન હતું નહિ આથી તેમના સગાંવહાલાં તે નામ માટે વિરોધ કરે છે પરંતુ દૂતના સંદેશને ઝીલી નહિ શકનારા બોબડા થઈ ગયેલા ઝખરિયાને જ્યારે પાટીમાં લખવાનું કહેવામાં આવે છે ત્યારે તેઓ ‘યોહાન’ નામ લખે છે અને તેની સાથે તે ફરી બોલતા થાય છે. આમ, સ્નાનસંસ્કારક યોહાનના જન્મ સાથે અનેક વિસ્મય પમાડે તેવી બાબતો જોડાયેલી છે.

**સ્નાનસંસ્કારક યોહાન ઈસુના અગ્રદૂત :** ઈસુના જન્મ પહેલાં છ મહિના અગાઉ જન્મનાર સ્નાનસંસ્કાર યોહાન ઈસુના અગ્રદૂત હતા. ઈશ્વરની એ યોજના હતી. એમના વિશે પયગંબર યશાયાએ ભવિષ્યવાણી કરી હતી : ‘કોઈનો સાદ સંભળાય છે : “મરુભૂમિમાં પ્રભુને સારું રસ્તો તૈયાર કરો...” (યશાયા ૪૦:૩-૫). સ્નાનસંસ્કાર યોહાનમાં એ ભવિષ્યવાણી સાચી પડે છે. તેઓ અરણ્યમાં આવી ઘોષણા કરવા લાગ્યાં કે “હૃદયપલટો કરો અને સ્નાનસંસ્કાર પામો.” (માર્ક ૧:૪) અને યોહાન, યર્દન નદીને કાંઠે યહુદિયા પ્રદેશમાંથી ઉમટેલાં લોકોનાં ટોળાને પાપોની કબૂલાત કરાવી સ્નાનસંસ્કાર કરાવતા. (માર્ક ૧:૫). લોકોનાં ટોળાંની મધ્યે તેઓ કહેવાનું ભૂલતા નથી કે “મારી પાછળ મારા કરતાં વધુ શક્તિશાળી પુરુષ આવી રહ્યા છે જે તેમને પવિત્ર આત્મા વડે સ્નાનસંસ્કાર કરાવશે.” (માર્ક ૧:૬-૮). યહુદીઓ જ્યારે તેમને પૂછે છે કે તેઓ આવનાર મસીહ, ખ્રિસ્ત છે ત્યારે તેમને સ્પષ્ટપણે કહે છે કે તેઓ પોતે ખ્રિસ્ત નથી બલ્કે ખ્રિસ્ત આવનાર છે અને તેમનાં પગરખાંની વાધરી છોડવાને પણ તેઓ લાયક નથી (માર્ક ૧:૭-૮)

પોતાના શિષ્યોને પણ તેઓ ઈસુ તરફ અંગુલીનિર્દેશ કરી કહે છે : “જુઓ પેલું ઈશ્વરનું ઘેટું! એ દુનિયાનું પાપ હરી લેનાર છે.” (યોહાન ૧:૨૯). એમના પોતાના શિષ્યો તેમને છોડીને ઈસુ પાછળ જાય છે તેનું તેમને દુઃખ નથી પરંતુ આનંદ છે કારણ તેમના જન્મવાનો હેતુ એ જ હતો કે, “ઈસુ ઈસ્રાયલ આગળ પ્રગટ થાય” (યોહાન ૧:૩૧) સ્નાનસંસ્કારક યોહાનનું કહેવું હતું કે “ઈસુનું મહત્ત્વ વધવું જોઈએ અને એમનું ઘટવું જોઈએ.” (યો. ૩:૩૦)

ઈસુના અગ્રદૂત તરીકે એમની મુખ્ય ભૂમિકા હતી. આવનાર મસીહ માટે રસ્તો તૈયાર કરવાનું જેથી લોકો સાચા મસીહને ઓળખે એમને દિલથી સ્વીકારે અને તેમના અનુયાયી થાય. આ કાર્યમાં તેઓ જરા પણ ઊણા ઉતર્યા નથી. માલિક કે નોકર જે કોઈ તેમની પાસે સ્નાનસંસ્કાર લેવા આવતા તેમની પાસે તેમની બે માગણીઓ હતી — હૃદયપલટો કરો અને હૃદયપલટાને શોભે એવાં કાર્યો કરો. (માથ્થી ૩:૮). જ્યાં એમને લાગતું કે કેટલાક લોકો અહમ્ ધરાવતા હતા અને હૃદયપલટાને અવરોધી રહ્યા હતા એવા લોકોની ઝાટકણી કાઢતા. ફરોશીઓ અને સદુકીઓને એમણે સંભળાવ્યું હતું, “હે સર્પનાં સંતાનો!... હૃદયપલટાને શોભે એવાં કાર્યો બતાવો અને એવે ભરોસે ન રહેશો કે અમે તો અબ્રાહામના વંશજો છીએ...” (માથ્થી ૩ : ૭-૯). જો પશ્ચાતાપ ન હોય તો એમનું દુઃખ કે એમના વંશજો

એમને ઉગારી શકવાના નથી. ઉગરવાનો અને ઈશ્વરના કૃપાપાત્ર ઠરવાનો એક જ માર્ગ હતો અને તે હૃદયપલટાનો.

**હેરોદિયાસ, હેરોદ અને સ્નાનસંસ્કાર યોહાન :** જેમ યોહાન, અબ્રાહામના વંશજ હોવાનું અભિમાન ધરાવતા ફરોશીઓ અને સદુકીઓને ઝાટકણીમાંથી બાકાત નથી રાખતા તેમ રાજા હેરોદને પણ છોડતા નથી.

હેરોદને પણ હૃદયપલટા માટે હાકલ કરે છે. હેરોદે એના ઓરમાન ભાઈ ફિલિપની પત્ની હેરોદિયાસ સાથે લગ્ન કર્યા હતાં. સ્નાનસંસ્કાર યોહાને હેરોદને સ્પષ્ટપણે કહ્યું હતું તે ખોટું કરી રહ્યો હતો. હેરોદને યોહાન પ્રત્યે માન હતું અને તેમનાથી એ ડરીને ચાલતો હતો, પરંતુ હેરોદિયાસ યોહાન પર કિન્નો રાખતી હતી. યોહાનને મારી નાખવાની પેરવીમાં રહેતી. હેરોદને યોહાનની વાતો સાંભળવી ગમતી કારણ, તે યોહાનને ધર્મિષ્ઠ અને પવિત્ર પુરુષ માનતો હતો. (માર્ક ૬:૨૦) પરંતુ તે હેરોદિયાસની સંગત છોડી શકતો ન હતો! જ્યારે હેરોદિયાસે તો જ્યારથી યોહાનની ટીકા સાંભળી હતી ત્યારથી તેમનું કાસળ કાઢવાનું નક્કી કરી રાખ્યું હતું.

સ્નાનસંસ્કારક યોહાન પોતાને સોંપયેલ કામ સંપૂર્ણ નિષ્ઠાથી અને નિર્ભયતાથી કરતા હતા. એથી વિરુદ્ધ હેરોદને ડર હતો કે યોહાન લોકોનાં ટોળાંને એની વિરુદ્ધ ઉશ્કેરી એને ગાદીમુક્ત કરશે. આથી હેરોદિયાસની કાનભંભેરણીને લઈ તે યોહાનને કારાવાસમાં નાખે છે. દરમિયાનમાં એવું બન્યું કે હેરોદનો જન્મદિન હોઈ, દરબારમાં નાચગાન એક મિજબાની રાખવામાં આવી. જેમાં હેરોદિયાસની પુત્રીએ પોતાના આકર્ષક નૃત્યથી હેરોદ સાથે બધા જોનારનાં મન હરી લીધાં! હેરોદે આનંદોલ્લાસમાં આવી કહ્યું, “માગ, માગ, જે માગે તે આપું.” (માર્ક ૬:૨૨) પુત્રીએ પોતાની માતા હેરોદિયાસને પૂછ્યું, તે તો આવી તકની રાહ જોઈ રહી હતી. આથી તેણે કહ્યું, “મને અબઘડી સ્નાનસંસ્કારક યોહાનનું માથું થાળીમાં મૂકીને આપો.” (માર્ક ૬:૨૫) હેરોદ આ માગણી સાંભળતા દુઃખી થયો પરંતુ બધા રાજદરબારીઓની હાજરીમાં વચન આપી ચૂક્યો હોવાથી એમની શરમે જલ્લાદને યોહાનનું માથું લઈ આવવા કહ્યું. જલ્લાદે આજ્ઞા પ્રમાણે યોહાનનો શિરચ્છેદ કર્યો અને માથું થાળીમાં આપ્યું. (માર્ક ૬:૨૬-૨૯).

આમ રસ્તો તૈયાર કરવામાં સ્નાનસંસ્કાર યોહાન કંઈ જ બાકી નથી રાખતા. ઈસુના અગ્રદૂત તરીકે શૂન્ય કલાકથી અંત સુધી પોતાને જે કરવાનું છે તે પૂરી નિષ્ઠાથી કરે છે અને એનું જે કાંઈ પરિણામ આ દુનિયા પર આવે છે તે સ્વીકારે છે.

**ઉપસંહાર :** શું આજે સ્નાનસંસ્કારક સંત યોહાન હાલની આપણી દુનિયામાં પ્રસ્તુત છે? આ સવાલ આપણા મનમાં ઉદ્ભવે. હા, આજે પણ તેઓ પ્રસ્તુત છે.

ઈસુને આપણા જીવનમાં અને દિલમાં પ્રવેશ આપવા માટે હજીએ આપણા માટે અરણ્યમાં કોઈનો સાદ સંભળાય છે : “હૃદયપલટો કરો અને કૃપાપાત્ર બનો.” હૃદયપલટો કરવાનો જે મંત્ર સ્નાનસંસ્કારક યોહાને આપ્યો છે તેને આપણે દરરોજ અને વારંવાર દોહરાવવાનો છે.



બીજું સ્નાનસંસ્કારક યોહાન પોતાને સોંપાયેલ કાર્યને પૂરી નિષ્ઠાથી અને વફાદારીથી નિભાવે છે. એમ કરવામાં તે પોતાની જાતને પણ એમાં હોમી દે છે. આજે પણ ઈસુપંથીઓ છે જે ઈસુને વળગી રહી સ્નાનસંસ્કારક યોહાનની જેમ પોતાના માથાને ધડથી અલગ થવા દે છે! ઈજિપ્તના સ્થાનિક ઈસુપંથીઓનો કોપ્ટીક ક્રિશ્ચિયનોનો તેમની અડગ શ્રદ્ધાને કારણે શિરચ્છેદ કરવામાં આવ્યો હતો.

પ્રભુ ઈસુએ સ્નાનસંસ્કારક યોહાનનાં વખાણ કરતાં કહ્યું હતું કે તેમના કરતાં મોટો કોઈ માનો જણ્યો ધરતીના પડ ઉપર નથી. પણ સાથે સાથે એમ પણ કહ્યું હતું કે, “તેમ છતાં, ઈશ્વરના રાજ્યમાંનો અદનામાં અદનો માનવી પણ એના કરતાં મોટો છે.” (લૂક ૭:૨૮) અર્થાત્ જો કોઈને સ્નાનસંસ્કારક યોહાનથી મોટા બનવું હોય તો તેણે હૃદયપલટો કરી ઈસુનો સ્વીકાર કરવો પડે, કારણ તો જ તે ઈશ્વરના રાજ્યનો હકદાર બની શકે. આથી હૃદયપલટાનો પડકાર તો જે કોઈ ઈશ્વરના રાજ્યનો સભ્ય બનવા માંગતો હોય તેણે કરવો જ પડે.


મો. ૯૯૦૪૮૩૬૫૬૬
Email : vichristi2010@gmail.com



## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જયાબેન નગીન પરમાર**

જન્મ: ૧૭-૦૧-૧૯૭૪

અવસાન: ૨૪-૦૫-૨૦૧૪

ઈસુએ કહ્યું, ‘‘હું જ પુનરુત્થાન અને હું જ જીવન છું,
જેને મારામાં શ્રદ્ધા છે તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે.’’

ક્યાં ખબર હતી અમને સમય તારો જિંદગીનો ઓછો હશે.
વિદાય તારી અચાનક અને અણધારી હશે.
સૂનું થયું ઘર, સૂના થયા અમે, સૂનો થયો પરિવાર
અમે નજર કરીએ છીએ છબી તારી ત્યારે લાગે છે
હાજરી તારી ઘરમાં, વસંતમાં પાનખર છવાઈ ગઈ.
અમને શ્રદ્ધા છે અમારા હૈયામાં
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

બેથેલકૃપા સોસાયટી,
મણીનગર, અમદાવાદ

**લિ. તારાં મમ્મી-પપ્પા**
**નગીન અને તારો લાડલો રોનક**

# ઈકોલોજી મિશન

✍ ફાધર રાપ્પાઈ પૂત્તોકરણ ઈ.સં.

ગુજરાતમાં ઈસુસંઘીઓ દ્વારા પર્યાવરણની જાળવણી, ગુજરાતમાં ઈસુસંઘીઓના આગમન જેટલી જૂની પરંપરા છે. મોટાભાગના આપણાં દેવળનાં પટાંગણ આજે પણ વર્ષો જૂના લીમડાઓથી હરિયાળાં છે, જેને કારણે ૪૦-૪૫ ડીગ્રીમાં રોકાતા ગુજરાતમાં દેવળનું આંગણું શીતળતા પાથરતું હોય છે! સ્વ. બ્રધર ગાલિસિયાએ અને હાલમાં બ્રધર એબ્રિલે, આણંદ નજીકના મોગર ગામમાં 'જેસુઈટ ફાર્મ'ને હર્યુભર્યુ બનાવવામાં કોઈ કસર છોડી નથી. બ્રધર ગાલિસિયાએ તો અસંખ્ય આદિવાસી ખેડૂતોને આ ફાર્મ દ્વારા ખેતીવિષયક નવીન સુધારાઓની તાલીમ આપી છે. ફાધર ઓગિઝુએ વડતાલમાં ચિકોરીનો રોકડિયો પાક લેવાની પહેલ કરી હતી. ખેતતલાવડી-પાણી સંગ્રહ અને જમીન સુધારણના ઘણા કાર્યક્રમ ઈસુસંઘીઓએ અપનાવ્યા છે.

ગુજરાત ઈસુસંઘીઓએ ૧૯૯૦ના અરસાથી સૂર્યઉર્જાનો બહોળો ઉપયોગ કરવાનું બીડું ઝડપ્યું જોડાયું છે. વુલ્ડગેંગ સ્કેફ્લરે વિશાળ પરવલય આકારના અરિસા દ્વારા, વિપુલ માત્રામાં સૌરઉર્જા મેળવવાનું સંશોધન કર્યુ જેનો ઉપયોગ ઘણા છાત્રાલયમાં આજે પણ રસોઈ બનાવવામાં થાય છે. ત્રણેક ટેકનીકલ સ્કૂલમાં સ્કેફ્લરની પરવાનગીથી આવા પરવલય અરિસાનું ઉત્પાદન શરૂ કર્યું, પણ તેની નિભાવણી અને માગદર્શનમાં અભાવ જોવા મળ્યો. ગરીબ પ્રજા માટે ફાધર સેડ્રિક પ્રકાશે વ્યાપક પ્રમાણમાં સૂર્યઉર્જાના ઉપયોગ માટે આર્થિક સહયોગ આપ્યો છે. ફૂલવાડી (ધરમપુર)માં સૂર્યશક્તિના ઉપયોગથી વરાળ મારફ્તે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓની રસોઈ માટે સુવિધા ઊભી કરી છે. સૂર્યઉર્જાથી પાણીની વરાળ બને છે, જે રસોડમાં ઝડપી અને પ્રદૂષણયુક્ત રસોઈ માટે આશીર્વાદરૂપ છે. છેલ્લા દસ વર્ષથી છાત્રાલયનું રસોડું સૂર્યશક્તિથી ચાલે છે.

છેલ્લા દશકામાં 'તરુમિત્ર' પટના(બિહાર)ના સહકારથી અમદાવાદમાં સેંટ ઝેવિયર્સ કોલેજ અને ગુર્જરવાણી તથા ત્રણેક અન્ય સ્વૈચ્છિક સંસ્થાના પ્રયાસથી 'તરુમિત્ર-ગુજરાત'નો આરંભ ૨૦૦૩થી થયો છે. યુવાનોને પર્યાવરણ શિક્ષણ, વૃક્ષારોપણ અને માવજત, પ્લાસ્ટિકના વપરાશમાં ઘટાડો તેમજ પ્રદૂષણ મુક્ત સમાજનો વિકાસ જેવા મુદ્દાઓ પ્રત્યક્ષ ભણાવવામાં આવે છે. એજ વર્ષે ફાધર જોલીએ કોઠંબાના ૩૦ એકરના ઉજ્જડ ખારા પટને જૈવ વૈવિધ્ય સંગ્રહાલય તરીકે વિકસાવવાની હામ ભીડી હતી. જમીન નવસાધ્ય કરી ૫૦,૦૦૦ જેટલા ઝાડ, જૈવ કૃષિ દ્વારા ઉગાડ્યાં છે. મોડાસામાં નાના ખેડૂતોને ફાધર અરુલાએ જૈવિક ખાતરના ઉપયોગ દ્વારા જૈવિક કૃષિની તાલીમ આપી હતી.

સેંટ ઝેવિયર્સ અમદાવાદના ફાધર લેન્સી ડી'ક્રુઝે, 'આદિવાસી આદિ ઔષધિ' પર ડોક્ટરેટની ઉપાધિ મેળવ્યા પછી ડેડિયાપાડા (દક્ષિણ ગુજરાત)માં તેના શુભારંભ કર્યા છે. ડેડિયાપાડા તાલુકાના આદિવાસ ખેડૂતો હવે આદિ ઔષધિ છોડની ખેતી કરવા માંડ્યા છે અને દાદા પરદાદાથી ચાલી આવતી જડીબુટીઓનું ઉત્પાદન કરે છે. 'ગુજરાત-જેસુઈટ યુથ મિનિસ્ટ્રીના ઈન્ચાર્જ જ્યોતિ ઝેવિયરે' 'ક્લાઈમેટ કેમ્પર્સ' ચળવળનો ૨૦૦૮થી આરંભ કર્યા છે. વિવિધ કલાઓના ઉપયોગ દ્વારા, પર્યાવરણ સભાનતા કેળવી, પર્યાવરણ શિક્ષણ તેઓ આપે છે, ફાધર રપ્પાઈએ 'ગુર્જરવાણી'માંથી મુક્તિ મેળવી ૨૦૧૦થી 'મધર અર્થ' પ્રોજક્ટમાં સામેલ થયા છે. યુવાનો તથા ધર્મસભા સંચાલિત સંસ્થાઓમાં પર્યાવરણના વિવિધ પાસાં અંગે જાગૃતિ કેવળી, ભાવિ કાર્યક્રમ માટે પ્રોત્સાહન આપે છે. 'જેસુઈટ ઈન સોશ્યલ એક્શન' (JESA) વેસ્ટર્ન રીજિયનનું આમંત્રણ સ્વીકારી, ભારતભરના ઈસુસંઘીઓ માટે, 'તરુમિત્ર' પટનાના ફાધર રોબર્ટ અથીકલના સહકારથી 'ઈગ્નેશિય, ઈકો રીટ્રીટ'નું સફળ આયોજન કર્યું હતું.

આ શરૂઆતે ઈસુસંઘ ગુજરાત પ્રાંતમાં એક નવી લહેર પેદા કરી. ત્રણ વર્ષના દીર્ઘકાળ માટેના 'સ્ટ્રટી'જિક એપોસ્તોલિક પ્લાનિંગ' (SAP)માં 'પર્યાવરણ સુરક્ષા'ને પ્રાંતના એક મુખ્ય હેતુ તરીકે સ્વીકારવામાં આવ્યો. પરિણામે 'ગુજરાત જેસુઈટ ઈકોલોજી મિશન' (GJEM)ની ગુજરાત પ્રાંતમાં રચના કરવામાં આવી, જેના ગઠન અને વિકાસ માટે ફાધર લેન્સી ડી'ક્રુઝ (સંયોજક), સેડ્રિક પ્રકાશ, વિન્સેન્ટ મુન્નુ, લુકાસ રાયપ્પન, રાપ્પાઈ પૂત્તોકરણ અને શ્રી જ્યોતિ ઝેવિયરની સમિતિ રચવામાં આવી.

ગુજરાત જેસુઈટ ઈકોલોજી મિશન : વિચારપરામર્શનના અંતે પ્રકૃતિ સાથે સંબંધ પ્રસ્થાપિત કરવા તેમજ મજબૂતપણે વિકસાવવા નીચેની બાબતો ધ્યાનમાં આવી છે. ૧) કુદરત પ્રત્યેની આપણી સમજને સમૂળગી બદલવા માટે પરિવર્તનનો પડકાર. ૨) સર્જન પ્રત્યે આદર પેદા કરતી નવી પરંપરાઓ ઉભી કરવી અને આચરણમાં મૂકવી. ૩) કુદરત પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમ જાગ્રત કરનાર અને હિમાયત કરનાર કાર્યપ્રણાલીનું સંશોધન કરવું અને પ્રોત્સાહન આપવું.

ઈસુસંઘનાં તમામ પ્રૈષિતિક કાર્ય તેમજ પ્રવૃત્તિઓમાં વ્યક્તિગત, સંસ્થાકીય અને રાષ્ટ્રીય કક્ષાએ પર્યાવરણ સંરક્ષણના વ્યાપનો પ્રચાર-પ્રસાર કરી, ઈશ્વરનું સર્જન અને તેના પ્રત્યે આપણી ભૂમિકાના વલણ માં બદલાવ લાવવાનો સંઘનો ધ્યેય રહેશે.

શિક્ષણ : શાળામાં પર્યાવરણ જાગૃતિના ફ્લકની ચકાસણી, પુર્નઉર્જા પ્રાપ્ત કેન્દ્ર-પર્યાવરણ/સૌરઉર્જાની મુલાકાત, પસંદગીના વિદ્યાર્થીઓને તાલીમ વગેરે બાબતો આ ક્ષેત્રમાં વણી લેવામાં આવે.

પાળકીય કાર્ય: પર્યાવરણ આધાત્મિકતા અંગે સામાન્ય જનસમાજમાં અને સંન્યસ્તોમાં સભાનતા કેળવવા માટે મહિનાને અંતે

યોજાતી 'આધ્યાત્મિક મૌન સાધ્વી' કે વર્ષે યોજાતી દીર્ઘ સાધનામાં બોધ માટે પર્યાવરણના વિષયને પસંદગી આપવામાં આવે.

એક ખ્રિસ્તી તરીકે પર્યાવરણ સુરક્ષામાં, શી ભૂમિકા હોઈ શકે તે સ્પષ્ટ કરવામાં માટે ઈસુસંઘી તાલીમ-ક્રમિક અને માળખાગત તાલીમના વિભિન્ન તબક્કાઓમાં કુદરત અંગેની સંકલ્પના સ્પષ્ટ કરવી. સામાજિક કાર્ય ગરીબ અને ગરીબી રેખા નીચે જીવતી પ્રજા પર્યાવરણ પ્રદૂષણનો સૌથી વધારે શિકાર બનતા હોય, ઈસુસંઘીઓ તેમને આ દોઝખ જિંદગીથી સભાન કરી, તેમાંથી બહાર આવવા તેમજ કાનૂની રાહે પ્રાકૃતિક સંવધનો અધિકાર મેળવી શકે, તે માટે તેમનું સશક્તિકરણ કરવું. છેવાડાનો માનવી આથી સભાન બને અને શાસકપક્ષ તેનાથી અવગત થાય તે માટે સતત અભ્યાસ અને તાલીમ દ્વારા પ્રોત્સાહન આપવું. સામાજિક સંદેશાવ્યવહાર - પ્રચાર-પ્રસારનાં સાંપ્રત સાધનોના ઉપયોગ વડે પર્યાવરણ સુરક્ષાના પ્રેમમાં થતી કામગીરીનો પ્રચાર થાય, જેમાંથી લોકોને પ્રેરણા મળે અને પર્યાવરણ પ્રત્યે વાજબી વલણ ઘડતર થાય.

મે, ૨૦૧૫માં ફાધર રપ્પાઈએ પંચગિનિ (મહારાષ્ટ્ર)માં 'ક્રિએશન રીટ્રીટ'નું આયોજન કર્યું હતું જેમાં સંન્યસ્તવર્ગ તેમજ ધર્મજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

રોજબરોજના જીવનમાં પર્યાવરણ સુરક્ષામાં મદદગાર બને તેવી કેટલીક પ્રવૃત્તિઓની કાર્યસૂચિ તૈયાર કરી છે, જેનો અમલ નજીકના ભવિષ્યમાં કરવામાં આવશે. ગયા વર્ષ દરમિયાન વડોદરા, આણંદ અને અમદાવાદની શાળાઓમાં પર્યાવરણ સભાનતા માટે ખાસ કાર્યક્રમ - નિર્દેશન તથા પ્રદર્શનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. 'મધર અર્થ'ના સંદર્ભમાં 'ગ્રીન સ્ટુન્ડન્સ', 'ગ્રીન ટીચર્સ' અને ગ્રીન સ્કૂલ તથા પેરિશને તાલીમ પ્રોત્સાહન આપવામાં આવે છે. કેટલાક ધર્મવિભાગમાં રવિવારનો જાહેર ખ્રિસ્તયજ્ઞ 'પર્યાવરણ'ના સંદર્ભમાં ઉજવવામાં આવ્યો હતો. નવેમ્બર-૨૦૧૪માં ઉમરેઠ ડીનરીના યુવાનોને 'યુવા શિબિર' દરમિયાન પુરો એક દિવસ 'પર્યાવરણ આધ્યાત્મિકતા'ની તાલીમ આપવામાં આવી હતી, આમીરખાન 'સત્યમેવ જયતે' સીરિઝમાં 'પોઈઝન ઈન યોર પ્લેટસ' વીડિયો રજૂઆત પણ ઘણે ઠેકાણે કરી હતી.

પડકાર પ્રચંડ છે, અસીમ છે અને વિસ્તૃત છે. પણ જે પરમેશ્વરે પ્રેમથી જ વિશ્વનું સર્જન કર્યું તે વિશ્વના સરક્ષણ છે. પ્રેમની એક મિશનરી તો પ્રત્યેક પ્રગટાવવી જ રહી. આવો આપણે પર્યાવરણને પ્રેમ કરીએ. ●

**પાંચમી પુણ્યતિથિ**

**સ્વ. કોકિલાબેન વિક્ટરભાઈ મેકવાન**

જન્મ: ૨૯-૯-૧૯૬૦ ★ અવસાન: ૧૨-૬-૨૦૧૦

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. વિક્ટર બી. મેકવાન**

૩૨, વિશ્વાસપાર્ક, હાટકેશ્વર, મણીનગર, અમદાવાદ




**ડૉટર્સ ઓફ દ હાર્ટ ઓફ મેરી (D.H.M.)ના સિસ્ટરો દ્વારા સંચાલિત,**

નિર્મળા સમાજ કેન્દ્ર ટ્રસ્ટ,

*છેલ્લાં ૧૬ વર્ષથી એક વર્ષનો નર્સિંગ આસિસ્ટન્ટ કોર્ષ બહેનો અને ભાઈઓ માટે ચલાવે છે.*

**સરકાર માન્ય સર્ટિફિકેટ**



**વર્ષ ૨૦૧૫ - ૨૦૧૬ માટે પ્રવેશ ચાલુ છે.**

**ટ્રેનિંગની વિગતઃ** થીયરી, હોસ્પિટલ પ્રેક્ટિકલ, સ્ટડી ટીપ્સ

**શૈક્ષણિક લાયકાતઃ** ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ

**કોર્સ ફીઃ** રૂા. ૭,૦૦૦/-

**પ્રમાણપત્રોઃ** ૧. ૩ પાસપોર્ટ સાઈઝના રંગીન ફોટા
૨. માર્કશીટ
૩. સ્કૂલ લિવીંગ સર્ટિફિકેટ.

**નોંધઃ** *દૂરથી આવનાર બહેનો માટે જરૂર મુજબ રહેવાની સુવિધા ઉપલબ્ધ છે.*

**—: વધુ માહિતી માટે સંપર્ક કરો :—**

નિર્મળા સમાજ કેન્દ્ર, ઝેવિયરનગર સોસાયટી,
નવાયાર્ડ, વડોદરા
ટેલિફોન: ૦૨૬૫-૨૭૭૨૫૭૭
મોબાઈલ: ૯૮૭૯૪ ૫૬૭૬૭
Email: nirmalsamaj@gmail.com

**સમયઃ સોમવાર થી શનિવાર, સવારે ૧૦ થી ૧ અને ૨ થી ૫**

આસીસી સોશ્યલ વેલ્ફેરના નેજા હેઠળ જરૂરિયાતમંદ એસ.એસ.સી. પાસ/નાપાસ થયેલા ઉત્સાહી યુવાનો માટે કોઈપણ ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વિના પ્રવેશ આપી સરકાર માન્ય કોર્ષ કરાવી સ્વનિર્ભર બનાવવા માનવતાવાદી સેવા અને ફરજ બજાવે છે.

**ટેકનિકલ એજ્યુકેશન બોર્ડ, ગાંધીનગર, ગુજરાત સરકાર**
**દ્વારા પ્રમાણિત અભ્યાસક્રમો**

# સેંટ ફ્રાન્સિસ આસીસી ટેકનિકલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ

**મુ. સદાનાપુરા, પો. સામરખા, તા.જિ. આણંદ**

**ફોન:( ઓ. ૦૨૬૯૨-૨૪૦૩૯૫ (રહે. ૨૫૫૬૧૮) - મો. ૮૪૦૧૩ ૫૭૭૫૦**

સરકાર માન્ય સંસ્થા રજી. નં. KD - 150

## પ્રવેશ ચાલુ છે.

| ક્રમ | સરકાર માન્ય અભ્યાસક્રમો | પ્રવેશ લાયકાત | સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧. | ટર્નર (TEB)<br>સંપર્ક: ૯૯૭૯૦ ૮૦૫૯૫ | ધો.૯ પાસ અને S.S.C.<br>પાસ/નાપાસ | ૨ વર્ષ |
| ૨. | ફેબ્રિકેશન ફીટર કમ વેલ્ડર (TEB)<br>સંપર્ક: ૯૯૦૯૭ ૧૨૮૮૦ | ધો.૯ પાસ અને S.S.C.<br>પાસ/નાપાસ | ૧ વર્ષ |

**:: પ્રવેશ ફોર્મ તથા વધુ માહિતી માટે રૂબરૂ સંસ્થાનો સંપર્ક કરો ::**

**સમય: સવારના ૮.૦૦ થી ૧૨.૦૦ (રવિવાર સિવાય)**

**આકર્ષણો:**

- ઉપરોક્ત ટ્રેડમાં પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ.
- આધુનિક મશીનરી/સાધનોથી વર્કશોપ પ્રેક્ટિકલ ટ્રેનિંગ.
- દરેક તાલીમાર્થીને વ્યક્તિગત સચોટ માર્ગદર્શન.
- એકદમ નજીવી ફીમાં ગુણવત્તાસભર શિક્ષણ અને તાલીમ.
- દરેક ટ્રેડમાં પ્રથમ આવનારને સ્કોલરશીપ.
- એસ.ટી. અને રેલ્વેના રાહત દરના પાસની વ્યવસ્થા.
- પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓને સ્પોકન ઈંગ્લીશ શીખવવામાં આવશે.

નર્સિંગ એડમીશન — સરકાર માન્ય સંસ્થા

# નાલંદા પેરામેડીકલ ઈન્સ્ટીટ્યુટ

Government of India — B.S.S. માન્યતા પ્રાપ્ત કોર્ષ

શ્રમ અને રોજગાર મંત્રાલય ભારત સરકાર માન્ય સર્ટીફીકેટ

નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (N.C.V.T.) માન્ય

**ધો. ૧૦ તથા ૧૨, કોલેજ પાસ-નાપાસ માટે ૧૦૦% જોબ લક્ષી કોર્ષ**

| ક્રમ | કોર્ષનું નામ | લાયકાત | મુદત |
|---|---|---|---|
| ૧ | જી.એન.એમ (બેંગ્લોર) | ૧૨ પાસ | ૩½ વર્ષ |
| ૨ | નર્સિંગ આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૩ | ડીપ્લોમા ઇન નર્સિંગ | ૧૦,૧૨ પાસ | ૨ વર્ષ |
| ૪ | લેબ ટેકનીશીયન | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૫ | સેનેટરી ઈન્સ્પેકટર | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |
| ૬ | ડીપ્લોમા ઇન ઓ.ટી આસીસ્ટન્ટ | ૧૦,૧૨ પાસ | ૧ વર્ષ |

## -:ખાસ નોંધ:-



(૧) લીમીટેડ સીટ, (૨) દરેક કોર્ષમાં બુકસ, મટીરીયલ્સ ફ્રી મળશે.

(૩) ગામડેથી આવનાર બહેનોને મફત બસ પાસ સુવિધા તથા ભાઈઓને કન્સેસન પાસ

(૪) ખૂબ જ ગરીબ, વિધવા, મા-બાપ વિનાની બહેનોને ખૂબ જ ઓછી ફી અને જોબ અગ્રીમતા આપવામાં આવશે.

: વધુ માહિતી માટે રૂબરૂ મળો :

**આણંદ**
મો. ૯૯૦૪૮૪૬૦૩૬

**નડીઆદ**
મો. ૯૯૭૪૦૮૯૪૦૯
મો. ૯૦૩૩૧૦૯૦૪૩

**પેટલાદ**
મો. ૯૩૭૭૩૪૪૧૮૫

**વડોદરા**
મો. ૯૮૯૮૧૩૩૭૮૦
મો. ૯૩૨૭૩૦૧૦૨૦

**મહેમદાવાદ**
મો. ૯૦૩૩૧૦૯૦૪૩
મો. ૯૯૭૯૫૩૫૦૧૨

અર્પણ કેશવલાલ મધુકર
મનિષકુમાર અમૃતભાઈ પરમાર

હેડ ઓફીસ : નાલંદા ઇન્સ્ટીટ્યુટ, પહેલો માળ, ... કોમ્પલેક્ષ, લક્ષ્મી સિનેમા સામે, મો. ૯૮૨૪૧૯૫૧૩૬

પ્રેરણા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# પ્રેરણા નર્સિંગ સ્કૂલ

**ને.હા.નં. ૮, DJMIT કૉલેજ રોડ, મોગર, આણંદ દ્વારા આયોજિત**

**એક વર્ષનો નર્સિંગ કોર્ષ**

આરોગ્ય ક્ષેત્ર વિકસાવવાની સરકારની નીતિઓ, મેડીકલ ટુરિઝમ તેમજ વધતા જતાં દવાખાનાં અને નર્સિંગ હોમની સંખ્યાને લીધે દેશમાં તાલીમ પામેલ નર્સિંગની મહદ અંશે ઉણપ વર્તાય છે. આ સંજોગોમાં નર્સિંગની તાલીમ ખૂબ જ અગત્યની બની રહેલ છે અને આ ક્ષેત્રમાં નોકરીની પણ ઘણી ઉજ્જવળ તકો રહેલ છે.

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ ૧૨ પાસ

**કોર્ષના ઉદ્દેશો :** વિદ્યાર્થીઓનું પ્રેક્ટિકલ નર્સિંગમાં કૌશલ્યવર્ધન કરી, દવાખાના તેમજ નર્સિંગહોમમાં નોકરીની તકો પૂરી પાડી સ્વનિર્ભર બનાવવા. વધુમાં સ્પોકન ઈંગ્લીશ, કોમ્પ્યુટર તેમજ વ્યક્તિત્વ વિકાસની તાલીમ આપી તેઓનો સર્વાંગી વિકાસ કરવો.

**કોર્ષની સમય મર્યાદા :** ૧ વર્ષ (જૂન, ૨૦૧૫ થી નવી બેચ શરૂ કરવામાં આવશે.)

**હોસ્ટેલ સુવિધા :** છોકરીઓ માટે હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ છે.

**વધુ માહિતી માટે સંપર્ક કરો**

**ટ્રસ્ટ ઓફિસ, ને.હા.નં. ૮, DJMIT કૉલેજ રોડ, મોગર, આણંદ**

**મો. ૯૯૦૯૯ ૨૩૮૫૯ / ૯૭૨૩૮ ૧૧૪૨૬**

Since : 2009

નર્સીંગ એડમીશન ૨૦૧૫-૧૬

Reg. No. : E28710



# MAC EDUCATION

Recognized by Indian Nursing Council, Gujarat Nursing Council, Karnataka State Nursing Council & Govt. of Karnataka Affiliated to KSDNEB, RGUHS, Bangalore & APNC, MCI & UGC Approved

| | | |
|---|---|---|
| ANM નર્સીંગ | ૨ વર્ષ | ૧૨ પાસ |
| GNM (જનરલ નર્સીંગ) | ૩.૫ વર્ષ | ૧૨ પાસ |
| BSc નર્સીંગ | ૪ વર્ષ | ૧૨ પાસ(Sci-B) |
| Post BSc | ૨ વર્ષ | GNM પાસ |
| MSc નર્સીંગ | ૨ વર્ષ | BSc/Pc Bsc પાસ |

- લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ
- સરકાર માન્ય કોલેજમાં એડમિશન
- એજ્યુકેશન લોનની સુવિધા
- S.C. / S.T. માટે મફત
- ફ્રી મટીરીયલ્સ
- 100% જોબ

Other Courses : MBBS, BDS, BAMS / BHMS, BPT, DMLT / BMLT, BE

Head Office : ફસ્ટ ફ્લોર, સ્વરૂપ કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર શાહ હોસ્પિટલ પાસે, ભાલેજ રોડ, આણંદ. ગુજરાત.
મો. : 099257 88863

ઉમરેઠ : મો. : 098243 22314 ખંભાત : મો. : 095107 77584 વડોદરા : મો. : 088660 60013
પેટલાદ : મો. : 099243 34392 અમદાવાદ : મો. : 084607 43914





–: પ્રવેશ જાહેરાત :–

# ઝેવિયર ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટર, ગામડી-આણંદ (KD 148)

**(સરકાર માન્ય)**

ટેકનીકલ શિક્ષક નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા માન્ય, ટેકનીકલ બોર્ડ, ગાંધીનગર દ્વારા જેની પરીક્ષા લેવાય છે. તેવા સર્ટિફિકેટ અભ્યાસક્રમ માટે અમારી ઉપરોક્ત સંસ્થામાં નીચે મુજબ માટે પ્રવેશ ઈચ્છતા ઉમેદવારે સંસ્થાનો તાત્કાલિક સંપર્ક કરવો.

## અભ્યાસ તા. ૦૧-૦૭-૨૦૧૫થી શરૂ થાય છે.

| *ક્રમ* | *અભ્યાસક્રમ (TEB પેટર્ન)* | *લાયકાત* | *મુદ્દત* |
|---|---|---|---|
| ૧. | સર્ટિ. કોર્સ ઈન ડેસ્ક ટોપ પબ્લીસીંગ | ધો. ૧૦ પાસ (અંગ્રેજી સાથે) | ૧ વર્ષ (ફુલ ટાઈમ) |

**Course Deatail:** (1) Computer Fundamental (2) Windows XP OS (3) MS Office (Word, Excel, Power Point) (4) Internet & E-mail (5) Page Maker 7.0 (6) Corel Draw X4 (7) Photoshop 7.0 + (8) Adobe Indesign CS3 + (9) Over View of Hardware & Networking (10) Software Installation (11) Gujarati/Hindi Typing Software.

અરજીપત્ર સાથે પ્રમાણિત કરેલ એલ.સી., માર્કશીટ, જાતિનો દાખલો SC/ST/SEBC (SEBC ઉમેદવારે OBC પ્રમાણપત્ર રજૂ કરવુ), માન્ય ગુણપત્રક, પ્રમાણપત્રકની પ્રમાણિત નકલો જોડવી.

**અભ્યાસક્રમના સમય દરમિયાન એસ.ટી. અથવા રેલ્વેનો પાસ મેળવી શકશો.**

**–: વધુ વિગત માટે કાર્યાલયનો સંપર્ક કરો :–**

ઝેવિયર ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટર, C/o. આણંદ પ્રેસ, પો.બો. ૯૫, ગામડી-આણંદ ૩૮૮ ૦૦૧ **(ફોનઃ ૨૫૩૯૩૩, ૨૫૬૬૫૦)**

## લગ્ન વિષયક

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૭ વર્ષ, ઊંચાઈ ૫'૪'', હાલ સરકારી પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરતા યુવક માટે જીવનસાથીની પસંદગી હેતુસર સુંદર, સુશીલ, સંસ્કારી અને સરકારી નોકરી ધરાવતા વાલી વિશેષ શિક્ષિકાના વાલીએ સંપર્ક કરવો.
**નોંધ:** (આણંદ અને વડોદરામાં નોકરી કરતી યુવતીને પ્રથમ પસંદગી.)

**મો. ૯૯૭૯૫ ૪૧૪૫૪ / ૭૦૪૬૬ ૦૪૨૫૦**

* * *

*ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર વર્ષ ૨૭, ઊંચાઈ ૫'૨'', રંગ ગોરોવાન, અભ્યાસ G.N.M. નર્સિંગ પૂર્ણ. હાલ પ્રાઈવેટ હોસ્પીટલમાં સ્ટાફ નર્સની નોકરી કરતી યુવતી માટે જીવનસાથીની પસંદગી હેતુસર સુંદર, સંસ્કારી, ધાર્મિક, ઉચ્ચ અભ્યાસ ધરાવતા અને નોકરી કરતા યુવકોના વાલીઓએ સંપર્ક કરવો. (U.S.A./Canada સ્થાયી હોય અથવા જવા માટે ઈચ્છતા યુવકની પ્રથમ પસંદગીને પાત્ર) જાહેરાતનો હેતુ ફક્ત યોગ્ય પસંદગીનો છે.

**મો. ૯૮૨૪૦ ૬૩૩૨૫ / ૭૮૭૪૫ ૪૫૯૬૭**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૫ વર્ષ, રાષ્ટ્રીયકૃત બેંકમાં આસિસ્ટન્ટ મેનેજર, વડોદરામાં સ્થાયી. ઉચ્ચ શિક્ષિત લાયકાત ધરાવનાર યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો. **મો. ૭૮૭૪૫ ૫૪૧૭૯**

* * *

*We are looking for a good and suitable match from Gujarati Catholic family for our M.A., M.Ed. (English) qualified working daughter as a upper primary teacher in Guj. Govt. age 29 years, height 5', fair skin and good look. Interested parents of well qualified and well settled boy may please contact

**Mob. 94279 33316**

* * *

*RC boy, 32 years, height 5'7", wheatish, M.Com. (Finance with Accounting), works as an accountant cum administrator at Science college. Seeking alliance from suitable matches. Please contact on

**Mob. 81411 62184**
**Email ID: shaadi7183@gmail.com**

* * *

*RC Gujarati girl, 22-3-84, height 5'3", 40 Kg., wheatish, M.Sc. Bio Chem 63%, Bangalore Uni. & M.Phil Bio. Chem 61% Vinayak Uni T.N. Working as a R & D officer in Teragon cheme Pvt. LTD since 3/12/2008. Invites proposal from well educated smart Doctor, Engineer, Lecturer, Gov. Servant.

**Mob. 97371 65827**

## પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સુશીલાબેન જશભાઈ મકવાણા**
**(સોજીત્રા)**
જન્મ: ૦૯-૦૧-૧૯૩૯
અવસાન: ૧૯-૦૬-૨૦૧૦

ક્યાં ખબર હતી અમને સમય તારો જિંદગીનો ઓછો હશે.
વિદાય તારી અચાનક અને અણધારી હશે.
સૂનું થયું ઘર, સૂના થયા અમે, સૂનો થયો પરિવાર
અમે નજર કરીએ છીએ છબી તારી ત્યારે લાગે છે
હાજરી તારી ઘરમાં, વસંતમાં પાનખર છવાઈ ગઈ.
અમને શ્રદ્ધા છે અમારા હૈયામાં
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. તમારી દીકરી જ્યોતિબેન જશભાઈ મકવાણા**
**સુધીર એ. પરમાર, ફાલ્ગુની સુધીર પરમાર, ક્રીસ, પ્રશિલ**
અમદાવાદ

## બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. માર્ગેટબેન એલિસભાઈ**
જન્મ: ૦૧-૦૬-૧૯૫૧
અવસાન: ૧૦-૦૬-૨૦૧૩

વ્હાલી ''મા'', તા. ૧૦-૦૬-૨૦૧૫ના રોજ તારાથી અળગા થયે બીજું વર્ષ પૂરું થશે. પરંતુ ''મા''નો અંત નથી, જેથી આપના સ્મરણોની મીઠી છાંય આંખ પર નિરંતર છવાયેલી છે. આપના મમતા ભર્યા હાથનો અહેસાસ હંમેશાં શિરે અનુભવાય છે. આપની પ્રત્યક્ષ ગેરહાજરી છતાં સદાય સાથે હોવાનો અહેસાસ, પ્રેમાળ છબી અને તારી આંખોમાંથી છલકાતું અમી કેમ કરીને ભૂલી શકાય? આપની પ્રેમાળ છબી અમ સૌના દિલમાં કાયમી અંકિત રહેશે.

અમારી ''મા'' બનવા માટે તારો આભાર,
તારા જેવી ''મા'' આપવા માટે પ્રભુજીનો આભાર.

પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમશાંતિ આપે એવી અભ્યર્થના.

**લિ. એલીસભાઈ તથા સમગ્ર દુઃખી પરિવાર**
બી-૨૩, આશાદીપ સોસાયટી, સી.ટી.એમ., અમદાવાદ

# દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. પાઉલભાઈ એફ. મેકવાન

જન્મ: ૧૨-૦૮-૧૯૨૮

અવસાન: ૨૧-૦૬-૨૦૦૫

આપવામાં જ સુખ રહેલું છે, આપ્તજનો સુખી તો હું સુખી.
સુખ-આનંદ-ખુશી બીજા સાથે, વહેંચવાથી જ વધે છે.
તેમના સુખે સુખી થવું, તેમના દુ:ખે દુ:ખ અનુભવવું.

ઉપરોક્ત વિચારને જીવનમંત્ર બનાવ્યો, અને તે પ્રમાણે જિંદગી જીવી ગયા. આવા પપ્પાની દીકરી થવાનું સદ્દભાગ્ય સાંપડ્યું તે માટે ગર્વ છે અને તે માટે ઈશ્વરનો આભાર.

પપ્પા, તમારા આ જીવનમંત્રને યથાશક્તિ ન્યાય આપવાનો પ્રયાસ કરું છું. હંમેશાં આશીર્વાદિત કરશો.

'Happy Father's Day'

આ સાથે જ મારા આપ્તજનોને જેઓ અત્યારે મારા પપ્પા સાથે સ્વર્ગમાં છે. તેમને પણ યાદ કરું છું.
ફૂલજીભાઈ - દાદા, માણેકબેન - દાદી, ચીમનકાકા, જોનકાકા (બાપુ), લુસિયા, રૂથ (કાકી)
જગદીશભાઈ તથા શશીકાન્ત (વિજય)

**યાદ કરતા**

**અનિલ - ભાનુ**
**રોની**
**પિંકલ - વૈભવ, આનિયા**
**મિરિલ - વિન્સી, સીન્વી**

**મિતેષ**

**અન્નપૂર્ણા - ચંદ્રવદન**
**ગીત**
**ગુંજા - હાર્દિક**
**પ્રીશા**

'સ્વર્ગમ્', ગાંધીનગર

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

"પ્રભુમાં શ્રદ્ધા સાથે મરનાર પરમસુખી છે." (દર્શન ૧૪:૧૩)



## સ્વ. માયકલ પીટર પૈઝા

**(મૂળ વતનઃ સામરખા)**

જન્મ: ૧૯-૦૩-૧૯૩૨

અવસાન: ૦૪-૦૬-૨૦૧૪

નિ:શબ્દ શી વ્યાપી ચોમેર નીરવતા,
તમ વિણ ઘરના ખૂણેખૂણા વલવલતા.

સ્મરણો પ્રત્યેક જ્યાં; લોચનીયે ફરકતા,
'મા'ની આંખોમાં દીસે બસ ઉદાસીનતા.

ગિરજાઘરના ઘંટ રોજ રોજ રણકતા,
આખા વર્ષથી એ તમને જ યાદ કરતા.

વહેલી સવારે ઊઠી ચર્ચ રાહ પકડતા,
યાદ કરી કરી રસ્તા ખુશીથી મલકતા.

"ઓહ યસ! આઈ એમ ઓ.કે."
એ સ્મિત ભર્યા શબ્દો પડઘાતા.

'બાપુ' તમે ઈશ્વર ચરણે જ હશો,
તમ સિંચી શ્રદ્ધાથી વળતી શાતા.

અદ્‌ભુત જીવન, ઉમદા ચારિત્ર્ય,
સમાજ હિતની હૈયે હતી લાક્ષણિકતા.

આપ કેવું ઉમદા જીવ્યા છો,
સ્મરણ કરતાં નયનડાં છલકતાં...

**લિ. સમસ્ત દુઃખી પૈઝા પરિવાર**
**તમારી ધર્મપત્ની રેગીના માયકલ પૈઝા,**
**અશોક માયકલ પૈઝા (પુત્ર) ક્રિસ્ટીના એ. પૈઝા (પૌત્રી)જશોદા યુ. મેકવાન (યુ.કે.)**
**સ્મિતા એ. પૈઝા (પુત્રવધૂ) એલન એ. પૈઝા (પૌત્ર) તથા પરિવાર**

એ-૧, માનસરોવર કોમ્પલેક્ષ, ઈડલી ચાર રસ્તા, મણીનગર (પૂર્વ),
અમદાવાદ - ૩૮૦ ૦૦૮ (મો. ૯૫૫૮૧ ૩૨૦૭૭)

# દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. બાબુભાઈ ગણેશભાઈ મકવાણા

જન્મ: ૦૧-૦૧-૧૯૫૧

અવસાન: ૦૩-૦૬-૨૦૦૫

તમે અહીં હતા ત્યારે,
ઘરમાં કેવા સુગંધ જેમ ભળી જતા!!!
અને અહીંથી ગયા ત્યારે...
આજે દસ-દસ વરસ પછી પણ રોજ તમારી વારતા
આપણા ઘરમાં મંડાય છે.
અને
પૂરી થતાં જ આંખો આંસુથી છલકાય છે.
તમારા જવાથી થયેલો ઘાવ
આજે પણ અમારા હૃદય ફલક પર
એમ જ અંકાયેલો છે — ખૂંચે છે.
અનંતયાત્રાએ આમ એકાએક
જ ચાલ્યા જવાનું?
આજે બધું જ મ્હોરી ઊઠ્યું છે
રિક્તતાની શરશૈયામાં
યાદ બની
અમારી આંખોનાં આંસુનાં ઉપવનોમાં

**તમારી યાદમાં**
**થેરેસ્યાબેન,**
**ડો. સ્નેહલ મકવાણા - પ્રિયંકા, સરાહી (કેનેડા)**
**શિતલ - એલ્ડ્રીન, એલ્સીલ, સનાયા (લંડન)**
**સેજલ - નિશાંત, સેનિકા**
**તથા સમગ્ર પરિવાર**

હરિગંગા સોસાયટી, ગામડી-આણંદ (ગામ - મલાતજ)

# છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**"પ્રભુમાં શ્રદ્ધા રાખનાર પરમસુખી છે."**



**સ્વ. અલ્પેશકુમાર પી. પરમાર**

જન્મ: ૦૩-૦૭-૧૯૭૨

અવસાન: ૦૨-૦૬-૨૦૦૯

ષષ્ઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે
સ્મરણાંજલિ અર્પિત કરતાં
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થીએ
છીએ કે તેઓ આપના
આત્માને શાશ્વત શાંતિ બક્ષે.

**સ્મૃતિશેષ**
**રીયોન એ. પરમાર**
**પ્રતિમા પરમાર તથા પરિવાર**

# તૃતીય વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. દાઉદભાઈ એ. મેકવાન**

જન્મ: ૦૮-૦૫-૧૯૨૬

અવસાન: ૨૯-૦૫-૨૦૧૨


પૂજ્ય બાપુજી,

સમયનાં વહેણ વહેતાં જાય છે, ને આપનો સાથ છોડ્યાને ત્રણ-ત્રણ વર્ષો વિતી ગયાં. છતાં આપનો સાથ અમ મધ્ય હોય એવો અહેસાસ અમો અનુભવીએ છીએ.

પ્રભુ આપના આત્માને પરમ શાંતિ બક્ષે એવી પ્રાર્થના.

**આપનાં બાળકો**
રવિકુંજ સોસાયટી, આણંદ

# શ્રદ્ધાંજલિ



**સ્વ. દાઉદભાઈ વિલ્યમભાઈ પટેલિયા**

જન્મ: ૩૧-૦૭-૧૯૨૪

અવસાન: ૩૦-૦૬-૨૦૦૯

**સ્વ. મણીબેન દાઉદભાઈ પટેલિયા**

અવસાન: ૧૨-૦૬-૧૯૯૮

અમારા જીવનપથમાં આપશ્રીએ આદર્શના અજવાળા પાથર્યા અને સદ્‌ભાવનાના દીપ સમાન દર્શન કરાવ્યાં.
આપના ભક્તિસભર સંસ્કારી ગુણોનો વારસો અમને જિંદગીભર માર્ગદર્શન આપતો રહેશે.
આપનો લાગણીસભર માયાળુ સ્વભાવ અમને પ્રેરણારૂપ બની રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**આપનો પરિવાર**

**થોમાસ ડી. પટેલિયા**
**જ્યોતિકાબેન ટી. પટેલિયા**

**અંકુર ટી. પટેલિયા**
**કવિતા અંકુર પટેલિયા**
**અક્ષ અંકુર પટેલિયા**

**અજય ટી. પટેલિયા**
**હિરલ અજય પટેલિયા**

એ-૭, સંતરામ સોસાયટી, જયપ્રભુ સોસાયટી સામે, પવનચક્કી રોડ, નડીઆદ - ૩૮૭ ૦૦૨ (મો. ૯૮૨૫૧ ૭૯૪૩૩)

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ







**સ્વ. રેગીનાબેન યાકુબભાઈ વટાવવાળા**

જન્મ: ૨૮-૦૬-૧૯૩૫ ● અવસાન: ૦૮-૦૬-૨૦૧૪

**સ્વ. શેરાફીમ યાકુબભાઈ વટાવવાળા**

જન્મ: ૧૩-૧૨-૧૯૬૭ ● અવસાન: ૩૧-૦૭-૨૦૧૪

તમારી અણધારી વિદાયને આજે જોતજોતામાં એક વર્ષ પૂરું થયું પણ હજી મન માનવા તૈયાર નથી.
તમે અમારી સાથે નથી. આંખમાં આંસુ અને દિલમાં તમારી યાદ છે. સુખદુઃખ વણી જીવનમાં સદા હસતા રહીને
તમે અણધારી વિદાય લઈ બધાને હચમચાવી ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમધામમાં શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**લિ. અમો આપનાં બાળકો અને વટાવવાળા પરિવાર**

જીવનવાટિકા, જેતલપુર

# 'પિતાજી' ૨૫મી પુણ્યતિથિએ



**સ્વ. જોસેફ લામ્બર્ટ પરમાર**

જન્મ: ૨૨-૦૯-૧૯૪૩

અવસાન: ૦૩-૦૬-૧૯૯૧

**'પિતા'** શબ્દનો ખ્યાલ, અહેસાસ પ્રગટ થાય, હજુ તો યુવા અવસ્થામાં ડગલાં માંડી રહેવાનો અભરખો થાય, ત્યાં જ વૈશાખી વાયરાના ભયાનક પ્રકોપ **'પિતા'** શબ્દ કાયમ માટે ગુમાવી દીધો. માતા સ્તબ્ધ, મોટાભાઈ શૂન્યમનસ્ક, મોટી બહેન વાચાવિહિન, વચેટભાઈ નિઃશબ્દ, નાની બહેનો મૂર્તિમંત **'૨૫'** વર્ષ અગાઉના દુઃખ સ્મરણની ઝાંખી આજે પણ આંખોમાંથી આંસુ વહાવ્યા કરે છે દડ... દડ... દડ...

**"કદી પિતાના રૂપે તો કદી મિત્રના સ્વરૂપે,**
**તમારો હાથ અમારી ઉપર છે, આશીર્વાદ રૂપે.**
**નાના હતા અમો અને ઓછી હતી સમજ,**
**તો પણ અમારા ઉપર પ્રેમ કર્યો વિશ્વાસે તમે.**
**પ્રેમના સંસ્કારોનું સદા સિંચન કર્યું તમે.**
**હૃદય જેનું હતું વિશાળ, ભેટ સ્વરૂપે શું આપીએ!**
**બસ પ્રભુને પ્રાર્થના, હર જનમમાં પિતા તમે જ."**

**'પિતાજી'** આપની ફળશ્રુતિરૂપ ઘટાદાર વૃક્ષ નીચે, શીતળ છાયામાં આખો પરિવાર સુખેથી રહે છે.

કાશ, આજ તમારી હયાતી, અમ વચ્ચે જો હોત તો...

**'પરિવાર'** આપનો 'વ્હાલા પિતાજી'ને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પે છે.

દુઃખી પરિવાર
રાહેલબેન
સિસ્ટર ઉષા એફ.સી.

| | | | |
|---|---|---|---|
| અનિલ - હંસા | મહેન્દ્ર - પ્રિન્સી | ઈલા - રાજુ | શીલા - નિલેષ |
| નેલ્સન, જિસેલ | જેવિસ, ક્રિસ્ટલ | રોનાલ્ડ, ઈલેન | નિષિત |

# દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. સેમ્યુઅલ ગબાભાઈ મેકવાન**

જન્મ: ૨૦-૦૫-૧૯૩૮

અવસાન: ૦૭-૦૬-૨૦૧૩



આપની તસવીર જોઈ, આંખો અમારી રડે છે. જીવન સદા એવું જીવ્યા કે, શૂન્યમાંથી સર્જન કર્યું, દુઃખથી કદી ડર્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, ઘેઘૂર વડલા સમ બની કુટુંબને શીતળ છાયામાં રાખ્યું. આપે પાથરેલી શીતળ છાયામાં આજે પણ એવું જીવીએ છીએ કે જોનારા જોતાં રહે.

દર્દ સદાયે શાનું રાખો, હૈયું રડે તો છાનું રાખો.
આંસુઓને સાચવી જાણો, આંખમાં અંગત ખાનું રાખો.
શબ્દ વિનાયે સૂણે ઈસુ, કહેવું છાનુમાનું રાખો.

**"જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ દિલાસો પામશે."** બાઈબલનાં આ વચનો મુજબ મનને મનાવવાનો પ્રયત્ન કરીએ છીએ અને **"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું"** એ જ અનંત આશા સહ...

**લિ. કેથરીન સેમ્યુઅલ મેકવાન તથા સમસ્ત પરિવાર, ઉત્તરસંડા**

# બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. દિનેશભાઈ પીયુષભાઈ પરમાર**

જન્મ: ૦૯-૧૧-૧૯૬૧

અવસાન: ૨૪-૦૬-૨૦૧૩



વ્હાલા દિનેશ,

તમારા જવાથી થયેલો ઘાવ, આજે પણ અમારા હૃદય ફલક પર એમ જ અંકાયેલો છે- જે ખૂંચે છે. અનંતયાત્રાએ આમ એકાએક જ ચાલ્યા જવાનું? સખત પરિશ્રમની રેખાઓથી કસાયેલો, જીવનરસથી ઘૂંટાયેલો એ ચહેરો, યાદ બની છલકાય છે અમારી આંખોનાં આંસુના ઉપવનમાં...

પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ અમારા સૌની પ્રાર્થના.

**કોકિલા, મયંક, આશિષ, સ્ટીવન, આગ્નેશ, બોસ્કી, અર્પણ, શેરોન, બ્રાયન, સતીષ, નીરૂ, રીંકુ, સન્ની, રાજુ, ઈલા, રોની, ઈલેન**

ઈસુકૃપા સોસાયટી, આણંદ

# દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**"મને શોધશો નહીં, હું ઈશ્વરના ધામમાં છું."**



**સ્વ. માણેકબેન ફુલજીભાઈ મેકવાન**

જન્મ: ૨૦-૧૧-૧૯૨૪

અવસાન: ૧૩-૦૬-૨૦૧૩

તારી યાદ આવતાં જ, આંખો આંસુથી ભરાઈ જાય છે. આપની વિદાયને જોતજોતામાં બે વર્ષ વિતી ગયાં. સમય આવ્યો ને તમે પહોંચી ગયાં પ્રભુના ધામમાં. આખી જિંદગી પરિશ્રમ કરી આખા પરિવારને સમૃદ્ધ કર્યું. કર્મને માર્ગે તથા ભક્તિના માર્ગે રહીને કુટુંબ પ્રત્યેનો પ્રેમ તમે આપતાં ગયાં.

પ્રભુ તરફની તમે ચીંધેલી ગતિ અમારા ગમન સુધી જળવાઈ રહે તેવી પ્રાર્થના સહ આપને સ્મરીએ છીએ.

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

**મનુભાઈ અને કિરીટભાઈ તથા**
**આપનો સમગ્ર પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ઉર્મિલાબેન જગદીશભાઈ પરમાર**

જન્મ: ૦૫-૧૦-૧૯૬૦

અવસાન: ૧૦-૦૬-૨૦૧૪

મમ્મી, તમારો સદાય હસતો ચહેરો,
અમારી આંખો સામે હંમેશાં તરવરે છે.
આંખો હજી નિહાળે છે તમને,
હૈયું હજી પોકારે છે તમને,
જ્યારે જ્યારે તમારું સ્મરણ થાય છે,
ત્યારે ત્યારે મન મૂકીને રડાવે છે અમને.
મન હજી માનતું નથી તમે અમારી વચ્ચે નથી.
ક્ષણે ક્ષણે યાદ તમારી સતાવે છે અમને.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ અમારી પ્રભુ પ્રાર્થના.

**લિ. આપનો પુત્ર જેમ્સકુમાર જગદીશભાઈ પરમાર**
**તથા સમગ્ર પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. બોનીબેન ત્રિકમભાઈ વાઘેલા**

જન્મ: ૦૭-૦૫-૧૯૨૫

અવસાન: ૧૧-૦૬-૨૦૧૪

પૃથ્વી ઉપર મનુષ્યને મળેલી અણમોલ ભેટ એટલે 'મા'. મા તમારી વિદાયને એક વર્ષ વિતી ગયું છતાં તમારી હયાતીનો અહેસાસ હજી થયા કરે છે. જીવનભર સખત પરિશ્રમ કરી, ખૂબ જ દુઃખો સહન કરી, દુઃખોથી જરા પણ ડર્યા સિવાય શૂન્યમાંથી સર્જન કરી પરિવારનું સિંચન કર્યું. તમારો અમારા માટેનો માતૃપ્રેમ, હૂંફ અને સંસ્કારની સુવાસ હંમેશાં અમારા દિલમાં મહેંકતી રહેશે. પરમકૃપાળુ પરમેશ્વર આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**લિ. સુશીલા શશીકાન્ત વાઘેલા**
**સુરેશભાઈ ત્રિકમભાઈ વાઘેલા - વિજ્યાબેન સુરેશભાઈ વાઘેલા**
**તથા સમગ્ર વાઘેલા પરિવાર**
વંદનપાર્ક સોસાયટી, ચર્ચ રોડ, મરિયમપુરા, પેટલાદ - ૩૮૮૪૫૦

# પંખીની પાંખે

## ધર્મવસુધા

### યાતનાગ્રસ્તોની ચિંતા

**લેમ્પુડુસા :** માર્યા ગયેલા હજારો સ્થળાંતરરિત માટે નામદાર વડા-ધર્મગુરુશ્રીએ તેમની સાપ્તાહિક પ્રાર્થનામાં જણાવ્યું હતું કે, "તેઓ આપણા જેવાં જ આપણા ભાઈબહેનો હતાં. જેઓ ભૂખ્યા, સતાએલા, ઘવાયેલા શોષિત, યુદ્ધનો ભોગ બનેલ લોકો હતાં." અને તેઓ સુખની શોધમાં હતા. ૧૭ એપ્રિલે ઘટના ઘટ્યા બાદ ૧૨ કલાકે વડાધર્મગુરુથીએ સેંટ પીટર સ્કેવરમાં આ પ્રમાણે જણાવ્યું હતું.

ઈટાલિયન કોસ્ટ ગાર્ડના રીપોર્ટ મુજબ ૭૦૦ સ્થળાંતરોને લઈ જતી બોટ મેડીટ્રેના સમુદ્રમાં ઊંધી થઈ જતાં ઘણા લોકોના મૃત્યુની શક્યતા રહેલી છે.

વડાધર્મગુરુએ જણાવ્યું હતું કે, "આ કરુણ ઘટના માટે હૃદયના ઊંડાણમાંથી દુઃખની લાગણી વ્યક્ત કરું છું અને ખાતરી આપું છું કે મૃત્યુ પામેલા લોકો અને તેમનાં પરિવારજનોને મારી પ્રાર્થનામાં યાદ કરું છું." ધર્મસભાના અધિકારીશ્રીએ આંતરરાષ્ટ્રીય સમુદાયને 'નિર્ણાયક અને ત્વરીત' પગલાં ભરવા માટે તાકીદ કરી હતી અને જેઓ મૃત્યુ પામ્યા હતા અને જેઓ જીવંત બચી ગયા હતા તેમના માટે પ્રાર્થના કરી હતી. – CNA

### ધરતીકંપ અને સહાય

**ખાટમાંડુ :** તાજેતરના ભૂકંપે નેપાળનો વિકાસનો નકશો નામશેષ કરી નાખ્યો છે. સમગ્ર દેશના ૬૮ જેટલા ઈસુસંઘીઓ, અન્ય સંન્સસ્ત સંઘમાંથી કોઈપણ જાનહાનિના સમાચાર નથી. વળી ગંભીર જખ્મી પણ થયા નથી. સંસ્થાની ઈમારતમાં તિરાડ પડી છે એ સિવાય ઝાઝું નુકસાન જોવા મળ્યું નથી. હાલમાં તાત્કાલિક ધોરણે ભૂકંપના અસરગ્રસ્તોને સહાય કરવામાં તેઓ રાતદિવસ કાર્યરત છે. સમગ્ર ધર્મસભા નેપાળને આઘાતમાંથી બહાર લાવવામાં મદદરૂપ બનશે તેવી અપેક્ષામાં તેઓ છે. – GJS

**વેટિકન સીટી :** દક્ષિણ એશિયા-નેપાળમાં ભયંકર ભૂકંપને પગલે, વડાધર્મગુરુ ફ્રાન્સિસે ભૂકંપપીડિત પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતાં ૧૦૦,૦૦૦/- ડોલર, સ્થાનિક ધર્મસભા મારફતે ૨૮ એપ્રિલના રોજ સહાય કરી છે, પોન્તિફિકલ કાઉન્સિલ 'કોર યુનમ' મારફતે નૈતિક સંબંધના ધોરણે તેમજ વાત્સલ્યભાવે તત્કાળરાહતના પ્રયોજનથી આ સહાય અસરગ્રસ્તો માટ આપવામાં આવી છે. કુદરતી આપત્તિ અને માનવતાના સંકટના સમયે, સહાયનું સંકલન કરનાર આ એક કાઉન્સિલનું પ્રાથમિક કર્તવ્ય છે. સર્વના સહિયારા પ્રયાસથી નેપાલ ફરી બેઠો થાય એજ સૌની પ્રાર્થના.

– CNA

### વૈશ્વિક પૃથ્વી શિખર મંત્રણા

**કોલકાત્તા :** સેંટ ઝેવિયર્સ કોલેજ અને ઈસુસંઘના સંયુક્ત ઉપક્રમે, ધ્યાન આશ્રમમાં ૨૭-૩૦ એપ્રિલના ૨૦૧૫ રોજ જળસંકટ અને સર્વાંગી વિકાસની શક્યતાઓ પર વિચારવિમર્શ કરવા ચોથી વૈશ્વિક પૃથ્વી શિખર મંત્રણા (ગ્લોબલ અર્થ સુમ્મિત)નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પર્યાવરણશાસ્ત્રીઓ, ઈસુસંઘીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

શિખર મંત્રણાના મુખ્ય મહેમાન અને આબોહવા સંશોધનના વૈજ્ઞાનિક ડો. અતિક રહેમાને, બાંગ્લાદેશ તેમજ પડોશી દેશમાં આપતિકાલિન વ્યવસ્થાપનની પૂર્વતૈયારી, સામાજિક અભિમુખતા અને આપત્તિ જોખમ વ્યવસ્થાની પ્રવૃત્તિઓની ઝાંખી આપી હતી. ફાધર વેદશે (કો-ઓડિનેટર, જેસુઈટ કોન્ફરન્સ ઓફ એશિયા પેસિફિક ઓન રીકન્સિલેશન વીથ ક્રીએશન)એ વૈશ્વિક જોખમ દર્શાવી આપત્તિકાલિન જોખમમાં ઘટાડો કરવા માટે, આપત્તિ સમયે તેમજ આપતિવિના પણ વિભિન્ન પ્રદેશ સાથેનું સંયોજન અને આયોજન કરવા આગ્રહ કર્યા હતો. ફાધર ઝેવિયર અવરિમુથ્થુ (કન્વીનર-સુમ્મિત)એ ઔદ્યોગિક વસાહતને પર્યાવરણના સંહારક તરીકે ઓળખાવી વૈશ્વિક સ્તરે પેયજલના સાર્વત્રિક ઉપાય અંગે વિચારવા અનુરોધ કર્યા હતો. રાજ્ય સરકારના મંત્રીના સહકારથી પૂર્વ કોલકત્તાના જળસ્ત્રોત રાજવહત ઈકો પાર્કની ગંદાપાણીના શુદ્ધિકરણના વિશ્વના એક મોટા પ્રોજક્ટની મુલાકાતથી પર્યાવરણશાસ્ત્રીઓ વધારે સમૃદ્ધ બન્યા હતા. સુંદર બનતા મેન્ગ્રોવને થતા નુકસાન કે નરી આંખે જોઈ માનવીની સ્વાર્થ પરાયણતા માટે અફસોસ થયો! રાજસ્થાનમાં અગિયાર જેટલી નદીઓની સાંપ્રત પરિસ્થિતિનો સઘન અભ્યાસ કરનાર તેમજ મેગાસયા એવાર્ડ વિજેતા 'વોટર મેન' રાજેન્દ્રસિંહે અંતિમ દિવસે વાતાવરણમાં આવેલા અચાનક પલટાને તેમજ ગ્લોબલ વોર્મિંગની અસરને રજૂ કરી હતી. ત્રણેક દિવસની આ શિખરમંત્રણાના સહયોગીઓ એકમેકના સહારે પ્રકૃતિના આત્મીય બની રહ્યા હતા.

– સાસ્વતી બેનરજી
(સૌજન્ય જીવન. મે-૨૦૧૫)

**પ્રથમ પુણ્યતિથિ**



**સ્વ. મેકવાન રાયમુનભાઈ સીમોનભાઈ**

જન્મ: ૭-૪-૧૯૪૧ ★ અવસાન: ૩-૬-૨૦૧૪

વ્હાલા પપ્પા, આપની વિદાયને એક વર્ષ થઈ ગયું. આપ હંમેશાં હૃદયમાં અમારી પાસે છો અને રહેશો. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. રેગીનાબેન તથા સમસ્ત પરિવાર**

ઈશ્વરકૃપા એપાર્ટમેન્ટ, હરિપુરા, અમદાવાદ

**૨૩મી પુણ્યતિથિ**



**સ્વ. ફિલીપભાઈ શનાભાઈ પરમાર**

જન્મ: ૧-૭-૧૯૪૭ ★ અવસાન: ૨-૬-૧૯૯૨

"વર્ષો વિત્યાં તમારી વિદાયને છતાં અમારા અંતરમાં આજે પણ તમારા સ્મરણનો સહારો છે.

**લિ. કાન્તાબેન ફિલીપભાઈ પરમાર તથા પરિવાર (ડુમરાલ)**
**નિલેશ - સ્નેહા (નિર્સગ, યશ્વી)**

હાલ : ૪, ગણેશ બંગ્લોઝ, આઈ.જી. માર્ગ, નડીઆદ

## ધર્મભારતી

### ખેડૂત સહાય યોજના

**કોલકાત્તા :** કારિતાસ ઈન્ડિયા દ્વારા પશ્ચિમ બંગાળમાં એક નવી યોજના શરૂ કરવામાં આવી છે, આ યોજનાને ‘ઉન્નતિ’ એવું નામ આપવામાં આવ્યું છે. જેનો મુખ્ય હેતુ ખેતીમાં નાણાંકીય રોકાણનો વધારો કરવો, સિંચાઈની ઉપલબ્ધ કરાવવી, સારી ગુણવત્તાવાળા બીજ પૂરાં પાડવાં અને જમીનમાં પોષક તત્ત્વોનો ઉમેરો કરવો.

કારિતાસ ઈન્ડિયાના અધ્યક્ષ ફાધર ફ્રેડરિક ડી’સોઝાએ કોલકત્તામાં આ પ્રોજેક્ટ ખુલ્લો મૂક્યો. તેમણે જણાવ્યું હતું કે ‘ભારતના સર્વાંગી વિકાસ અને સમુદ્ધિનું રહસ્ય ભારતની અંતરિયાળ ખેતીમાં રહેલું છે.’ તેમણે ઉમેર્યું હતું કે, ‘નાના ખેતમજૂરોમાં જીવનનિર્વાહની સલામતી પૂરી પાડવી એ સરકારની પ્રથમ અગ્રિમતા હોવી જોઈએ.’ આ સંસ્થા અને પ્રોજેક્ટને જર્મનીના કારિતાસ સંસ્થાના સભ્યનો ટેકો મળેલ છે. જેમાં કૃષિ સંશોધનો વિકસાવવા ખાસ કરીને પર્વતીય વિસ્તારમાં ખેતીની માળખાકીય પુનઃસ્થાપનાની શોધ કરવી તથા ખેતીના ઉત્પાદનને યોગ્ય બજાર પુરું પાડવાની વાત છે.

આ યોજના અન્વયે ત્રણ વર્ષમાં ૧૦૫ ગામડાઓનો સમાવેશ કરવામાં આવશે. જેમાં ઓર્ગનિક ખેતી દ્વારા જીવનનિર્વાહ કરાવો તથા ખેતીના અધિકાર મેળવવાની જોગવાઈ છે. આ યોજના મુજબ ઓછી કિંમતે ખાતર તેમજ ખેતી પેદાશો ઉપર ૫૦% જેટલો વધારો આપવાની ખાતરી આપવામાં આવશે તેમ રાજ્ય કક્ષાના અધિકારીએ જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્યએ પોતાના મત વિસ્તારમાં આ યોજના સારી રીતે કાર્યરત કરવા વચન આપ્યું હતું. આવા પ્રકારની યોજના આ વર્ષે તેલંગાનામાં શરૂ કરવામાં આવશે તેમજ ૮ મે, ૨૦૧૫ના રોજ કર્ણાટકમાં પણ આવી યોજના શરૂ થનાર છે. – UCAN

### ફૂલમાંથી ખાતર-ઉર્જા

**મુંબઈ :** દર બુધવારે ‘નિત્યસહાયક માતા’ના ભક્તો માહિમ-મુંબઈમાં સેંટ માયકલ ચર્ચમાં ઉમટી પડે છે. દિવસ દરમિયાન વિવિધ ભાષામાં ખ્રિસ્તયજ્ઞ અને ભક્તિ થાય છે. આભારવશ અંતરે ભક્તો વિવિધ ભેટ અર્પણ કરે છે. અંદાજે ૩૦ થી ૬૦ કિલો જેટલા ફૂલહાર ગુરુવારની સવારે કચરાપેટીમાં નિકાલ કરવાને બદલે હાલના સભાપુરોહિત ફાધર સાયમન બોદીસ, સ્વયંસેવકોની સહાયથી કમ્પોઝ ખાતર માટે ઉપયોગમાં લે છે. પરિણામતઃ દર બે મહિને ૩૦ ખી ૪૦ કિ.ગ્રા. કમ્પોઝ ખાતર તૈયાર થાય છે. આ ખાતરના યોગ્ય ઉપાય માટે સભાપુરોહિતે એન્જિનીયરની સલાહ સાથે હોલની અગાસી પર, શાકભાજી ઉગાડવાની શરુઆત કરી. તદુપરાંત દેવળ અને શાળાની અગાસી પર આ જ ઉપાય કરી ફૂલછોડ ઉગાડવામાં આવે છે. વિશેષમાં નવે.૨૦૧૪થી બાયોગેસ પણ ઉત્પન્ન કરવામાં આવે છે, જેનાથી રસોઈમાં સવલત રહે છે, પ્રવાહી ખાતર કમ્પોઝ ખાતર કરતાં પણ વધારે તાકતવર નીવડ્યું છે.

એકલા મુંબઈમાં અંદાજે રોજના ૨૦૦ ટન ફૂલો પૂજાવિધિ કે અન્ય હેતુ ઉપયોગમાં લેવામાં આવે છે જે બીજા દિવસે કચરાપેટીમાં જાય છે. સભાપુરોહિતના ઉત્સાહથી અને સેવાભાવી સ્વયંસેવકોની નિસ્વાર્થ સેવાથી સેંટ માયકલ ચર્ચમાં ફૂલોના નિકાલનો આદર્શ ઉપયોગ સૌને માટે પ્રેરણરૂપ છે. હવે ફાધર સૌર ઉર્જા માટે આયોજન કરી રહ્યા છે.

– ડો. ઈમાનુએલ ડી’સોઝા,

### લગ્ન અને છૂટાછેડા

**વડોદરા :** ધ સેન્ટર ફોર કલ્ચર એન્ડ ડેવલોપમેન્ટ (CCD) સેવાસી દ્વારા ૧૦,૧૧ એપ્રિલ, ૨૦૧૫ના રોજ ‘સાંપ્રતકાળમાં વિશ્વવ્યાપક, લગ્ન અને છૂટાછેડા - વિભાવના અને પરંપરામાં પરિવર્તન’ (Marriage and Divovce in a globalized Era : Shitting concepts and Changing Practices) વિષય પર રાષ્ટ્રીય શિબિર યોજાયો, જેમાં જનસમુદાયમાં આર્થિક, સાંવેગિક ક્ષેત્રે જોવા મળતાં પરિવર્તન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ખ્યાતનામ સમાજશાસ્ત્રીઓ, કાયદાના નિષ્ણાત અને સામાજિક કાર્યકર્તાઓ શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા. ઈસુસંઘના પ્રાન્તાધ્યક્ષ પૂજ્ય ફાધર ફ્રાન્સિસ પરમાર, ઓબરી ડી’સોઝા, એરવિન લાઝરાદો, જોયલ પાયસ, હેરી પિન્ટો અને મંજુલા તુસ્કાનોએ હાજરી આપી હતી. ‘ભારતમાં પરિવાર, સગાંસંબંધીઓ અને લગ્ન’ વિષય પર આંતરરાષ્ટ્રીય સમાજશાસ્ત્રી પ્રો. એ.એમ.શાહે ઉદ્‌ઘાટન ભાષણ આપ્યું હતું અને આશીર્વાદાત્મક વ્યાખ્યાન દિલ્હી યુનિવર્સીટીના પ્રો. તુલસી પટેલે આપ્યું હતું. ‘ઈન્ડિયા ઈન લવ’ જાણીતા પુસ્તકનાં લેખિકા ઈરા ત્રિવેદી, આઈ.આઈ.ટી. દિલ્હીના રવીન્દ્ર કૌચ, વસ્તી શિક્ષણ મુંબઈના આર.બી.ભગત, લગ્ન કાનૂનના અભ્યાસી મૃણાલિની દેશમુખ વગેરેએ શિબિરમાં સંશોધન પત્ર રજૂ કર્યો હતાં. ટી.વી. ચેનલ અને અખબારોએ શિબિરને ચમકાવ્યો હતો. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ દ્વારા શિબિરને સહયોગ મળ્યો હતો. – GJS

**બીજી પુણ્યતિથિ**



**સ્વ. સ્પંદન**

જન્મઃ ૧૫-૧૦-૨૦૦૫ ★ અવસાનઃ ૨૮-૬-૨૦૧૩

પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

તારો દુઃખી પરિવાર
વિશાખા (બહેન), સેન્દ્રાબેન (મમ્મી), દિનેશભાઈ (પપ્પા)
વલ્લભવિદ્યાનગર (નાવલી)

**પ્રથમ પુણ્યતિથિ**



**સ્વ. રોબર્ટ એસ. મેકવાન**

જન્મઃ ૪-૭-૧૯૮૩ ★ અવસાનઃ ૨૯-૬-૨૦૧૪

પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ અર્પે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

લિ. આપનો દુઃખી મેકવાન પરિવાર
શાંતિલાલ મેકવાન, વેરોનિકાબેન
અંકલેશ્વર, જિ. ભરૂચ

## ધર્મગુર્જરી

### નવા પ્રમુખની વરણી

**ઉમરેઠ :** ગુજરાતમાં ૧૯૬૧થી સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ કાર્યરત છે. ધર્મવિભાગ સ્તરે કોન્ફરન્સ, જિલ્લા સ્તરે એરિયા કાઉન્સિલ અને ધર્મપ્રાંત કે રાજ્ય સ્તરે સેન્ટ્રલ કાઉન્સિલ, વળી સેન્ટ્રલ કાઉન્સિલની સંખ્યાના પ્રમાણે એકાદ બેત્રણ રાજ્ય મળી રીજિયોનલ બને છે. છેક ઉપર રાષ્ટ્રીય કક્ષાએ નેશનલ કાઉન્સિલ જે ઈન્ટરનેશન કાઉન્સિલ જનરલ (ફ્રાન્સ) સાથે જોડાયેલ હોય છે.

ગુજરાતમાં હાલમાં ૩૦ કોન્ફરન્સ (અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, અને ભરુચ જિલ્લામાં હયાત છે.) વળી અમદાવાદ, ખેડા, આણંદ એમ ત્રણ એરિયા કાઉન્સિલ અને એક સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ અમદાવાદ કાર્યરત છે. તમામ કોન્ફરન્સ અને કાઉન્સિલમાં સભ્યગણ સાથે ઉપપ્રમુખ, પ્રમુખ, ખજાનચી, મંત્રી અને આધ્યાત્મિક સલાહકાર (મહદઅંશે પુરોહિત કે સાધ્વીબહેન) હોય છે. ગુજરાતની કુલ કોન્ફરન્સમાંથી - મિશ્ર કોન્ફરન્સ (ભાઈ-બહેનો સાથે), બે મહિલા અને એક યુવા કોન્ફરન્સ છે, જેમાં યથા સમયે પ્રમુખ વગેરેની વરણી ચૂંટણી થતી હોય છે.

શરૂઆતના તબક્કામાં નવી કોન્ફરન્સ/કાઉન્સિલ માટે આ પ્રક્રિયા સરળ હોય છે પણ હવે સોસાયટીનાં મૂળિયાં મજબૂત બન્યાં છે ત્યારે વિન્શેન્શિયન પરિવાર તેના બંધારણને અનુસરે છે, પ્રમુખ પોતાનો કાર્યકાળ (ત્રણ વર્ષ) પૂર્ણ થતાં સામાન્ય અનિવાર્ય સંજોગોમાં સ્થળાંતર વગેરે કારણે, ઉપપ્રમુખને રાજીનામુ આપે છે, જેઓ સભ્યગણ અને આધ્યાત્મિક સલાહકાર સાથે ચર્ચા વિચારણા કરી ચૂંટણીની તારીખ નક્કી કરી, સભ્યગણ તથા ઉપરી ઉચ્ચ કાઉન્સિલને ઓછામાં ઓછાં બે અઠવાડિયાં પહેલાં જાણ કરે છે, નિશ્ચિત દિવસે પ્રાર્થના, શાસ્ત્રપાઠ અને બંધારણના વાંચન દ્વારા ચૂંટણી પ્રક્રિયા શરૂ થાય છે. ઉપપ્રમુખ (ચૂંટણી અધિકારી) સભ્યગણને હસ્તાક્ષર કરેલા મતપત્ર આપે છે, અને પ્રમુખપદ માટે સુયોગ્ય ધારતા હોય એવા ઉમેદવારનું નામ લખવા અનુરોધ કરે છે, મતપેટીમાંના ખતપત્રકોની ઉપપ્રમુખ/ આધ્યાત્મિક સલાહકાર ગણતરી કરે છે. $^2/_3$સભ્યસંખ્યા અને કોઈ એક વ્યક્તિને ૫૦%થી વધારે મત ન મળ્યા હોય તેવી સ્થિતિમાં, ચૂંટણી પ્રક્રિયાનું પુનરાવર્તન કરવામાં આવે છે.

તાજેતરમાં ભારતના દલિતોના મસીહા ડો. ભીમરાવ આંબેડકરની જન્મજયંતીના રજાના દિવસે ડિવાઈન મર્સી યુથ કોન્ફરન્સના પ્રમુખની ચૂંટણી કરવામાં આવી, જેમાં સભ્યગણ ઉપરાંત સેન્ટ્રલ કાઉન્સિલના પ્રમુખ દાનિયેલ ક્રિસ્ટી અને એશિયા કાઉન્સિલ ખેડા-આણંદના આધ્યાત્મિક સલાહકાર ફાધર કે. ટોની ઉપસ્થિત રહ્યા હતા. આરાધના બાદ ગંભીર અને પવિત્ર વાતાવરણમાં નવા પ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી જેમાં પ્રથમ પ્રવતી નિષ્ફળ ગયો અને બીજા પ્રયાસમાં શ્રી. નિમેષ અશ્વિનભાઈ રાઠોડ (વિદ્યાર્થી - અભ્યાસ એન્જિનિયરિંગ) કોન્ફરન્સના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા. આજ દિવસે ખ્રિસ્તયજ્ઞ દરમિયાન, સેન્ટ્રલ કાઉન્સિલના પ્રમુખે તેમની શપથવિધિ કરાવી હતી. અભિનંદન.

— ઈગ્નાસભાઈ વાઘેલા

### રજતજંયતી મહોત્સવ

**નડીઆદ :** મિશનરોડ ધર્મવિભાગના ક્રાઈસ્ટ ધ કિંક ચર્ચ તેની સ્થાપનાનાં ૨૫ વર્ષ પૂરાં થતાં રજતજયંતી મહોત્સવની ઉજવણી ૨૫ એપ્રિલ ૨૦૧૫ના રોજ આર.સી.મિશન પ્રા.શાળા ડભાણ ખાતે કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પૂજ્ય ફાધર આમ્બ્રોસ ડાભીના વરદ્‌હસ્તે ખ્રિસ્તયજ્ઞથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત ફાધરો, સિસ્ટરો તથા મહેમાનોએ દીપ પ્રગટાવ્યો હતો. આ પ્રસંગે ચર્ચમાં સભાપુરોહિત અને સહસભા પુરોહિત તરીકે ફરજ બજાવી ગયેલ ફાધરોને ફૂલહાર અને સ્ટોલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તદુપરાંત કાર્યક્રમને દિપાવવા પધારેલ આમંત્રિત મહેમાનોનું ફૂલહારથી તેમજ મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ રજતજયંતી મહોત્સવમાં ચર્ચની ૨૫ વર્ષની ઝરમર ભરી ગાથા રજૂ કરતા સ્મૃતિ અંકનું વિમોચન ફાધર લુકાસ તથા કોર કમિટિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શૈલેષ બી. ક્રિસ્ટીએ ચર્ચના વિકાસની ગાથાઓ પોતાની આગવી શૈલીમાં રજૂ કરી હતી. તાબામાં સન્યસ્ત જીવનના થયેલ તેડાઓને તેમજ ચર્ચ સાથે શરૂઆતથી જ સંકળાયેલ ધર્મજનોને યાદ કરી સ્મૃતિભેટ આપી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. રજતજયંતીના ભાગરૂપે પૂજ્ય ફાધર આમ્રોસ ડાભીએ તાબાનો ભૂતકાળ યાદ કરી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોર કમિટિના સભ્યોએ આયોજન બધ્ધ કર્યું હતું. સર્વશ્રી નરેન્દ્રભાઈ પરમાર, અનિલ ક્રિસ્ટી, સંદિપ મેકવાન, સંજય પરમાર, પ્રકાશ પરમાર, શૈલેષ ક્રિસ્ટીનો સમાવેશ થાય છે.

— પ્રકાશ પી. પરમાર.

### કામદારપર્વની ઉજવણી

**દાહોદ :** ત્રિદિવસીય સંધ્યાભક્તિ દ્વારા, કામદાર સંત યોસફનું પર્વ, પહેલી મેના રોજ વડોદરા ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી ગોડફ્રી ડી'રોઝારિયા સાન્નિધ્યમાં પરમયજ્ઞ, સન્યસ્ત કાર્યક્રમ તેમજ સમૂહ ભોજન દ્વારા કરવામાં આવી. પરમયજ્ઞ દરમિયાન ધર્માધ્યક્ષશ્રીએ ૧૦ યુવાનોને બળસંસ્કાર તેમજ પાંચ બાળકોને પ્રથમ ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર અંગીકાર કરાવ્યો. તેઓશ્રીએ ખ્રિસ્તનાં જીવનમૂલ્યો શ્રદ્ધા, આશા અને પ્રીતિનું સ્મરણ કરાવી સંત યોસફની એક આદર્શ કામદાર તરીકે ઓળખ કરાવી હતી, પેરિશ કાઉન્સિલ અને ગુજરાતી કેથોલિક સમાજ દાહોદ તરફથી બાળકો તેમજ બાળકોને ધર્મશિક્ષણ આપનાર સૌનું તેમજ ધર્માધિકારીઓનું સન્માન કર્યું હતું. વળી ધર્મશિક્ષણમાં ઉત્તમ દેખાવ કરનાર ૩૫ બાળકોનું પણ વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. સભાપુરોહિતે સૌનો આભાર માન્યો હતો.

— સેમ્યુઅલ જોન પરમાર

## ઈંગ્લિસ સ્પોકન કેમ્પ

**કરમસદ/લીમડાપુરા :** ઈન્ડિયન કેથોલિક યુથ મૂવમેન્ટ (ICYM) દ્વારા ધોરણ-૯માં અને તેથી ઉપરના ધોરણ/કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈબહેનો માટે ૧૯ એપ્રિલથી ૧૩ મે સુધી, કેથોલિક ચર્ચ લીમડાપુરામાં તેમજ ૨૧મી એપ્રિલથી ૧૫મે સુધી કેથોલિક કરમસદ ખાતે ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઈંગ્લિસ સ્પોકન કેમ્પ યોજાયો. લીમડાપુરામાં ૮૧ અને કરમસદમાં ૧૪૧ વિદ્યાર્થીઓ કેમ્પમાં જોડાયા હતા, જેનું સફળ સંચાલન અમદાવાદ ધર્મપ્રાંતના યુથ ડાયરેક્ટર ફાધર સંદીપ મધુકરના માગદર્શનમાં પાંચ બ્રધર, ચાર સિસ્ટર, ત્રણ ફાધર અને ૧૪ યુવાન-યુવતીઓએ કર્યું હતું. આ વખતે આ કેમ્પમાં અમદાવાદ ધર્મપ્રાંત ઉપરાંત વડોદરા, રાજકોટ ધર્મપ્રાંત તેમજ ગાંધીનગર મહાધર્મપ્રાંતમાંથી વિદ્યાર્થી ભાઈબહેનો જોડાયાં હતાં. વિદ્યાર્થીઓને અંગ્રેજી જ્ઞાન-વાંચતાં, લખતાં અને બોલતાં-આપવા ઉપરાંત વ્યક્તિત્વ ઘડતરની દિશામાં જીવનમૂલ્યો, શ્રદ્ધા ઘડતરમાં પ્રાર્થના, ખ્રિસ્તયજ્ઞ અને મહેનતથી ઉંચા જીવન ધ્યેયને સાકાર કરવાની તાલીમ આપવામાં આવી. દર રવિવારે શિબિરાર્થીઓ વાલીઓ સમક્ષ સાપ્તાહિક પ્રગતિનો કાર્યક્રમ (પ્રોગેસ પ્રોગ્રામ) રજૂ કરતા. અંગ્રેજીમાં જુદા જુદા વિષય પરની અભિવ્યક્તિ તેમજ નાટ્ય અને અભિનયના પ્રયોગ સફળ રહ્યા હતા. વિશેષમાં અઠવાડિયા દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ-સ્પર્ધામાં સર્વોત્તમ દેખાય કરનારને જાહેર કાર્યક્રમમાં પ્રોત્સાહન આપવામાં આવતું હતું.

શિબિર દરમિયાન સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, સેન્ટ્રલ કાઉન્સિલના સભ્યગણે બન્ને સ્થળની મુલાકાત લઈ સોસાયટીનો પરિચય આપી, સ્વાનુભવ રજૂ કર્યા હતા અંતે ભવિષ્ય એક વિન્શેન્શિયન તરીકે આગળ આવવા અનુરોધ કર્યો હતો. અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી થોમાસ મેકવાને પણ બન્ને સ્થળની રુબરુ મુલાકાત કરી હતી. ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો તથા શિબિરાર્થીઓ અને સંચાલકશ્રીઓને પ્રોત્સાહન આપ્યું હતું. શિબિરમાં કેટલાક ધર્મવિભાગમાંથી એકપણ વિદ્યાર્થીની હાજરી ન હતી! ઉનાળાની અસહ્ય ગરમીમાં, તરુવર જેવા પરોપકારી સંચાલકો અને કાર્યકર્તાઓ, બપોર/રાતની ઉંઘ હરામ કરીને બાળકો/યુવાનોના ઉત્થાન માટે ભગીરથ કાર્ય કરતા હોય ત્યારે આ કેમ્પમાં બાળકને મોકલવાની આંગળી ચીંધવાનું પણ કોઈક ભૂલી જાય તો? અરે વેકેશનમાં આમતેમ હરીફરી. સમય વેડફવાને બદલે અનુભવી શિક્ષકો/વડીલો સામે ચાલીને સહકાર આપે તો? આવતા વર્ષ ઉનાળુ શિબિરમાં મહત્તમ વિદ્યાર્થીઓ ફાયદો મેળવે અને વિશાળત્તમ લોકો સહકાર આપે એજ અભ્યર્થના. સભાયાજ્ઞિક, ફાધર અંતોન અપ્પા (કરમસદ), ફાધર કે. ટોની (લીમડાપુરા) અને વણથાક્યા ફાધર લુઈસ (નિવૃત્ત આચાર્ય સચ્ચિદાનંદ હાઈસ્કૂલ ઠાસરા)નો આભાર.

જેમણે વિશ્વાસ મૂક્યો તે વાલીઓનો આભાર અને જેમણે વેકેશનનો સદુપયોગ કર્યો તે વિદ્યાર્થીઓને ધન્યવાદ.

— દાનિયેલ ચૌહાણ (લીમડાપુરા)

## ઉનાળાની ગરમી - શિબિરમાં શીતળતા

**અમદાવાદ :** આજની આ આધુનિક દોડમાં બાળકોના બાળપણની મોજ ક્યાંય ખોવાઈ ગઈ છે ત્યારે ગરમીના દિવસોમાં દર વર્ષની જેમ સામાજિક અને આર્થિક રીતે વંચિત સ્લમના બાળકો માટે કૈરા સોશ્યલ સર્વિસ સોસાયટી દ્વારા વિવિધ સમય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેની પાછળનું મુખ્ય કારણ સમર કેમ્પમાં બાળકો એકબીજાની સાથે રહીને નવું નવું શીખે, નાચેગાયે, ખાયપીએ, સ્વ-શિક્ષણ મેળવે, મનન-ચિંતન કરે, સમૂહચર્ચા દ્વારા મૂલ્યોની સમજ શીખે, નેતૃત્વ શક્તિ ખીલવે, સમૂહજીવન કેળવે, આનંદ કરે તેમજ પોતાના દિલની વાત એક બીજાને કરીને નવા મિત્રો બનાવે.

બાળ અધિકારના હેતુઓને સર કરવા માટે આ ૨૦૧૫ના વર્ષે તા. ૨૧ એપ્રિલ, ૨૦૧૫થી ૩૦ એપ્રિલ સુધી દસ દિવસનો IAS/IPSમાં જોડાવા માંગતા ૧૬ બાળકોનો તથા બે-બે દિવસનો અમદાવાદમાં વસતાં ૧૦ PLHIV બાળકો માટે, આર્થિક સંકડામણને કારણે બાળમજૂરી કરતાં અને શિક્ષણથી વંચિત રહેતાં સાબરમતીના તમિલભાષી ૪૦ બાળકો માટે તથા કોમી રમખાણોનો ભોગ બનેલાં તોફાનગ્રસ્ત વિસ્તાર ગોમતીપુરના ૬૦ બાળ શાંતિદૂતો માટે મે મહિના દરમ્યાન અલગ અલગ ચાર સમરકેમ્પ રાખવામાં આવ્યા હતા. આ બાળકોએ ગાયન, રમત, યોગ, નૃત્ય તથા સ્વચ્છતા અભિયાનની સાથે સાબરમતી રીવરફ્રન્ટ, સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ, લોટસ ભવન, ગાંધી આશ્રમ, સરણીયાવાસ, અક્ષરધામ વગેરે સ્થળના પ્રેરણા પ્રવાસની મઝા પણ માણી હતી.

આ શિબિરમાં બાળકોએ પોતાની ક્ષમતા અનુસાર દરેકે વિવિધ કલા પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો અને પોતાની કલા આગળ આવીને મંચ પર બતાવી હતી. અહીં બાળકોએ ગ્રૂપવર્કમાં ચિત્ર દોર્યા હતાં, વેસ્ટમાંથી બેસ્ટ બનાવીને સમાજની વાસ્તવિકતાઓને જાગ્રત કરીને તેના પર ચર્ચા કરી હતી. સંદેશાત્મક નાટકો દ્વારા સંદેશો, મીના, ધર્મ સંકટ જેની શૈક્ષણિક અને સામાજિક ફિલ્મ જોઈને કલાના માધ્યમથી જ્ઞાન પ્રાપ્ત કર્યું. વિવિધ સ્પર્ધાઓ, ક્વિઝ કોમ્પીટીશન અને સ્પોકન ઈંગ્લીસ જેવી બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં પણ ભાગ લીધેલો. આ બધું જ્ઞાન અને માર્ગદર્શન વિવિધ નિષ્ણાતો દ્વારા પુરું પાડવામાં આવ્યું હતું. આ તમામ પ્રક્રિયાને એવી રીતે ઘડવામાં આવી હતી કે ગમ્મતની સાથે સાથે વાસ્તવિક જીવનની પરિસ્થિતિમાં રસ પેદા થાય.

આ ચાર સમર કેમ્પમાં ખાસ બાળકો, કેમ્પના અંત સુધીમાં પોતાની પ્રાથમિકતાઓ નક્કી કરતાં, માહિતી પ્રાપ્ત કરતાં અને સંસાધનોની ગોઠવણ કરતાં શિખ્યા હતા. આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં અનેક પ્રકારની દરેક આવડતો દેખાઈ આવતી હતી. આ બધા કેમ્પમાં વિવિધ ધર્મો અને જાતિના ૧૨૬ જેટલાં છોકરા-છોકરીઓએ હોંશભેર ભાગ લીધો હતો અને અંતમાં ભેટસોગાદો લઈને છૂટાં પડ્યાં હતાં.

— ખંભાલિયા શૈલેષ જે.

## બાળકોને હાકલ પરિચય

**અમદાવાદ :** ધર્મસભા આ વર્ષને 'સંન્યસ્તજીવન વર્ષ' તરીકે ઉજવે છે ત્યારે સેંટ ઝેવિયર્સ લોયલા હોલમાં બાળકો માટેની ઉનાળુ શિબિરમાં સંચાલકોએ બાળકોને હાકલજીવન-સન્યસ્તજીવનનો પરિચય વિવિધ રીતે કરાવ્યો હતો, જેમાં અમદાવાદ શહેરની શાળાઓ અને ધર્મવિભાગનાં ૧૩૪ જેટલા કેથોલિક વિદ્યાર્થી ભાઈબહેનોએ સક્રિયપણે ભાગ લીધો હતો. ૨૨ એપ્રિલથી ૨૪ એપ્રિલ, ૨૦૧૫ સુધીના ત્રિદિવસીય શિબિરમાં સલેશિયન ફાધર મંચક અને બ્રધર વિક્રમ, ઈસુસંઘી ફાધર અલ્પેશ, વેલેરિયન, દુરાઈ તેમજ ફાધર રોમેઓ (MSFS) વગેરેએ સફળ સંચાલન કર્યું હતું. સાંપ્રત વિશ્વમાં ઈસુના સાક્ષીરૂપ બનવા, આપવા-વહેંચવાનું મહત્ત્વ, સંન્યસ્તજીવનના પડકાર અને શ્રદ્ધા જેવી બાબતોથી બાળકોને માહિતગાર કરી, પ્રેરણા પૂરી પાડી હતી.

માનનીય ધર્માધ્યક્ષ થોમસ મેકવાન સમાપન ખ્રિસ્તયજ્ઞમાં ઉપસ્થિત રહ્યા હતા, 'સમર્પિત જીવનના પાયાના ગુણ પરસ્પર પ્રેમ અને માબાપની આજ્ઞામાં રહેવું ને ગંભીરપણે અનુસરવા તેમણે બાળકોને સંદેશ આપ્યો હતો. બાઈબલ ક્વિઝ, વાર્તાઓ, રમતગમત જેવી પ્રવૃત્તિઓ મારફતે 'ધ જીસસ યુથ'ના સભ્યગણે બાળકોને ચેતન સીંચ્યું હતું. વિશેષમાં બાઈબલ આધારિત નાટિકાઓની અભિવ્યક્તિ અને અભિનય ગીતોએ બાળકોને ઘેલું લગાડ્યું હતું. શિબિરની સફળતાનો શ્રેય ફાધર દુરાઈ, કેથોલિક વાલીગણ સમિતિ, અને લોયલાના પુરોહિતગણ અને સિ. ઈનોન પિન્ટો ઓ.પી.ને ફાળે જાય છે.

— સૌજન્ય : GJS

## સમર કેમ્પ

**કલોલ (ઉ.ગુજરાત) :** સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ખાતે તા. ૨૧-૦૪-૨૦૧૫થી તા. ૧૧-૦૫-૨૦૧૫ દરમિયાન ધોરણ ૩થી ધોરણ ૮ના વિદ્યાર્થીઓ માટે કરાટે અને સ્પોકન ઈંગ્લિશ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. કરાટેમાં ૨૦ વિદ્યાર્થીઓએ અને સ્પોકન ઈંગ્લીસ કેમ્પમાં કુલ ૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ કેમ્પનો ઉદ્દેશ બાળકો સારી રીતે અંગ્રેજી વાંચી શકે, લખી શકે અને બોલી શકે અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે હતો. અન્ય ગુરુજનો ફાધર જોસેફ થોમાસે ૮૦ વર્ષની ઉંમરે પણ આખા કેમ્પમાં બાળકોની સાથે રહીને ગમ્મત સાથે અંગ્રેજીનું જ્ઞાન પીરસ્યું. કેમ્પની પૂર્ણાહૂતિ વેળાએ બધા બાળકોને ફાધર જેમ્સ (સ્કૂલના આચાર્યશ્રી)ના હસ્તે સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યાં. બાળકોના વાલીઓએ આ દિવસે હાજરી આપીને બાળકોને પ્રોત્સાહીત કર્યાં.

— બ્રધર પ્રતીક એસ.જે.

## હાર્દિક અભિનંદન

**વિદ્યાનગર :** ચારુત્તર વિદ્યામંડળ સંચાલિત આઈ.વી.પટેલ ઈંગ્લિશ સ્કૂલને વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષ માટે જિલ્લા કક્ષાની શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ મળ્યો છે, જેમાં ખ્રિસ્તી મૂલ્યોને ઉજાગર કરતા ડો. મહેશકુમાર સ્ટેન્લી છેલ્લા ત્રણ વર્ષથી આચાર્ય તરીકે કાર્યરત છે. એક ખ્રિસ્તી આચાર્ય હોવાને કારણે જ તેઓ સંચાલક મંડળ અને કર્મચારીગણ તથા વાલીગણને ઉમદા સહકાર મેળવી રહ્યા છે, તેવું તેઓ દઢપણે માને છે, અભિનંદન ડો. મહેશકુમાર સ્ટેન્લીને. — શૈલેષ મેકવાન (ચાવડાપુરા)


ST ANN'S GROUP OF INSTITUTIONS
MULKI, MANGALORE - 574 154

સેંટ આન્સ પેરા મેડીકલ કોલેજ
મુલ્કી, મેંગલોર – ૫૭૪૧૫૪
Visit us at www.saintanns.in E-mail : saintanns2003@gmail.com

PRESENTS THE FOLLOWING PROFESSIONAL COURSES IN

1. DIPLOMA in Medical Laboratory Technology - DMLT
2. DIPLOMA in X-Ray Technology - DXRT with CT SCAN and MRI

SALIENT FEATURES

ERIC. C LOBO
Chairman
Mob. : 98451 05181

Rev. Sr. LUCY RODRIGUES
Principal
Mob. : 94483 89287

For further details contact office on all working days between 9.00 a.m. and 5.00 p.m.

GUJARAT REP.
CHARLS MORAS

Managed by :
LOBO TEACHERS FOUNDATION

## આત્મિક તરવરાટ

**પીઠાદરા (ઉનાઈ) :** "ભાઈસાહેબ, શું કરું તો મને મુક્તિ મળે?" તેમણે કહ્યું, ભગવાન ઈસુ ઉપર શ્રદ્ધા રાખ એટલે તારો ઉદ્ધાર થશે, તારો અને તારા કુટુંબનો. આ હેતુ પર 'ઈસુ તારણહાર મંદિર' પીઠાદરા ગામના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તા. ૧૫-૦૪-૨૦૧૫થી ૨૩-૦૪-૨૦૧૫ સુધી નૌધા ભક્તિ રાખવામાં આવી હતી. જેનું સંચાલન ધર્મસવેકોએ કર્યું હતું. રસિકભાઈ, રતનભાઈ, ઉમેદભાઈ, રતિલાલભાઈ, જીસસ યુથના યુવકો, ધીરૂભાઈ, કલ્યાણભાઈ, સી.એફ.સી.ગ્રૂપ આહવા દ્વારા રોજે રોજેની ગુલાબમાળા, બાઈબલ સંદેશ અને આરાધના ચલાવવામાં આવી હતી.

તા. ૨૪-૦૪-૨૦૧૫થી તા. ૨૫-૦૪-૨૦૧૫ સુધી જુદા જુદા વિષયો પર વિશેષ બાઈબલ સંદેશનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૨૪-૦૪-૨૦૧૫ના રોજ 'કૌટુંબિક આધ્યાત્મિક' વિષય પર દમણથી આવેલા સી.એફ.સીના બ્રધર સી.બી.કુરિયન અને બ્રધર મોશેશે કુટુંબજીવનમાં પ્રભુ ઈસુને અગ્રસ્થાન, પતિ પત્ની વચ્ચેના સંબંધ, માબાપ અને બાળકો વચ્ચેના સંબંધ, કુટુંબમાં દૈનિક પ્રાર્થના અને બાઈબલ વાચન, વગેરે વિષય પર પોતાની સાક્ષીઓ દ્વારા અસરકારક અને હૃદયસ્પર્શી શિક્ષણ આપ્યું હતું.

તા. ૨૫-૦૪-૧૫ના રોજ 'લગ્નજીવન' અને 'આદર્શ કુટુંબજીવન' વિષય પર બરડીપાડા તાબાના ફાધર અશોક મેકવાને લગ્ન સંસ્કારનું મહત્ત્વ, લગ્નજીવનની પવિત્રતા, આદર્શ દંપતી, બાળકોની માતા પિતા પ્રત્યેની જવાબદારી વગેરે બાબતોને પોતાના સ્વાનુભૂત અનુભવો અને બાઈબલ આધારિત આદર્શ દંપતીઓના ઉદાહરણો દ્વારા રમૂજી અદાથી રજૂ કરી ભક્તોને ઈશ્વરીય કૌટુંબિક જીવન જીવવા આત્મિક ખોરાક પૂરો પાડ્યો હતો.

તા. ૨૬-૦૪-૨૦૧૫ના રોજ 'ઈસુ તારણહાર મંદિર' પીઠાદરા ગામના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સાંજના ૫.૦૦ કલાકે સરઘસના રૂપમાં ગુલાબમાળા ભક્તિ કરવામાં આવી હતી. જે ભક્તિ વિશિષ્ટ સાંસ્કૃતિકભાવથી કરવામાં આવી હતી. ગુલાબમાળાની ભક્તિ બાદ તરત જ પ્રેમભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન ગામના યુવકોએ કર્યુ હતું. પ્રીતિભોજન બાદ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. જે ઉનાઈ અને બરડીપાડાના ફાધરોએ અર્પણ કર્યો હતો. ખ્રિસ્તયજ્ઞમાં ગામના લોકોએ કરેલ સાંસ્કૃતિક અર્પણવિધિ અને આરતી ધ્યાનાકર્ષક બની રહી હતી.

ત્યારબાદ જોનભાઈએ 'પરમેશ્વર પિતાની માનવજીવનની યોજના' વિષય પર પોતાના જીવનની સાક્ષી વણી લઈ બાઈબલ સંદેશ આપી ભક્તોને 'પરમેશ્વર પિતાની માનવજીવન માટેની યોજના'ને સમજી, જીવન જીવવા આહ્વાન કર્યું હતું. ત્યારબાદ આહવા સી.એફ.સી. ગ્રૂપ દ્વારા આરાધના ભક્તિ કરાવવામાં આવી હતી. જે દરેક ભક્ત માટે આરાધ્ય બની રહી હતી, અને લોકો તૃપ્ત બન્યા હતા.

અંતે નરેશભાઈના કુટુંબ વતી સન્માન વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફાધર, સિસ્ટર, ધર્મસેવકો તેમજ ગામના સર્વે વડીલોનું શોલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું, સાથે સાથે સમગ્ર તહેવારની ઉજવણીનું નેતૃત્વ કરનાર જુલિયસભાઈનું શોલ અને ફૂલહાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લે મનસુખભાઈએ તહેવારને સફળ બનાવવા તનતોડ મહેનત કરનારા સર્વે યુવક, યુવતીઓ, વડીલોનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

તહેવારની ઉજવણીને પ્રતાપે વિશેષ લોકોની શ્રદ્ધા કાર્યમાં પરિણમતી જોવા મળી, ફાધરનું માર્ગદર્શન લઈ સમગ્ર આયોજન ગામના લોકોએ કર્યું. ગામના લોકોએ જ નાણાંકીય ભંડોળ ભેગું કરી દાનાર્પણનું મહત્ત્વ રજૂ કર્યું. સ્વભંડોળથી તહેવારની ઉજવણી કરી. સર્વનું કાર્ય તે પોતાનું કાર્ય સમજી સર્વ જવાબદારી નિભાવી લીધી. યુવક યુવતીઓએ સક્રિય ભાગ લઈ મહત્તમ ફાળો આપ્યો. 'સંપ ત્યાં જંપ' એકતાનો અનોખો નમૂનો પૂરો પાડ્યો.

— ગામીત જોન એસ. (દીપ દર્શન હાઈસ્કૂલ, આહવા)

## સ્તુતિ - આરાધના

**શામગહાન :** તા. ૧૦-૦૫-૨૦૧૫ના રોજ શામગહાન પેરીશના મહારાઈચોંડ ગામમાં સ્તુતિ-આરાધનાનું આયોજન કરવામાં આવેલ. મહારાઈચોંડ અને બોરીગાંવઠા ગામના ધર્મજનોએ ખાસ કરીને બન્ને ગામના યુવાનોએ એની આગેવાની લીધી હતી. સાંજના ૫ વાગે, ડેડિયાપાડાના ફાધર દલસુખ વસાવાએ, એમના બોધમાં શ્રદ્ધા વિશે ઊંડી સમજૂતી આપી હતી. દરેક ખ્રિસ્તી વ્યક્તિ કેવી રીતે શ્રદ્ધામય જીવન જીવી શકે એ સમજાવ્યું હતું.

ગામની ધર્મમંડળીએ બધાને માટે ઉત્તમ ભોજન પીરસાવ્યું હતું. ૫૦૦ કરતાં વધારે લોકોએ એનો આસ્વાદ લીધો હતો. ભોજન પછી પ્રભુભોજન પીરસવામાં આવ્યું. ત્યારબાદ તરત જ સ્તુતિ-આરાધના શરુ થઈ. મુંબઈથી બ્રધર ઈમાનુએલ પધાર્યા હતા. એમણે પોતાની સાક્ષી દ્વારા બધાને મંત્રમુગ્ધ કરી દીધા. ઉનાઈથી જીજસ યુથ ટીમના સભ્યો પણ પધાર્યા હતા. એમણે પોતાના મધુર ગીતો અને સંગીત દ્વારા આખું વાતાવરણ ભક્તિમય બનાવી દીધું હતું. આરાધનાના અંતે બીમાર વ્યક્તિઓ સાજાપણાની પ્રાર્થના રાખવામાં આવેલ. એમાં લગભગ ૧૦૦ કરતાં વધારે વ્યક્તિઓએ ભાગ લીધો હતો અને પોતાની વિવિધ બીમારીઓમાંથી મુક્તિનો અનુભવ કર્યો હતો. અંતે મુખ્ય મહેમાનોનું ફૂલહાર તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સુનિલભાઈએ બધાનો આભાર માની આ સ્તુતિ આરાધના સમાપ્ત થઈ હતી. બધાં ભક્તજનો આનંદ અને શાંતિનો અનુભવ કરીને પોતપોતાનાં ઘરે વિદાય થયા હતાં.

— સુનિલ ગાયકવાડ

## વિન્શેન્શિયન મહિલા સંમેલન

સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ, સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ અમદાવાદ દ્વારા સોસાયટીમાં સક્રિય અને સોસાયટી પ્રત્યે સદ્ભાવના ધરાવતી મહિલાઓનું 'વિન્શેન્શિયન મહિલા સંમેલન' ૨૬ એપ્રિલ, ૨૦૧૫ રવિવારના રોજ 'કમ્યુનિટી હોલ - ગામડી, આણંદ ખાતે સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી યોજાયું, જેમાં અમદાવાદ ધર્મપ્રાંત (૨૭), વડોદરા ધર્મપ્રાંત (૦૨) અને ગાંધીનગર ધર્મપ્રાંત (૦૧)ની કુલ ત્રીસ જેટલી કોન્ફરન્સમાંથી ૯૦ જેટલી મહિલાઓએ હાજરી આપી હતી. રજિસ્ટ્રેશન અને ચાનાસ્તા બાદ સંમેલનનો વિધિવત આરંભ થયો. ઉદ્ઘાટન સમારોહનાં ચાવીરૂપ વ્યાખ્યાતા, સંત ફ્રાન્સિસ ઝેવિયરની નાની દીકરીઓની સાધ્વીસંઘનાં સુપીરિયર જનરલ સિસ્ટર મેરી ડાભી હતાં, 'આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે, તે મારે માટે જ કર્યું છે' (માથ્થી ૨૫:૪૦) ઈસુનાં વચનને માથે ચડાવી, જરૂરિયાતમંદની સેવામાં સમય આપનાર મહિલાઓને તેઓશ્રીએ વારંવાર અભિનંદન આપ્યાં હતાં. "એક વિન્શેન્શિયન સેવિકા તરીકે પ્રભુએ તમારી પર પસંદગી ઉતારી છે તે માટે નિરંતર આભાર માનજો અને ઈસુની જેમ જ્યાં પણ જરૂર ઊભી થાય ત્યાં સેવા માટે આગળ આવજો. વાણીવિલાસ કરતાં દયાકૃત્યોને વધારે પ્રાધાન્ય આપજો." એવો સંદેશ તેમણે બાઈબલનાં વચનો ટાંકીને આપ્યો હતો.

પ્રથમ બેઠકનું સંચાલન તિલાંજલિ આપી 'ઈશ્વરીય મનોવૃત્તિ' ધારણ કરવા, બાઈબલની ઘટનાઓને આધારે અનુરોધ કર્યા હતો. અશાંતિના મૂળમાં માનવીની 'દુન્યવી મનોવૃત્તિ'ને તેમણે જવાબદાર ઠેરવી હતી. મધર થેરેસાએ કેવી રીતે 'ઈશ્વરી મનોવૃત્તિ' ધારણ કરી, તરછોડાયેલાની વહારે જવાનું કામ ઉપાડ્યું તેનો ચિતાર તેમણે આપ્યો હતો.

ખ્રિસ્તયજ્ઞ અને ભોજન બાદ બીજી બેઠક ગુજરાત વિદ્યાદીપના પ્રાધ્યાપક ડો. ફાધર અરસકુમારે સંભાળી હતી. બાઈબલના જૂના અને નવા કરારની મહિલા વિરાંગનાઓ - રૂથ, યહુદિથ, એસ્તર, સુસાન્ના, મારિયા માગ્દાલેન વગેરેનાં પરક્રમ રજૂ કરી, તેમ બનવા અનુગ્રહ કર્યો હતો. પ્રશ્નોત્તરી, ચર્ચા વગેરેએ જમ્યા પછીની બેઠક જીવંત બનાવી હતી.

ત્રીજી બેઠકના આરંભે સેન્ટ મેરીસ વીમેન કોન્ફરન્સની મહિલાઓએ 'આપણો સિક્કો ખોટો' નાટિકા રજૂ કરી સૌને ગમ્મત સાથે સંદેશ આપ્યો હતો. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના ઉપયોગથી 'દૃષ્ટિ' સ્વૈચ્છિક સંસ્થા-કપડવંજના નિયામક સલેશિયન ફાધર મયંક પરમારે 'અફવા' ફેલાવવાથી થતું નુકસાન અને અફવાનો ભોગ બનનારની યાતના જણાવી, તેનાથી દૂર રહેવા તરકીબ શીખવી હતી.

સંમેલનનાં સમાપન કાર્યક્રમનાં પ્રણેતા શ્રીમતિ ઈલાબેન ઈમાનુએલભાઈ મેકવાન હતાં. આણંદ જિલ્લા પંચાયત હસ્તક ગામડી પ્રાથમિક શાળામાં એક સામાન્ય શિક્ષિકા તરીકે સેવા આપતાં ઈલાબેન, આગવી આંત્તરસૂઝને આચરણમાં મૂકવાને કારણે શિક્ષણજગતનું ગૌરવ અને સમાજનું સન્માન બની ગયાં છે. સેવા, શ્રમ અને દાન થકી તેમણે અન્ય મહિલાઓ કરતાં ઉંચું સ્થાન આપમેળે મેળવ્યું છે, તેની ઝલક તેમના અંતિમ આદેશમાં હતી. આ પ્રસંગે સેન્ટ્રલ કાઉન્સિલ અમદાવાદના પ્રમુખશ્રી દાનિયેલ ક્રિસ્ટીએ વિન્સેન્શિયન સેવા પ્રવૃત્તિની સામાન્ય વાત કરતાં સંમેલનની સફળતામાં મદદરૂપ બનનારનો આભાર માન્યો હતો. હાજર મહિલાઓના ઉત્સાહમાં વધારો કરવા સોસાયટીએ દાતાઓને પ્રતાપે નાનું પર્સ ભેટ આપ્યું હતું. સેન્ટ્રલ કાઉન્સિલના હોદ્દેદારે ખાસ કરીને મહિલા સંયોજક ફીલોમીનાબેન મેકવાન, સંત આલ્ફોન્સ વીમેન કોન્ફરન્સનાં પ્રમુખ ઉર્મિલાબેન તેમજ સંમેલનમાં ઉદ્ઘોષકની જવાબદારી વહન કરનાર રીના જોબને અભિનંદન.

— સુષ્મા ઝેલિયર

## યાત્રા પ્રવાસનો અનુભવ

પ્રભુપ્રિયર્થે રક્ત વહાતીને રક્તસાક્ષી થયેલા શહીદોની અને સંતોની ભૂમિ એટલે કેરાલા તથા તામિલનાડુ. ઈ.સ. ૫૬માં સંત થોમાસે ત્યાં શુભસંદેશ પ્રચારકાર્યની શરૂઆત કરી હતી, તે ભૂમિ એટલે માયલાપુરમ્ અહીં તેમની સમાધિ છે. લીટલ માઉન્ટ જ્યાં તેઓ પ્રાર્થના કરતા હતા, તે ગુફા અને તેમાંથી એક ઝરણું ફૂટી નીકળ્યું હતું. બીગ માઉન્ટ જ્યાં તેમને રૂઢિચૂસ્તોએ ભાલાથી વીંધી નાખ્યાં તેમના રક્તથી પાવન થયેલો પર્વત તેમની શ્રદ્ધાની સાક્ષી પૂરે છે.

વેલાંગની ચર્ચના ગગનચુંબી મિનારાઓ માતા મરિયમ વેલાંગનીની કૃપાઓ તથા ભક્તિનો મહિમા ગાય છે. દૂધ વેચતા ગોવાળ બાળકને દર્શન આપી મરિયમે પોતાના બાળક ઈસુ માટે દૂધ માગ્યું હતું. બીજા એક દહીં વેચતા અપંગ બાળક પાસે માતા મરિયમે દહીં માગ્યું ને તે સાજો થઈ ગયો. ત્રીજા એક પ્રસંગે દરિયાઈ માર્ગે ભારત આવવા પોર્ટુગીઝ વેપારીઓનું વહાણ દરિયાઈ તોફાનમાં સપડાયું હતું. માતાજીએ તેમને દર્શન દઈને તોફાનથી બચાવી લીધા. આ ત્રણે પ્રસંગોની યાદમાં અહીં વેલાંગની ધામ બન્યું છે.

સંત એન્થની ચર્ચની બાંધકામ શૈલી જાણે સ્વર્ગથી ઉતરી આવેલા દેવદૂતોનો સમુહ! સંતો જોન દે બ્રીતોના રક્તથી રંગાયેલી ઓરિયુરની ધરતીની માટી લાલ આજે પણ છે. વાડીપટ્ટી આરોગ્ય માતાનું ધામ છે. દેવળમાં પરમ પ્રસાદની આરાધના વખતે માતાજીની આગળ જમીનમાંથી ઝરણુ ફૂટ્યું હતું. કોટ્ટારમાં શહીદ થયેલા ભારતીય સંત દેવસહાયમ શ્રદ્ધાની સાક્ષી આપવા અત્યંત ઘાતકી અને ક્રૂર શહાદત પામેલા છે. તેમની સમાધિ સંત ફ્રાન્સિસ ઝાવિયેરની વેદી પાસે બનાવેલી છે. શહીદનાં પત્ની પણ શ્રદ્ધાને માટે શહાદત પામેલાં છે.

ભારતના સર્વપ્રથમ સંત આલ્ફોન્સાના નિવાસ્થાને દર્શન કર્યાં. ભારનાંગનમમાં સીસ્ટરની સમાધિનાં દર્શન કરી ભારતને પ્રથમ સંતપદ આપનાર પ્રભુનો આભાર માન્યો સંત કુરીયાકુસ ચાવરા ઈન્સ્ટિટ્યુટની મુલાકાત કરી. તાજેતરમાં સંતપદ પામેલાં સીસ્ટર યુફ્રેસિયાની કબરની મુલાકાત કરી વલ્લારપાડાની માતા મરિયમનું

ઐતિહાસિક ચર્ચ જોયું. પુર આવવાથી આખુ દેવળ નાશ પામ્યું પણ માતા મરિયમનું ચિત્ર સલામત હતું. આ ચિત્રથી ઘણા ચમત્કારો સર્જાયા છે. સંત થોમાસે જે હાથ ઈસુના ઘાયલ પડખામાં મૂક્યો હતો, તેજ હાથનાં તે અસ્થિ અહીં છે. તેનો સ્પર્શ કરી પૂણ્ય મેળવવા હજારો લોકો ત્યાં આવે છે. સંત થોમાસે પ્રથમ સ્નાનસંસ્કાર આપ્યો તે પાલ્લયુરની મુલાકાત કરી. દુશ્મનો પાછળ પડતાં સંતાઈ ગયા હતા તે ગુફા નજીક આવેલી છે. પલકનાં માતા મરિયમ દેવાલયનાં પણ દર્શન કર્યાં. ડિવાઈન રીટ્રીટ સેન્ટર, મુરીયાનૂર, ચાલકુડીમાં પાંચ દિવસ સાધના કરી. પ્રભુનો મહિમા તથા તેનાં ભવ્ય પરાક્રમોની યશગાથા અનુભવવામાં પાંચ દિવસ પૂરા થયા તેની ખબર પણ ના પડી. પ્રભુને ધન્યવાદ. — સિસ્ટર પ્રિસિલ્લા એલ.ડી.


### સંન્યસ્ત જીવનનો સુવર્ણમહોત્સવ

માતા ધર્મસભા આ વર્ષને 'સંન્યસ્તજન વર્ષ' તરીકે ઉજવી રહી છે ત્યારે આવા ૧૦-૦૫-૨૦૧૫ના દિને ગામડી. આણંદ ખાતે સિસ્ટર પ્રિસિલ્લા એલ.ડી.ના સંન્યસ્ત જીવનના સુવર્ણ મહોત્સવની ઉજવણી ઉલ્લાસભેર થઈ. સવારે ૧૦.૩૦ કલાકે પૂજનીય બિશપ ગોડફ્રી રોઝારિયોના વરદ્હસ્તે પરમપિતાના આભાર અર્થે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો. તેઓશ્રીએ સિસ્ટરનાં સેવાકાર્યની નોંધ લીધી હતી. ખ્રિસ્તયજ્ઞ બાદ કમ્યુનિટી હોલમાં બિશપના અધ્યક્ષસ્થાને સિસ્ટરના મનાર્થે નાનકડો કાર્યક્રમ યોજ્યો હતો. સિસ્ટરના પરિવારજનોએ સિસ્ટર સહિત સૌનું પુષ્પહારથી સન્માન કર્યું તથા મંડળનાં સિસ્ટરોને દાન આપ્યું. આમંત્રિત મહેમાનોએ પણ સિસ્ટરનું સન્માન કરી ભેટ અર્પણ કરી. આ પ્રસંગે મંડળનાં વડીલ સિસ્ટર સ્ટેલાએ સિસ્ટર પ્રિસિલ્લાના કવન જીવન ઝરમર વિશે વાત કરી, આણંદ અને વડોદરા ખાતે શિક્ષિકા તરીકેની તેમની ઉત્તમ કામગીરીને બિરદાવી. શાળાની ઈતર પ્રવૃત્તિઓમાં ખૂબ રસ લઈ પોતાને સોંપેલી જવાબદારી બેખૂબી નિભાવતાં.

સિસ્ટરના એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ પોતાની પ્રગતિનો યશ સિસ્ટરને આપ્યો. સુપિરિયર જનરલ સિસ્ટર મેરી ડાભીએ સિસ્ટર પ્રિસિલ્લાનો સસ્પેન્શનું બિરુદ આપ્યું. તેમને કોઈ જવાબદારી સોંપીએ અને તેની પ્રગતિ વિશે પૂછીએ ત્યારે જવાબ આપે 'થશે', 'થાય છે', સમય આવ્યે કામ પૂર્ણ થાય ત્યારે સૌ આશ્ચર્યચકિત થતાં પાળતાં, સિસ્ટર પ્રિસિલ્લાએ પરમપિતાના આભાર સાથે પોતાના જીવનમાં આવનાર પ્રત્યેકનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. અંતે સૌ સમુહ ભોજનનો આનંદ માણી વિદાય થયાં સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સિસ્ટર મિનાક્ષી (એલ.ડી)એ કર્યું. હાલ સિસ્ટર પ્રિસિલ્લા સમાજકેન્દ્ર આણંદ ખાતે સેવારત છે. — પીયુષ એમ. પરમાર

## ૯૯મા વર્ષમાં પ્રવેશ

'એટલે કોઈએ ઈસુને કહ્યું, જુઓ આપનાં મા અને ભાઈઓ બહાર ઊભાં છે અને આપની સાથે વાત કરવા ઈચ્છે છે.' તેમણે એ સંદેશો લાવનારને કહ્યું, 'મારી મા કોણ?' ને મારા ભાઈઓ કોણ? અને પોતાના શિષ્યો તરફ હાથ લંબાવીને કહ્યું જો આ રહ્યાં મારી મા અને મારા ભાઈ (માથ્થી ૧૨:૪૭-૪૯). દૂર દેશાવરથી આવી ગુર્જરધરાને પોતીકી બનાવી ધર્મજનોને સતત ઈસુમૂલ્યો ચીંધતા ઉપરનાં ઈસુ વચનોને જીવનમાં સાર્થક કરતાં ૯૮ વર્ષ પૂર્ણ કરી ૯૯માં વર્ષમાં પ્રવેશતા 'ભલા ભરવાડ' ગરીબોના બેલી 'દાદા' ફાધર પરીઝા એસ.જે.ના ૧૩ મે (આ દિવસે પવિત્ર મારિયાએ ફાતિમા (પોર્ટુગલ)માં ત્રણ બાળકોને પ્રથમ વખત દર્શન આપ્યાં હતાં)ના રોજ તેમના જન્મદિનની આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી થઈ.



સવારે ૧૦-૩૦ કલાકે સિનિયર સિટીઝન ફોરમે ફાધરના જન્મદિનની ઉજવણી કરી. શાસ્ત્રપઠન અને ફૂલહાર બાદ ફાધરના હસ્તે કેક કાપવામાં આવી. ફાધરને કેક ખવડાવી. શુભેચ્છા ગીત ગાવામાં આવ્યું. ફોરમ તરફથી ફાધરને ભેટ આપી અને ફાધરે દરેકને આશીર્વાદ આપ્યા. સાંજનો ૬.૦૦ વાગ્યાનો ખ્રિસ્તયજ્ઞ પરમપૂજ્ય ધર્માધ્યક્ષશ્રી થોમાસ મેકવાનના વરદ્હસ્તે અર્પણ કરવામાં આવ્યો. જેમાં આઠ ધર્મગુરુઓ અને વિશાળ સંખ્યામાં ધર્મજનો જોડાયા હતા.

પૂજનીય બિશપે ફાધર પરીઝાને ભલા ભરવાડ તરીકે સંબોધી તેમના જીવન કાર્યોની ઝાંખી કરાવી. 'ફાધર પરીઝાનું મુખ્ય કાર્ય છે કૌટુંબિક મુલાકાતો. પહેલાં તેઓ સાઈકલ લઈને ફરતા, હવે રીક્ષામાં જાય છે. સવારે રૂમમાંથી નીચે આવે ત્યારે એક ટોળુ તેમની રાહ જોતું હોય છે. ખિસ્સામાં જે કંઈ છે તે ટોળાને વહેંચી દઈ રીક્ષામાં બેસે છે. આ તેમનો નિત્યક્રમ. ધર્મજનો તેમને પ્રેમથી આવકારે છે. જ્યારે ધર્મગુરુ કુટુંબની મુલાકાતે આવે છે ત્યારે કુટુંબીજનોને 'ઈસુ' આવ્યાનો આનંદ થાય છે. દરેક ધર્મજનને સંસ્કારો મળે તે ફાધરને માટે અગત્યની બાબત છે અને તૂટતાં લગ્ન માટે તેઓ ખૂબ ચિંતિત છે.

ખ્રિસ્તયજ્ઞને અંતે બિશપ, ધર્મગુરુઓ તથા ધર્મજનોએ પુષ્પગુચ્છ અને પુષ્પહારથી ફાધરને શુભેચ્છા પાઠવી અને તેમના આશીર્વાદ મેળવ્યા. ચોકલેટ-કેકના સ્વાદમાં સૌની એક જ આરઝૂ છે : 'ફાધર દાદાનું ૧૩ મે ૨૦૧૭માં જન્મ શતાબ્દી માટે, પરમાત્મા વરદાન આપે.' — પીયુષ એમ. પરમાર

ગુજરાતનું ઈઝરાયેલ, મણિનગર(પૂર્વ) અમદાવાદમાં
ઘરના ઘરની સુંદર યોજના

# મેઘાશ્રય એપાર્ટમેન્ટ

**સાઈટ :** બાલભવન સામે, મણિનગર (પૂર્વ), અમદાવાદ

બે બેડરૂમ, રસોડું, ડ્રોઈંગ રૂમ, ડબલ ટોયલેટ, એક બાલ્કની
અને લિફ્ટની સુવિધા સાથે સંપૂર્ણ હવા ઉજાસવાળા
ભવ્ય લક્ઝુરિયસ ફ્લેટ



N.A. / N.O.C. ટાઈટલ ક્લીયર
લોનની સગવડ ધરાવતી યોજના.

(તમામ બેન્કમાંથી લોન મળશે.)

**અન્ય સુવિધાઓ**

૧. ચોવીસ કલાક પાણીની સગવડ
૨. લિફ્ટની સગવડ
૩. સુંદર બગીચાનું આયોજન
૪. પાર્કિંગની સગવડ
૫. બજાર, હોસ્પિટલ, રેલ્વે, ગાર્ડન, ઝૂ, AMTS/ST બસ સ્ટેન્ડથી તદ્દન નજીક.

:: સંપર્ક ::

**અમૃત મેકવાનઃ**

**૯૬૬૨૨ ૮૪૬૫૨**
**૯૮૨૪૨ ૬૫૦૭૫**

PAVAN HRUDAYA DOOT, June, 2015 No. of Pages 60 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2017
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

# અમારાં પૂજ્ય બા - થેસાને
# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ





**સ્વ. થેરેસિયાબેન પાઉલભાઈ લીયો**

જન્મ: ૦૧-૧૦-૧૯૩૪

અવસાન: ૧૪-૦૪-૨૦૧૫

ઘેઘૂર વડલો બની છવાયેલાં હતાં,
લીયો પરિવારને શીતલ છાંયમાં રાખતાં હતાં,
જીવન એવું જીવી ગયાં કે અમારા પથદર્શક બની ગયાં,
કર્મ એવાં કર્યાં કે સૌના દિલમાં વસી ગયાં,
દુ:ખને દેખાડ્યું નહીં, સુખને છલકાવ્યું નહીં,
ઈસુબાપમાં અડગ શ્રદ્ધા એ તમારી શોભા હતી,
ગુલાબમાળા તમારો નિત્યક્રમ હતો,
પરોપકાર તમારું કર્તવ્ય હતું,
સદાય હસતો રહેતો તમારો ચહેરો
સંતોષની નિશાની હતી,
સંસ્કારો અને ઉદારતાના પ્રતીક સમાં,
અમારાં પૂજ્ય બા-થેસાને
અંત:કરણની ભાવાંજલિ અર્પીએ છીએ.

**લિ.**
**આપનાં સ્વજનો**
**લીયો પરિવાર**
આણંદ - બાલાશિનોર - યુ.એસ.એ.

**વિશેષ નોંધ:** *અમારાં પૂજનીય બાના જીવનના અંતિમ સમયે, ટૂંકી માંદગી વખતે, દફનવિધિ-પ્રાર્થનાસભા વખતે અને ત્યારબાદ પણ અવિરતપણે અમારાં સગાંસ્નેહીઓ, પાડોશી મિત્રો, પરિચિતો, સમસ્ત સંન્યસ્ત વર્ગ, નાની દીકરીઓનાં સિસ્ટરો, સવિશેષ સિસ્ટર ક્લેરા, એલ.ડી. અને પૂજ્ય ફાધર પરીઝા એસ.જે. આપ સર્વએ રૂબરૂ મુલાકાત અને પ્રાર્થના થકી અમોને જે હૂંફ-સાંત્વના આપેલ છે તે બદલ આપ સર્વનો અમે અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ.*

Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan